દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 123 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 May 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
સોમવાર, ૨૬ મે ૨૦૨૫, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ભારત ચોથા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બન્યું

## આગામી બે વર્ષમાં ત્રીજા ક્રમનું સ્થાન લે તેવી શક્યતા

નવી દિલ્હીઃ નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફૉર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા (‘નીતિ’ આયોગ’) ચીફ એક્ઝિક્યૂટિવ ઑફિસર (સીઇઓ) બી.વી.આર. સુબ્રહ્મણિયમે દાવો કર્યો હતો કે ભારતનું અર્થતંત્ર જાપાનથી આગળ નીકળી ગયું છે અને ભારત સૌથી મોટું અર્થતંત્ર ધરાવતું ચોથા ક્રમનું રાષ્ટ્ર બની ગયું છે. ભારત આગામી અઢીથી ત્રણ વર્ષમાં જર્મનીથી પણ આગળ નીકળી જશે અને વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતું ત્રીજા ક્રમનું રાષ્ટ્ર બની જશે.

તેમણે નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફૉર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયાની ગવર્નિંગ કાઉન્સિલની દસમી બેઠક બાદ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ભારતના અર્થતંત્રની આ પ્રગતિના આંકડા મારા નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઇએમએફ)ના આંકડા છે. ભારતનું અર્થતંત્ર આજે જાપાન કરતાં મોટું છે.

બી.વી.આર. સુબ્રહ્મણિયમે જણાવ્યું હતું કે હાલમાં માત્ર અમેરિકા, ચીન અને જર્મનીના અર્થતંત્ર ભારતથી આગળ છે. જો દેશ હાલની ગતિએ અને આયોજન મુજબ પ્રગતિ કરતો રહેશે, તો તેનું અર્થતંત્ર આગામી બેથી ત્રણ વર્ષમાં વિશ્વમાં ત્રીજા ક્રમે પહોંચી જશે.

તેમણે જણાવ્યું હતું કે ભારતનું અર્થતંત્ર હાલમાં ચાર ટ્રિલ્યન ડૉલરનું છે અને તેનો વિશ્વ સ્તરે ચોથો ક્રમ છે.

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઇએમએફ)ના ચાલુ મહિનાની શરૂઆતમાં જાહેર થયેલા ‘વર્લ્ડ ઇકોનોમિક આઉટલુક’ મથાળા હેઠળના અહેવાલમાં જણાવાયું હતું કે ભારતનું અર્થતંત્ર ચાલુ વર્ષે જ વિશ્વનું ચોથા ક્રમનું સૌથી મોટું બની જશે. જાપાનનું કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) અંદાજિત ૪,૧૮૬.૪૩૧ અબજ

(જુઓ પાનું ૨) ▸▸

### વિશ્વમાં મોટાં અર્થતંત્ર ધરાવતાં રાષ્ટ્રો

(૧) અમેરિકાઃ જીડીપી ૩૦.૫૧ ટ્રિલ્યન ડૉલર.
(૨) ચીનઃ જીડીપી ૧૯.૨૩ ટ્રિલ્યન ડૉલર.
(૩) જર્મનીઃ જીડીપી ૪.૭૪ ટ્રિલ્યન ડૉલર.
(૪) ભારતઃ જીડીપી ૪.૧૯ ટ્રિલ્યન ડૉલર.
(૫) જાપાનઃ જીડીપી ૪.૧૯ ટ્રિલ્યન ડૉલર.
(૬) યુનાઇટેડ કિંગડમઃ જીડીપી ૩.૮૪ ટ્રિલ્યન ડૉલર.
(૭) ફ્રાંસઃ જીડીપી ૩.૨૧ ટ્રિલ્યન ડૉલર.
(૮) ઇટલીઃ જીડીપી ૨.૪૨ ટ્રિલ્યન ડૉલર.
(૯) કેનેડાઃ જીડીપી ૨.૩૨ ટ્રિલ્યન ડૉલર.
(૧૦) બ્રાઝિલઃ જીડીપી ૨.૧૩ ટ્રિલ્યન ડૉલર.
(એજન્સી)

## ઑપરેશન સિંદૂર બદલાતા ભારતનો ચહેરો છેઃ મોદી

▸ ‘લોકોમાં દેશભક્તિ જાગૃત થઇ છે અને સ્વદેશી ચીજો જ ખરીદે છે’

▸ ‘નક્સલવાદનો ૩૧ માર્ચ સુધીમાં અંત આવશે’

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ‘મન કી બાત’ નામના પોતાના માસિક રેડિયો કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર માત્ર લશ્કરી કાર્યવાહી નથી, પરંતુ તે ‘બદલાતા ભારતનો ચહેરો’ અને દેશની વૈશ્વિક સ્તરે વધતી તાકાત, દઢ નિર્ણય-શક્તિ અને બહાદુરીનું પ્રતિબિંબ છે.

મોદીએ જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર ત્રાસવાદ સામેની વૈશ્વિક લડાઇનો ‘ટર્નિંગ પૉઇન્ટ’ સાબિત થશે અને તે ભારતની વધતી તાકાતનું પ્રતીક છે.

તેમણે દાવો કર્યો હતો કે ઑપરેશન સિંદૂર દ્વારા આખા દેશમાં દેશભક્તિને જાગૃત કરાઇ છે અને હવે અનેક નાગરિકો વિદેશી માલસામાનને બદલે સ્વદેશી એટલે કે ‘મૅઇડ ઇન ઇન્ડિયા’ ચીજો જ ખરીદી રહ્યા છે. તેને લીધે દેશના અર્થતંત્રને પણ મદદ મળી રહી છે. જનતા દેશની પ્રગતિમાં મોટો ફાળો આપી રહી છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે લશ્કરે સરહદ પાર ઘણી ચોકસાઇ સાથે ત્રાસવાદીઓની છાવણીઓનો નાશ કર્યો હતો. આ લશ્કરી કાર્યવાહી સૈનિકોની અદ્‌ભુત અને અસામાન્ય બહાદુરી ગણાય. દેશમાં અનેક ઠેકાણે ઑપરેશન સિંદૂરની પ્રશંસા કરતા દેશભક્તિના ગીતો ગવાયા હતા, ચિત્રો દોરાયા હતા, કવિતાઓ લખાઇ હતી, ત્રિરંગા-યાત્રા કાઢવામાં આવી હતી અને સોશિયલ મીડિયા પર પણ વિવિધ ચિત્રો અને લખાણ મૂકવામાં આવ્યા હતા. કેટલાક લોકોએ તો પોતાની નવજાત દીકરીનાં નામ ‘સિંદૂર’ રાખ્યાં

(જુઓ પાનું ૨) ▸▸

## લાલુપ્રસાદે દીકરા તેજપ્રતાપની પક્ષમાંથી હકાલપટ્ટી કરીઃ પુત્ર સાથેના બધા સંબંધ તોડી નાખ્યા

પટણાઃ રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ના પ્રમુખ લાલુપ્રસાદ યાદવે રવિવારે પોતાના મોટા દીકરા તેજપ્રતાપ યાદવની પોતાના પક્ષમાંથી હકાલપટ્ટી કરી હતી અને તેની સાથેના બધા પારિવારિક સંબંધ તોડી નાખ્યા હતા.


તેજપ્રતાપ યાદવે શનિવારે સાંજે સોશિયલ મીડિયા પર જાહેર કર્યું હતું કે હું પરણેલો છું અને મારા છૂટાછેડાની અરજી અહીંની ફૅમિલી કોર્ટમાં પૅન્ડિંગ હોવા છતાં છેલ્લાં ૧૨ વર્ષથી એક (અન્ય) મહિલા સાથે મારો ‘સંબંધ’ છે. આમ છતાં, તેમણે સોશિયલ મીડિયા પર આ પૉસ્ટ મૂક્યા બાદ થોડા કલાકમાં જ તે કાઢી નાખી (ડિલીટ કરી) હતી અને સોશિયલ મીડિયા ‘એક્સ’ પર લખ્યું હતું કે મારું ફેસબુક પરનું પૅજ ‘હૅક’ કરાયું હતું.

લાલુપ્રસાદ યાદવે પોતાના દીકરા સાથેના પારિવારિક સંબંધ તોડવાની અને તેને પક્ષમાંથી કાઢી મૂકવાની જાહેરાત સોશિયલ મીડિયા પર કરી હતી, પરંતુ શનિવારની ઘટનાનો કોઇ ઉલ્લેખ નહોતો કર્યો.

લાલુપ્રસાદે પોતાના મોટા દીકરાની કામગીરી, જાહેરમાં કરાતા વર્તન અને ‘બેજવાબદાર વર્તણૂક’ની ટીકા કરીને

(જુઓ પાનું ૨) ▸▸

## કેરળના દરિયાકાંઠે લાઇબેરિયન માલવાહક જહાજ ડૂબ્યુંઃ ૨૪ ક્રૂ મેમ્બરને બચાવાયા



**જહાજ ડૂબ્યુંઃ** ઇંધણ લઈને જઈ રહેલું લાઈબેરિયન કન્ટેઈનર જહાજ કેરળના કોચીસ્થિત દરિયામાં ૨૮ નોટિકલ માઈલને અંતરે રવિવારે ઊંધું વળી ગયું હતું.

કોચ્ચિઃ કેરળના દરિયાકાંઠે ૬૪૦ કન્ટેનરને લઇને જતું લાઇબેરિયન કાર્ગો જહાજ દરિયામાં પલટીને ડૂબી ગયું, જેના કારણે પર્યાવરણને નુકસાન થવાની આશંકા વધી ગઈ છે. કોસ્ટ ગાર્ડે રવિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ‘‘૨૫, મેની સવારે એમએસસી ઇએલએસએ ૩ ઝડપથી ઝૂકી ગયું અને પલટીને ડૂબી ગયું હતું.’’

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે જહાજ પર સવાર બાકીના ત્રણ ક્રૂ

(જુઓ પાનું ૨) ▸▸

## મહારાષ્ટ્રમાં ૩૫ વર્ષે ચોમાસાનું વહેલું આગમન

૧૪

## કોઈ પાકિસ્તાની એ ભ્રમમાં ન રહે કે ભારતીયની હત્યા બદલ તેમને સજા નહીં થાયઃ શશી થરૂર



**શ્રદ્ધાંજલિઃ** કૉંગ્રેસના સાંસદ શશી થરૂર અને શિવસેનાના સાંસદ મિલિંદ દેવરા તેમ જ અન્યોએ રવિવારે ન્યૂ યોર્કસ્થિત નેશનલ સપ્ટેમ્બર ઈલેવન મેમોરિયલ ખાતે શ્રદ્ધાંજલિ આપી હતી. (એજન્સી)

ન્યૂ યૉર્કઃ કૉંગ્રેસના સાંસદ શશી થરૂરે કહ્યું હતું કે કોઈ પાકિસ્તાની એ ભ્રમમાં ન રહે કે ભારતીયની હત્યા બદલ તેમને સજા નહીં થાય.

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે અપનાવેલા વલણને ધ્યાનમાં રાખતાં કોઈ પાકિસ્તાનીએ એમ ન માની લેવું જોઈએ કે સરહદેથી સરળતાથી ઘૂસણખોરી કરીને ભારતીય નાગરિકની હત્યા કરીને તે સજામુક્ત રહી શકશે એમ જણાવતાં થરૂરે કહ્યું હતું કે ભારતીય નાગરિકોની હત્યા બદલ તેમણે ભારે કિંમત ચૂકવવી પડશે,

આતંકવાદ વિરુદ્ધ ભારતે અપનાવેલા મક્કમ વલણ અને પાકપ્રેરિત આતંકવાદને મામલે વૈશ્વિક સમુદાયને માહિતગાર કરવા ભારતે અમેરિકા, બ્રાઝિલ, કોલંબિયા, પનામા અને ગયાના મોકલેલા સર્વપક્ષી પ્રતિનિધિમંડળનું થરૂર નેતૃત્વ કરી રહ્યા છે.

સર્વપક્ષી પ્રતિનિધિમંડળ વૈશ્વિક સમુદાયને એ પણ જાણકારી આપશે કે તાજેતરમાં ભારત-પાક વચ્ચે થયેલા સૈન્ય સંઘર્ષ માટે ઑપરેશન સિંદૂર નહીં પણ પહલગામ આતંકવાદી હુમલો જવાબદાર હતો.

પાક સેના દ્વારા કરવામાં આવેલા હુમલાની પ્રતિક્રિયાના ભાગરૂપ ભારતે ઑપરેશન સિંદૂર અંતર્ગત પાકિસ્તાન અને પીઓકેસ્થિત આતંકવાદી છાવણીઓ અને તાલીમકેન્દ્રોને નિશાન બનાવ્યા હતા.

અમે યુદ્ધની પહેલ નહીં કરીએ. અમે પાકિસ્તાન અને આતંકવાદીઓને સ્પષ્ટ સંદેશો આપવા માગીએ છીએ કે પહેલ તમે કરી હતી અમે તો માત્ર વળતો જવાબ જ આપ્યો હતો એમ જણાવતાં થરૂરે કહ્યું હતું કે તમે અટકશો તો અમે પણ અટકી જશું.

પાકિસ્તાન પાસે છે એમાંથી કશું જ મેળવવાની અમારી ઈચ્છા નથી, પરંતુ પાકિસ્તાન કોઈ પણ કિંમતે ભારતના અંકુશ હેઠળના પ્રદેશ પર પણ કબજો કરવા માગે છે. પરંપરાગત રીતે તે ન મેળવી શકે તો આતંકવાદ મારફતે મેળવવાની હદ સુધી પાકિસ્તાન જઈ શકે છે જે અમને સ્વીકાર્ય નથી.

ભારત હવે પાકિસ્તાનના આવા કોઈ કૃત્યને સહન નહીં કરે અને જેવા સાથે તેવાની નીતિ અપનાવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અમને આત્મસુરક્ષાનો અધિકાર છે અને અમે એ અધિકારનો ખૂબ જવાબદારીપૂર્વક ઉપયોગ કર્યો છે.

થરૂરના વડપણ હેઠળના સર્વપક્ષી ભારતીય પ્રતિનિધિમંડળમાં સરફરાઝ અહમદ (જેએમએમ), ગન્તી હરીશ મધુર બાલયોગી (ટીડીપી), શશાંક મણી ત્રિપાઠી (ભાજપ), ભુવનેશ્વર કાલિટા (ભાજપ), મિલિંદ દેવરા (શિવસેના), તેજસ્વી સૂર્યા (ભાજપ) અને અમેરિકાસ્થિત ભૂતપૂર્વ ભારતીય રાજદૂત તરણજિત સંધુનો સમાવેશ થાય છે. (એજન્સી) ■

### સર્વપક્ષી પ્રતિનિધિમંડળ બહેરીનના નાયબ વડા પ્રધાનને મળ્યું

## આતંકવાદ મુદ્દે ભારતના વલણથી વાકેફ કર્યા

મનામાઃ એક સર્વપક્ષી ભારતીય સંસદીય પ્રતિનિધિમંડળે રવિવારે બહેરીનના નાયબ વડા પ્રધાન શેખ ખાલિદ બિન અબ્દુલ્લા અલ ખલીફા સાથે મુલાકાત કરી હતી. તેમજ ભારત સામે સરહદ પારના આતંકવાદનો પડકાર અને તેનો સામનો કરવા માટે નવી દિલ્હીના દ્રઢ સંકલ્પ વિશે માહિતી આપી હતી.

ભાજપના સાંસદ બૈજયંત જય પાંડાના નેતૃત્વમાં આ પ્રતિનિધિમંડળ તે સાત સર્વપક્ષી પ્રતિનિધિમંડળો પૈકીનું એક છે કે જેને ભારતે પાકિસ્તાનના કાવતરાઓ અને આતંકવાદ સામે ભારતના પ્રતિભાવ અંગે આંતરરાષ્ટ્રીય સમુદાય સુધી પહોંચવા માટે ૩૩ વૈશ્વિક રાજધાનીઓની મુલાકાત લેવાનું કામ સોંપ્યું છે.

પાંડાએ એક્સ પર જણાવ્યું કે ભારત અને બહેરીન વચ્ચે વિશ્વાસ, સહિયારા મૂલ્યો અને પરસ્પર આદર પર આધારિત એક ઊંડી, ઐતિહાસિક મિત્રતા છે... આતંકવાદ સામેની લડાઇમાં અમે પરસ્પર હિતના મુદ્દાઓ અને આતંકવાદના તમામ સ્વરૂપોનો સામનો કરવા માટે ભારતની અડગ પ્રતિબદ્ધતા પર ચર્ચા કરી હતી. આ બેઠક રાજધાની મનામાના ગુડૈબિયા પેલેસમાં યોજાઇ હતી.

બહેરીનમાં ભારતીય દૂતાવાસ તરફથી એક પોસ્ટમાં જણાવાયું હતું કે બહુપક્ષી સાંસદોએ બહેરીનના વિધાનસભાના ઉપલા ગૃહ શૂરા બહેરીનના અધ્યક્ષ અલી બિન સાલેહ અલ સાલેહ સાથે પણ મુલાકાત કરી હતી. તેમજ આતંકવાદ સામે લડવા અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાના ભારતના સંકલ્પ પર ભાર મૂક્યો હતો.

પ્રતિનિધિમંડળે મનામામાં એક ઐતિહાસિક સ્થળ બાબ અલ બહેરીનની પણ મુલાકાત લીધી હતી. જેને પાંડાએ બહેરીનના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને ભારત સાથેના સ્થાયી સંબંધોનું પ્રતીક ગણાવ્યું હતું. આ પ્રતિનિધિમંડળ શનિવારે બે દિવસની મુલાકાતે અહીં પહોંચ્યું હતું. મુલાકાત દરમિયાન તેઓ અગ્રણી ભારતીયો અને નાગરિક સમાજના સભ્યોને પણ મળ્યા હતા.

પાંડાએ શનિવારે મળેલી બેઠક દરમિયાન જણાવ્યું કે અમે અહીં મુશ્કેલ સમયમાં આવ્યા છીએ... આ મુશ્કેલી પહલગામમાં તાજેતરના આતંકવાદી હુમલા અને ત્યારબાદ પાકિસ્તાન સાથેની દુશ્મનાવટને કારણે છે. અમે અહીં મિત્રતા માટે સમર્થન મેળવવા આવ્યા છીએ. ૨૬ લોકોને તેમની પત્નીઓ સામે જ તેમના ધર્મની પુષ્ટિ કર્યા પછી મારી નાખવામાં આવ્યા હતા. ભારતે આવા ઘણા ભયાનક આતંકવાદી હુમલાઓનો સામનો કર્યો છે... અમારી સમસ્યા એ છે કે અમારા બધા આતંકવાદી હુમલાઓ અમારા પડોશી દ્વારા સંકલિત કરવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે બહેરીન અને ભારત વચ્ચે ગાઢ અને લાંબા સમયથી ચાલતા સંબંધો છે...હું બહેરીન સરકારનો તેના દ્વારા અપનાવવામાં આવેલા સતત વલણ બદલ આભાર માનું છું. અમે તાજેતરના ઘટનાક્રમ દરમિયાન બહેરીનની આકરી ટિપ્પણીઓની ખરેખર પ્રશંસા કરીએ છીએ. ■

## ૨૦૨૫માં અત્યાર સુધીમાં ઉત્તર પ્રદેશમાં રોડ અકસ્માતોમાં ૭,૭૦૦નાં થયાં મોત

લખનઊઃ ઉત્તર પ્રદેશમાં આ વર્ષે એક જાન્યુઆરીથી ૨૦ મે સુધીના પાંચ મહિનાના સમયગાળા દરમિયાન ૧૩,૦૦૦થી વધુ માર્ગ અકસ્માતોમાં લગભગ ૭,૭૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે અને રાજ્ય સ્તરના એક વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે બપોર અને સાંજના કલાકો વાહનચાલકો માટે વધુ જીવલેણ સાબિત થઈ રહ્યા છે.

માર્ગ અકસ્માતો પરનાં આ તારણો ઉત્તર પ્રદેશ માર્ગ સલામતી અને જાગૃતિ સેલ દ્વારા સંકલિત સમય-આધારિત વિશ્લેષણાત્મક અહેવાલનો ભાગ છે, જેમાં આઇઆરએડી (ઇન્ટિગ્રેટેડ રોડ એક્સિડન્ટ ડેટાબેઝ), ઇડીએઆર (ઇ-ડિટેઇલ્ડ એક્સિડન્ટ રેકોર્ડ) અને રાજ્યના પોતાના માર્ગ સલામતી ડેશબોર્ડના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

જાહેર કરાયેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, ઉત્તર પ્રદેશમાં વર્ષ ૨૦૨૪માં ૪૬,૦૫૨ માર્ગ અકસ્માતો થયા હતા, જેમાં ૨૪,૧૧૮ લોકો મૃત્યુ પામ્યા હતા અને ૩૪,૬૬૫ લોકો ઘાયલ થયા હતા. તેની સરખામણીમાં ૨૦૨૩માં ૪૪,૫૩૪ અકસ્માતો થયા હતા, જેમાં ૨૩,૬૫૨ લોકોના મોત અને ૩૧,૦૯૮ ઘાયલ થયા હતા.દરમિયાન ૨૦૨૫ના તાજેતરના વિશ્લેષણ દર્શાવે છે કે ૬૦ ટકાથી વધુ અકસ્માતો બપોરે (બપોરે ૧૨ થી સાંજે ૬ વાગ્યા સુધી) અને સાંજે (સાંજે ૬ થી રાત્રે ૯ વાગ્યા સુધી) દરમિયાન થયા હતા.

અભ્યાસ મુજબ, બપોરનો સમય સૌથી ઘાતક સમય રહ્યો હતો જેમાં ૪,૩૫૨ અકસ્માતોમાં ૨,૨૩૮ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આનું કારણ આ કલાકો દરમિયાન રસ્તાઓ પર ‘‘અતિશય ગરમી, ડ્રાઇવરનો થાક, વધુ ઝડપે વાહન ચલાવવું અને વાહનોનું વધતું ભારણ’’ છે. સાંજના સમયે ૩૨૫૪ અકસ્માતોમાં ૧૯૪૫ લોકોનાં મોત થયાં હતાં, જે ‘ઓફિસ સમય પછી ટ્રાફિક જામ અને સૂર્યાસ્ત પછી નબળી વિઝિબિટીના’ને કારણે થયા હતા. ■

## અમૃતસરમાં અકાલી દળના નગરસેવકની ગોળી મારીને હત્યા કરાઈ

અમૃતસર : અમુક અજ્ઞાત હુમલાખોરોએ છેહરટા વિસ્તારમાં શિરોમણી અકાલી દળના નગરસેવકની ગોળી મારીને હત્યા કરી હતી, એવી માહિતી પોલીસે આપી હતી. હરજિન્દર સિંહ જંડિયાલા વિધાનસભા પટ્ટામાં આવતા વોર્ડ નંબર બેના નગરસેવક હતા. એડિશનલ કમિશનર ઑફ પોલીસ હરપાલ સિંહ રંધવાએ કહ્યું હતું કે ત્રણ -ચાર અજ્ઞાત ઈસમે બાઈક પર સવારી કરી રહેલા નગરસેવકને આંતરવાનો પ્રયાસ કર્યો હતો અને ત્યાર બાદ તેમના પર ત્રણથી ચાર ગોળી છોડી હતી. સિંહને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયા હતા અને ત્યાં ઈજાને લીધે તેમનું અવસાન થયું હતું. અકાલી દળના સિનિયર નેતા બિક્રમ સિંહ મજિઠિયાએ દાવો કર્યો હતો કે હરજિન્દરને વારંવાર ધમકીભર્યા કોલ આવતા હતા અને તેમણે પોલીસને જાણ કરી હતી, પરંતુ પોલીસે કંઈ કર્યું નહોતું. તેમણે રાજ્યમાં વસણતી કાયદો અને વ્યવસ્થા પરિસ્થિતિ બદલ પંજાબની આપ સરકારની ઝાટકણી કાઢી હતી. (એજન્સી) ■

## રાજસ્થાનના ઘણા ભાગોમાં ધૂળનું તોફાન અને વરસાદ

જયપુરઃ રાજસ્થાનના ઘણા ભાગોમાં ધૂળનું તોફાન અને વરસાદને કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. ખૈરથલ-તિજારા જિલ્લામાં એક ઘરની દિવાલ ધરાશાયી થતાં એક મહિલા અને તેની પુત્રીનું મોત થયું હતું.

શનિવારે મોડી રાત્રે આવેલા તોફાનને કારણે બિકાનેર, સીકર અને ઝુનઝુનુના કેટલાક ભાગોમાં વીજળીના થાંભલા અને વૃક્ષો ધરાશાયી થવાથી વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો. ખૈરથલ-તિજારા જિલ્લાના ભિવાડીમાં સુમાયા(૨૧) અને તેની એક વર્ષની પુત્રી ઘરની દિવાલ તૂટી પડતાં જીવતા દટાઇ ગયા હતા. આ ઘટનામાં ઘાયલ થયા બાદ તેના પતિને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સોશિયલ મીડિયાના જૂઠાણાથી સામાન્ય લોકો દૂર રહે

**ભારતમાં** રાજકારણીઓની માનસિકતા તો હલકી છે જ પણ સામાન્ય લોકો પણ તેમના જેવા થતા જાય છે એવું લાગે છે. કોઈ પણ મુદ્દાને રાજકીય રંગે રંગીને જૂઠાણાં ફેલાવવામાં સામાન્ય લોકોને પણ આનંદ આવતો હોય એવો માહોલ દેશમાં પેદા થઈ રહ્યો છે. આ માનસિક વિકૃત્તિ છે અને તેનું તાજું ઉદાહરણ પાકિસ્તાન માટે જાસૂસી કરીને દેશ સાથે ગદ્દારી કરનારી હરિયાણાની યુટ્યૂબર જ્યોતિ મલ્હોત્રાના સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી તસવીરો છે. પહેલાં યુટ્યૂબર જ્યોતિ મલ્હોત્રાની ભાજપની ટોપી અને ખેસ પહેરેલી ફેક તસવીરો વાયરલ કરાયેલી અને હવે રાહુલ ગાંધી સાથે જ્યોતિ મલ્હોત્રાના નકલી ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

પહેલાં વાયરલ કરાયેલી તસવીરમાં દાવો કરાયેલો કે, જાસૂસી કરવાના આરોપમાં પકડાયેલી હરિયાણાની યુટ્યૂબર જ્યોતિ મલ્હોત્રા ભાજપની કાર્યકર હતી અને ભાજપના નામે લોકોને ધમકીઓ આપીને ખંખેરતી હતી. જ્યોતિ મલ્હોત્રાનો એક બીજો વીડિયો પણ વાયરલ થયેલો કે જેમાં જ્યોતિ ભારત-પાકિસ્તાન સરહદ ઓળંગતી વખતે પોતે હરિયાણા ભાજપની સભ્ય હોવાનો દાવો કરી રહી છે.

કેટલીક યુ-ટ્યૂબ ચેનલોએ આ વીડિયો બતાવીને જ્યોતિ મલ્હોત્રાના ભાજપ સાથે કનેક્શન સામે સવાલ કર્યા પછી હરિયાણા ભાજપે જ્યોતિને ભાજપ સાથે કે ભાજપના કોઈ નેતા સાથે લેવા દેવા હોવાનો ઈનકાર કર્યો હતો. જ્યોતિનો બોર્ડર પરનો વીડિયો અસલી હતો તેથી તેના આધારે જ્યોતિના ભાજપ સાથેના કનેક્શન અંગે સવાલ કરાય તેમાં કશું ખોટું નહોતું પણ એ પછી જ્યોતિના ભાજપની ટોપી અને ખેસ પહેરેલા ફોટા વાયરલ કરાયા હતા કે જે ફેક છે.

આ ફેક ફોટાનો વિવાદ શમ્યો નથી ત્યાં હવે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીના જ્યોતિ સાથેના ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. ઘણા યુઝર્સ ફોટો શેર કરીને રાહુલ ગાંધી પર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. ઘણાંએ સવાલ પણ કર્યા છે કે, મને સમજાતું નથી કે રાહુલ ગાંધીનો ફોટો દરેક દેશદ્રોહી અથવા રાજદ્રોહના આરોપી વ્યક્તિ સાથે કેવી રીતે જોવા મળે છે. આ કેવો સંબંધ છે?

કેટલાકે સવાલ કર્યા છે કે, હરિયાણાથી પાકિસ્તાન માટે જાસૂસી કરતાં પકડાયેલી જ્યોતિ રાહુલ ગાંધી સાથે જોવા મળે છે એ આઘાતજનક છે. દરેક દેશદ્રોહી અને રાષ્ટ્રવિરોધી રાહુલ ગાંધી સાથે દેખાય છે એ કેવી વિચિત્ર બાબત કહેવાય. દેશમાં અશાંતિ પાછળ રાહુલ ગાંધી મુખ્ય સૂત્રધાર છે?

જે લોકો આ કોમેન્ટ્સ કરી રહ્યા છે એ લોકો આ તસવીરો મોર્ફ કરેલી અને નકલી છે તેની ખબર નથી કે પછી જાણી જોઈને આ મુદ્દાને ચગાવવાના ષડયંત્રનો એ લોકો પણ ભાગ છે એ આપણને ખબર નથી પણ આ ઘટનાક્રમ દેશમાં કશું સમજ્યા વિના મૂંડી નમાવીને ચાલનારાં ઘેટાંની સંખ્યા વધી રહી હોવાનો પુરાવો છે.

કેટલાક મીડિયાએ રાહુલ અને જ્યોતિ મલ્હોત્રાની તસવીરોનું એનાલિસિસ કર્યું છે. આ એનાલિસિસ પ્રમાણે પહેલી તસવીરમાં રાહુલ ગાંધી સાથે દેખાતી છોકરી રાયબરેલી સદરની ધારાસભ્ય અદિતી સિંહ છે. અદિતીના ફોટોમાં તેના ચહેરાને સ્થાને જ્યોતિનો ચહેરો લગાવી દેવાયો છે.

મે ૨૦૧૮માં, રાહુલ ગાંધી અને અદિતી સિંહ લગ્ન કરવાનાં છે એવી અફવાઓ ચાલી હતી. આ અફવાઓથી નારાજ રાયબરેલીની અદિતી સિંહે અફવાઓને નકારી કાઢી હતી. એ વખતે ઘણા મીડિયા પ્લેટફોર્મે રાહુલ ગાંધી સાથે અદિતી સિંહનો ફોટો મૂક્યો હતો ને તેને મોર્ફ કરીને જ્યોતિ મલ્હોત્રા બનાવી દેવાઈ.

બીજો વાયરલ ફોટો ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨નો છે અને કેરળના અલાપ્પુઝાનો છે. રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા દરમિયાન એક છોકરીને ભેટ્યા હતા એ ફોટામાં છોકરીના ચહેરાના સ્થાને જ્યોતિ મલ્હોત્રાનો ફોટો મૂકી દેવાયો. મતલબ કે, રાહુલ ગાંધી કદી જ્યોતિ મલ્હોત્રાને મળ્યા નથી કે તેમની સાથે ફોટો પણ પડાવ્યો નથી પણ ટેક્નોલોજીની મદદથી રાહુલ ગાંધી સાથે જ્યોતિ મલ્હોત્રાના નકલી ફોટા બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કરાઈ રહ્યા છે.

આ ફોટા વાયરલ કોણ કરી રહ્યું છે તેની આપણને ખબર નથી. કોઈને કદી ખબર પડવાની પણ નથી કેમ કે રાહુલ ગાંધી કે બીજા કોઈ પક્ષના નેતા સામે સોશિયલ મીડિયા પર ચાલતા કુપ્રચારની કદી તપાસ થતી નથી કે કોઈની ધરપકડ કરાતી નથી. ખેર, એ અલગ મુદ્દો છે પણ મૂળ મુદ્દો લોકોની વિકૃત્ત થઈ રહેલી માનસિકતાનો છે. જે લોકોના પોતાના સ્વાર્થ છે એ લોકો જૂઠાણાં ફેલાવવા માટે જ્યોતિને ભાજપની સભ્ય પણ બનાવી શકે ને રાહુલ ગાંધીની સાથી પણ ગણાવી શકે પણ લોકો આવી વાતોમાં આવી જાય છે એ ગંભીર બાબત છે.

લોકો વાતને સમજ્યા વિના કે સમજીને પણ જૂઠાણાં ફેલાવવામાં ભાગીદાર બને છે એ બાબત દેશ માટે ખતરનાક છે. આ પ્રકારનાં જૂઠાણાથી દેશમાં અશાંતિ અને અરાજકતા ફેલાઈ શકે, કોમી રમખાણો થઈ શકે ને સામાન્ય જનજીવન ખોરવાઈ શકે છે તેથી લોકો વધારે સમજદાર બને એ જરૂરી છે. કોઈ પણ વાતને સમજ્યા વિના કે સત્યને જાણ્યા વિના વલણ લઈ લેવું દેશના હિતમાં નથી. આવાં જૂઠાણાં ફેલાવવામાં ક્યારેક અજાણતાં લોકો દુશ્મનને મદદ કરી દેતા હોય છે. આ પ્રકારનાં જૂઠાણાં ફેલાવવામાં કેટલાક મીડિયા પણ યોગદાન આપે છે પણ સામાન્ય લોકો તેને ના ભાવ આપે તો આ જૂઠાણાં ફેલાય નહીં તેથી લોકો સમજદાર બને એ જરૂરી છે.

આ ઘેટાંનાં ટોળાં જેવી માનસિકતાના કારણે ક્યારેક આપણે દુશ્મનને મદદ કરી દઈએ છીએ તેનું તાજું ઉદાહરણ તુર્કીયેના માલના બહિષ્કારના વાયરલ થયેલા વીડિયો છે. કાશ્મીરના પહલગામમમાં થયેલા આતંકવાદી હુમલા પછી ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવા આતંકવાદી કેમ્પો પર હુમલા કર્યા પછી તુર્કીયેએ પાકિસ્તાનને મદદ કરી હતી. તેના કારણે ભારતમાં તુર્કીયે વિરુદ્ધ આક્રોશનો જુવાળ આવી ગયો. એ સ્વાભાવિક છે કેમ કે આપણા દુશ્મનને મદદ કરનારો દેશ આપણો દુશ્મન જ કહેવાય.

આ જુવાળમાં સોશિયલ મીડિયા પર તુર્કીયેની ચીજોના બહિષ્કારના વીડિયો વાયરલ થઈ ગયા. કઈ કઈ પ્રોડક્ટ તુર્કીયેની છે તેના લિસ્ટ સાથેના વીડિયો કરોડોની સંખ્યામાં ફોરવર્ડ થયા પછી હવે નવો વીડિયો આવ્યો છે કે, જે પ્રોડક્ટ તુર્કીયેનો હોવાનો દાવો કરાયો હતો એ બધી પ્રોડક્ટ તો ઈઝરાયલની છે.

ઈઝરાયલે હમાસ પર હુમલો કર્યો પછી તુર્કી સહિતના મુસ્લિમ રાષ્ટ્રોએ ઈઝરાયલની પ્રોડક્ટ્નો બહિષ્કાર કરવાની ઝુંબેશ શરૂ કરીને બનાવેલો વીડિયો તુર્કીયેના બહિષ્કારની ઝુંબેશના નામે ફરતો કરી દેવાયો. મતલબ કે, આ દેશના લોકો પાકિસ્તાનને મદદ કરનારા તુર્કીયેના જૂઠાણાને આગળ ધપાવીને આપણા દોસ્ત ઈઝરાયલને નુકસાન કરવાની ઝુંબેશનો ભાગ બની ગયા. આ બહુ મોટો મુદ્દો નથી પણ ક્યારેક ઘેટાંનાં ટોળાં બનવાનું દેશ માટે ખતરનાક સાબિત થઈ શકે તેથી ચેતજો. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, સોમવાર, તા. ૨૬-૫-૨૦૨૫, દર્શ-સોમવતી અમાવસ્યા, ફલહારિણી કલિકા પૂજા, વટસાવિત્રી વ્રત, શનિશ્ચર જયંતી

- ભારતીય દિનાંક ૫, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, વૈશાખ વદ -૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૯મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર ભરણી સવારે ક. ૦૮-૨૪ સુધી, પછી કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૩૨ સુધી (તા. ૨૭), પછી રોહિણી
- ચંદ્ર મેષમાં બપોરે ક. ૧૩-૪૦ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૬, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ભરતીઃ સવારે ક. ૧૧-૨૮, રાત્રે ક. ૨૩-૦૬ • ઓટઃ સાંજે ક. ૧૭-૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૪ (તા. ૨૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – ચતુર્દશી. દર્શ અમાવસ્યા, ફલહારિણી કલિકા પૂજા, વટસાવિત્રી વ્રત (અમાવસ્યા પક્ષ), શનિશ્ચર જયંતી, અન્વાધાન, સોમવતી અમાવસ્યા ૧૨-૧૩થી.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

- મુહૂર્ત વિશેષઃ અમાવસ્યા અને સોમવારનો, તીર્થયાત્રા, તીર્થસ્નાન, તીર્થશ્રાદ્ધ, તર્પણ, વિશેષ નારણબલિ શ્રાદ્ધ, જ્યોતિર્લિંગ દર્શન, શિવમંદિર દર્શનનો શ્રેષ્ઠ યોગ. અપૂજ શિવલિંગની પૂજાનો શ્રેષ્ઠ યોગ, નવગ્રહ મંદિર, શનિ મંદિરોમાં શનિશ્ચર જયંતીનો ઉત્સવ, માલ વેંચવો, ખેતીવાડી, સૂર્ય-ચંદ્ર દેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, ઉંબરાના વૃક્ષનું પૂજન, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ યુતિ વિચારોમાં અચોક્કસતા, ચંદ્ર-બુધ યુતિ ચાલાક
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ યુતિ, ચંદ્ર-બુધ યુતિ (તા. ૨૭) ચંદ્ર પૃથ્વીથી અત્યંત નજીક આવે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ- વૃષભ, ગુરુ-મિથુન, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# દિલ્હીમાં આંધી સાથે વરસાદે ગરમીથી રાહત આપી, પરંતુ ફ્લાઈટ ખોરવાઈ અને અનેક વિસ્તારોમાં પાણી ભરાયાં

નવી દિલ્હી : આંધી સાથે આવેલા વરસાદે દિલ્હીને ઘમરોળી નાખ્યું હતું. આને લીધે કાળઝાળ ગરમીમાંથી તો રાહત મળી હતી, પરંતુ ફ્લાઈટ ઓપરેશન ખોરવાઈ ગયું હતું, વૃક્ષો અને વીજળીના થાંભલાઓ જમીનદોસ્ત થયા હતા અને અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં. ભારે વરસાદને પગલે દિલ્હીના અનેક વિસ્તારોમાં વીજળી પણ ગૂમ થઈ હતી. લોકોએ રાત અંધારામાં જ વિતાવવી પડી હતી.રાતના ૧૧-૩૦થી સવારે ૫-૩૦ સુધી અનેક વિસ્તારોમાં લાઈટ નહોતી.

હવામાનમાં ઓચિંતા ફેરફાર આવતા શહેરમાં પારો નીચે ઊતર્યો હતો લઘુતમ ઉષ્ણતામાન ૧૯.૮ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું જે સામાન્ય તાપમાન કરતાં ૬.૯ ડિગ્રી નીચે હતું.

ભારતીય હવામાન ખાતાએ કહ્યું હતું કે શહેરના મૂળભૂત હવામાન કેન્દ્રે સફદરજંગમાં પવન એક કલાકદીઠ ૮૨ કિલોમીટરની ઝડપે ફૂંકાતો હોવાનું અને રાતના ૧૧-૩૦ કલાકથી સવારના ૫-૩૦ કલાકના છ કલાકના સમયગાળામાં ૮૧.૨ મિલિમીટર વરસાદ પડવાનું નોંધ્યું હતું.

પાલમમાં ૬૮.૧ મિલીમિટર વરસાદ, પુસામાં ૭૧ મિલીમિટર વરસાદ, નારેલામાં ૩૦ મિલીમિટર વરસાદ અને દિલ્હી વિદ્યાપીઠમાં ૨૯ મિલિમીટર વરસાદ પડયો હતો.

સૂત્રોએ માહિતી આપી હતી કે ૧૭ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ સહિત કુલ ૪૯ ફ્લાઈટને વિકટ હવામાનને લીધે દેશના સૌથી મોટા આઈજીએલ હવાઈમથકે વાળવામાં આવી હતી. ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના ત્રીજા ટર્મિનલમાં પાણી ભરાવાનો અહેવાલ આવ્યો હતો.

ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટરડાર૨૪ ડોટ કોમે માહિતી આપી હતી કે ૧૮૦ ફ્લાઈટ કાં મોડી હતી અથવા રદ કરાઈ હતી.

શહેરમાં મોતીબાગ, મિન્ટો રોડ, આઈટીઓ, ધૌલા કુઆન, દિલ્હી કેન્ટોમેન્ટ, દીનદયાળ ઉપાધ્યાય માર્ગ અને ચાણક્યપુરી આંશિક રીતે ડૂબી ગયા હતા. દિલ્હી કેન્ટોમેન્ટ વિસ્તારમાં અન્ડરપાસમાં બસ અને કાર સંપૂર્ણપણે ડૂબી ગઈ હતી. વીડિયોમાં આવાં દૃશ્યો મિન્ટો રોડ વિસ્તારમાં પણ બન્યા હોવાનું કહેવાયું છે

હવામાન ખાતાએ શનિવાર રાત્રે રેડ એલર્ટ જાહેર કર્યું હતું અને પશ્ચિમ અને વાયવ્યથી આંધી આવવાની ચેતવણી આપી હતી. હવામાન ખાતાએ આંધી કે ધૂળ ઉડાવતા પવનો, વીજળી પડવાની આગાહી કરી હતી.

રાષ્ટ્રીય રાજધાનીના અનેક વિસ્તારોમાં જોરદાર પવન ફૂંકાયો હતો. પાલમમાં એક કલાકદીઠ ૭૨ કિલોમીટરની ઝડપે, પ્રગતિ મેદાનમાં ૭૬ કિલોમીટરની ઝડપે, જાફરપુરમાં ૬૧ કિલોમીટરની ઝડપે અને આઈજીઓનઓઓયુમાં ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો.

સફદરજંગમાં તાપમાન ૩૧ ડિગ્રીથી ઘટીને ૨૧ ડિગ્રી થયું હતું.

હવામાન ખાતાએ રવિવાર માટે પણ આંધી સાથે વરસાદની આગાહી કરી હતી. (એજન્સી) ■

# વાવાઝોડાં સાથે વરસાદના કારણે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં તબાહીઃ વીજળી ઠપ્પ, ૨૦નાં મોત

લાહોર : પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં શનિવારે સાંજે આવેલા ભયાનક વાવાઝોડા અને ભારે વરસાદના કારણે ૨૦ લોકોના મોત થયા છે, જેમાં લગભગ ૧૫૦ લોકો ઘાયલ પણ થયા હતા. વાવાઝોડાની ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે રોડ અને હવાઈ ટ્રાફિક સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો.

વાવાઝોડાએ ફક્ત ઇન્ફ્રાસ્ટ્રક્ચરને જ નુકસાન પહોંચાડ્યું નથી, પરંતુ ઘણા વિસ્તારોમાં વીજળી પણ ખોરવાઈ ગઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે મોટાભાગના મૃત્યુ જર્જરિત મકાનો અને હોર્ડિંગ્સ ધરાશાયી થવાના કારણે થયા છે. મૃત્યુ પામેલા લોકોમાં બાળકોનો પણ સમાવેશ થાય છે. પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદ અને ખૈબર પખ્તુનખ્વામાં પણ ભારે પવન અને કરાની અસર જોવા મળી હતી. પાક અને વીજ લાઇનોને નોંધપાત્ર નુકસાન થયું હતું. જોકે, અહીંથી કોઈના મોતના સમાચાર નહોતા. ભારે વરસાદ સાથે આવેલા વાવાઝોડાને કારણે ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા અને ઘણી જગ્યાએ વૃક્ષો ઉખડી ગયા હતા. ■

# રાજ્યોની એનડીએ સરકારને શ્રેષ્ઠ વહીવટી નીતિ અપનાવવાની નરેન્દ્ર મોદીની સલાહ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વિવિધ રાજ્યોની એનડીએ સરકારને શ્રેષ્ઠ વહીવટની નીતિ અપનાવવાની રવિવારે સલાહ આપી હતી.

મોદીએ કહ્યું હતું કે જાતિ આધારિત જનગણના સમાજના પછાત અને વંચિત વર્ગના લોકોને મુખ્ય પ્રવાહમાં લાવવાની દિશામાં સરકારનું એક પગલું છે.

એનડીએના મુખ્ય પ્રધાનોના મેળાવડાને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે ઑપરેશન સિંદૂરની સફળતા ભારતે સંરક્ષણ ક્ષેત્રે મેળવેલી આત્મનિર્ભરતાનું પ્રતિબિંબ પાડે છે.

શાસક એનડીએ જાતિ આધારિત રાજકારણમાં નથી માનતો, પરંતુ જાતિ આધારિત જનગણના સમાજના વંચતિ અને પછાત વર્ગના લોકોને વિવિધ ક્ષેત્રમાં વિકસવામાં તેમ જ આગળ વધવામાં મદદરૂપ થશે, એમ પત્રકારોને આપેલી મુલાકાતમાં ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડાએ કહ્યું હતું.

રવિવારે યોજાયેલી એનડીએના મુખ્ય પ્રધાનો અને નાયબ મુખ્ય પ્રધાનોની બેઠકમાં ભારતીય સેનાના શૌર્ય અને મોદીના સક્ષમ નેતૃત્વની પ્રશંસા કરતા ઠરાવને મંજૂર કરવામાં આવ્યો હતો.

રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્માએ આ ઠરાવનો પ્રસ્તાવ મૂક્યો હતો જેને શિવસેનાના નેતા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સમર્થન આપ્યું હતું.

ઠરાવમાં જણાવવામાં આવ્યું હતું કે ઑપરેશન સિંદૂરે ભારતીયોનો આત્મવિશ્વાસ વધાર્યો છે.

મોદીની પ્રશંસા કરતા આ ઠરાવમાં જણાવવામાં આવ્યું હતું કે તેમણે હંમેશાં ભારતીય સેનાને સ્વતંત્રતા, પ્રોત્સાહન અને ટેકો આપ્યો છે. આ કારણે જ ભારતીય સેના ઑપરેશન સિંદૂર અંતર્ગત પાકપ્રેરિત આતંકવાદનો જડબાતોડ જવાબ આપી શકી હતી.

એનડીએશાસિત રાજ્યોના ૧૯ મુખ્ય પ્રધાન અને એટલા જ નાયબ મુખ્ય પ્રધાનોનો સમાવેશ કરતી આ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ અને ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડાએ પણ હાજરી આપી હતી.

હરિયાણાના મુખ્ય પ્રધાન નાયાબ સાઈનીએ જાતિ આધારિત જનગણનાના ઠરાવનો પ્રસ્તાવ મૂક્યો હતો.

બેઠકમાં મોદી સરકારની ત્રીજી મુદતના એક વર્ષની પૂર્તિ નિમિત્તે સુચારુ વહીવટ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

એનડીએશાસિત દેશના વિવિધ રાજ્યોમાં સુચારુ અને શ્રેષ્ઠ વહીવટની નીતિ અપનાવવા અંગે બેઠકમાં વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી. ■

# કેરળમાં વરસાદે પહેલા જ દિવસે તબાહી મચાવી

તિરુવનંતપુરમઃ કેરળમાં રવિવારે ભારે વરસાદ પડ્યો હતો. રાજ્યભરમાં વૃક્ષો ધરાશાયી થવાના બનાવો બન્યા હતા, જેમાં ત્રિશુરમાં ચાલતી ટ્રેન પર એક વૃક્ષ પડ્યું હતું. તેમ જ કોઝિકોડમાં વૃક્ષ પડવાથી એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. રાજ્યમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાએ જોર પકડતાં ઘરોને નુકસાન થયું છે. નદીઓમાં પૂર આવ્યું છે અને કેટલાક બંધોના દરવાજા ખોલી નાખવામાં આવ્યા છે. રવિવારે સવારે ત્રિશુર જિલ્લાના ચેરુથુરુથી ખાતે રેલવે પુલ પાસે એક ઉખડી ગયેલું ઝાડ ચાલતી ટ્રેન પર પડ્યું હતું. લોકોપાઇલટે ટ્રેનને રોકવા માટેની તાત્કાલિક કાર્યવાહી કરતાં આ દુર્ઘટના ટળી હતી. આ ઘટનામાં કોઇ જાનહાનિ થયાના સમાચાર ન હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ભારતીય હવામાન વિભાગ (આઇએમડી)એ ભારે વરસાદ ચાલુ રહેવાથી પાંચ ઉત્તરિય જિલ્લાઓ-મલપ્પુરમ, કોઝિકોડ, વાયનાડ, કન્નુર અને કાસરગોડને રવિવારે 'રેડ એલર્ટ' હેઠળ રાખ્યા હતા. અહીં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. શનિવાર રાતથી રાજ્યના લગભગ તમામ જિલ્લાઓમાં વ્યાપક વરસાદ પડ્યો છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા છે અને ટ્રાફિકજામની સમસ્યા સર્જાઇ છે.

રાજ્યભરમાં મોટા પાયે વૃક્ષો ધરાશાયી થવાથી ઘરો અને વાહનોને ભારે નુકસાન થયું છે, જ્યારે કોઝિકોડ જિલ્લામાં એક વ્યક્તિનું મોત થયું હતું. કોઝિકોડના વિલીપલ્લીના વતની ૬૪ વર્ષીય પવિત્રન જ્યારે સ્કૂટર ચલાવી રહ્યા હતા ત્યારે તેમના પર એક ઉખડી ગયેલું નારિયેળનું ઝાડ પડતાં તેઓ મોતને ભેટ્યા હતા. ■

# ભારતના વૃદ્ધ યાત્રાળુનું નેપાળના કેબલ કાર સ્ટેશનમાં મૃત્યુ

કાઠમંડુ : નેપાળના ચિતવાન જિલ્લામાં ભારતના ૬૫ વર્ષના નાગરિક કેબલ કાર સ્ટેશનના વૉશરૂમમાં ઢળી પડ્યા હતા અને તેમનું મરણ થયું હતું.

કાઠમંડુથી ૨૦૦ કિલોમીટર દક્ષિણે આવેલા કુરિન્તરના મનકામના કેબલ કાર સ્ટેશનમાં સવારના સાડાઆઠ વાગ્યે આ બનાવ બન્યો હતો. મૃતકને મનુ પ્રસાદ ભટ્ટ તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા, એવી માહિતી કેબલ કાર સ્ટેશનના ડેપ્યુટી જનરલ મેનેજરે આપી હતી. મનુ પ્રસાદ ગોરખા જિલ્લાના મનકામના દેવીના દર્શન કરવા આવ્યા ત્યારે આ બનાવ બન્યો હતો. ભટ્ટની જોડે તેમના પત્ની અને જમાઈ આવ્યાં હતાં.

પ્રાથમિક તપાસ સૂચવે છે કે ભટ્ટનું મૃત્યુ હૃદય બંધ થવાને કારણે થયું હોઈ શકે. મુસ્તાન્ગ જિલ્લામાં આવેલા હિન્દુ અને બૌદ્ધના યાત્રાસ્થળ મુક્તિનાથના દર્શન કરીને તેઓ આ કેબલ કાર સ્ટેશનમાં આવ્યા હતા. મુક્તિનાથ વાયવ્ય નેપાળમાંના ઊંચાઈ પર આવ્લું યાત્રાધામ છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ભારત ચોથા ક્રમનું

ડૉલરનું છે અને ભારતનું અર્થતંત્ર ચાલુ વર્ષે જ તેનાથી આગળ નીકળીને ૪,૧૮૭.૦૧૭ અબજ ડૉલરનું થવાની આશા છે.

ભારતનું અર્થતંત્ર વિશ્વનું સૌથી વધુ ઝડપથી વિકસતું છે અને આગામી બે વર્ષ વિકાસદર છ ટકાથી વધુ રહેવાની આશા છે.

ભારતની જીડીપી ૨૦૨૮ સુધીમાં વધીને ૫,૫૮૪.૪૭૬ અબજ ડૉલર થવાની આશા છે અને તેની સાથે તે જર્મની કરતાં આગળ નીકળી જશે.

### ઑપરેશન સિંદૂર

હતાં. મોદીએ જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂરમાં સૈનિકોની બહાદુરીની સાથે 'મૅઇડ ઇન ઇન્ડિયા' એટલે કે સ્વદેશી બનાવટનાં શસ્ત્રો અને ટેક્નોલૉજી પણ હતા. આ વિજયમાં સૈનિકો ઉપરાંત ઇજનેરો, ટૅક્નિશિયન્સ સહિત દરેક નાગરિકોનું યોગદાન રહ્યું હતું.

વડા પ્રધાને જણાવ્યું હતું કે માઓવાદીઓ સામેની સંયુક્ત લડતના પરિણામ જોવા મળી રહ્યા છે. માઓવાદીઓથી અસરગ્રસ્ત વિસ્તારોમાં હવે શિક્ષણ આપવા સહિતના વિકાસના કાર્ય ઝડપી અને વધુ સારી રીતે થઇ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના ગઢચિરોલીના કાંટેઝારી અને છત્તીસગઢના દાંતેવાડા જેવા માઓવાદીઓથી અસરગ્રસ્ત અંતરિયાળ વિસ્તારોમાં પણ બસ સેવા શરૂ કરાઇ છે. ધોરણ દસમાની અને ધોરણ બારમાની પરીક્ષામાં દાંતેવાડા જિલ્લાના વિદ્યાર્થીઓએ બહુ સારો દેખાવ કર્યો હતો. મોદીએ આવતા વર્ષની ૩૧ માર્ચ સુધીમાં નક્સલવાદનો અંત થવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

દરમિયાન, તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના ગીરના જંગલમાં પાંચ વર્ષમાં જ સિંહોની સંખ્યા ૬૭૪થી વધીને ૮૯૧ થઇ છે. સિંહોની વસતિગણતરીમાં બહુ સારા પરિણામ જોવા મળ્યા હતા.

વડા પ્રધાને જણાવ્યું હતું કે ગુજરાત સહિત દેશના અનેક રાજ્યમાં મધનું ઉત્પાદન અને તેની નિકાસમાં ઘણો વધારો થયો છે. આદિવાસીઓ પણ હવે મધનું ઑનલાઇન વેચાણ કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઇ)એ પોતાની શાળાઓમાં 'શુગર બૉર્ડ' શરૂ કરવાનો નિર્ણય લીધો છે. મોદીએ જણાવ્યું હતું કે ઇન્ડો-તિબેટિયન બૉર્ડ પોલીસના જવાનોએ માઉન્ટ મકાલુ પરના ચઢાણ વખતે ૧૫૦ કિલોગ્રામથી વધારે ઘનકચરો સાફ કર્યો હતો. લોકોમાં પર્યાવરણ અંગેની જાગૃતિ વધી રહી છે. વડા પ્રધાને બિહારના પાંચ શહેરમાં યોજાયેલી 'ખેલો ઇન્ડિયા યુથ ગૅમ્સ'માં ચંદ્રકો જીતનારા ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા. (એજન્સી) ■

### લાલુપ્રસાદે

જણાવ્યું હતું કે તેજપ્રતાપ પારિવારિક મૂલ્યની વિરુદ્ધ કામ કરી રહ્યો છે. તેને પક્ષમાંથી છ વર્ષ માટે બરતરફ કરું છું અને તેની સાથે બધા પારિવારિક સંબંધ તોડી નાખું છું. રાષ્ટ્રીય જનતા દળ બિહાર વિધાનસભાની ચૂંટણી લાલુપ્રસાદના નાના દીકરા તેજસ્વી યાદવના નેતૃત્વ હેઠળ લડવાનો છે.

બિહાર વિધાનસભામાંના વિપક્ષના નેતા તેજસ્વી યાદવે જણાવ્યું હતું કે મારો મોટો ભાઇ પુખ્ત વયનો છે અને પોતાના અંગત જીવનમાં જાતે જ નિર્ણય લેવા મુક્ત છે, પરંતુ અમુક બાબત ચલાવી ન લેવાય.

અગાઉ, તેજપ્રતાપ યાદવ પ્રથમ વખત ૨૦૧૫માં વિધાનસભાની ચૂંટણી જીત્યા હતા અને બે વખત વિધાનસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓ અનેક વિવાદમાં સપડાયેલા છે. (એજન્સી) ■

### કેરળના

સભ્યોએ જહાજ છોડી દીધું અને સમુદ્રમાં કૂદી પડ્યા અને ભારતીય નૌકાદળના જહાજ આઇએનએસ સુજાતાની મદદથી તેમને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. ભારતીય કોસ્ટ ગાર્ડ (આઇસીજી) એ જણાવ્યું હતું કે પ્રદૂષણ નિયંત્રણ ઉપકરણોથી સજ્જ જહાજ 'સક્ષમ' ને તાત્કાલિક તેલ ગળતરની કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે ઘટનાસ્થળે મોકલવામાં આવ્યું છે. નિવેદનમાં જણાવાયું છે કે જહાજ પરના ૬૪૦ કન્ટેનરમાંથી ૧૩માં રાસાયણિક રીતે સંવેદનશીલ સામગ્રી હતી, જ્યારે ૧૨ કન્ટેનર કેલ્શિયમ કાર્બાઇડથી ભરેલાં હતાં. જહાજની ટેન્કોમાં ૮૪.૪૪ મેટ્રિક ટન ડીઝલ અને ૩૬૭૧ મેટ્રિક ટન ફર્નેસ ઓઇલ હતું.

કેરળનો સંવેદનશીલ દરિયાકિનારો જીવંત જૈવવિવિધતા તેમ જ એક મુખ્ય પ્રવાસન આકર્ષણનું સ્વર્ગ છે તે ધ્યાનમાં રાખીને કોસ્ટ ગાર્ડે પ્રદૂષણ નિયંત્રણ તૈયારીઓ વધારી છે અને તમામ સંભવિત પરિસ્થિતિઓનો સામનો કરવા માટે રાજ્ય વહીવટીતંત્ર સાથે સંકલન કર્યું છે. આઇસીજીએ એક નિવેદનમાં કહ્યું હતું કે કોસ્ટ ગાર્ડ વિમાન ટેકનોલોજીની મદદથી પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. હાલમાં ઓઇલ લીક થયાની કોઇ પુષ્ટી થઇ નથી.

તેમણે કહ્યું કે તે બદલાતી પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને જહાજ ડૂબવાથી થતી પર્યાવરણીય અસરો પર સતત નજર રાખી રહ્યું છે. સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે જહાજની માલિકીની કંપનીનું બીજું જહાજ સહાય પૂરી પાડવા માટે વિસ્તારમાં પહોંચી ગયું છે. અગાઉ, અધિકારીઓએ કહ્યું હતું કે જહાજ પર સવાર ૨૪ ક્રૂ સભ્યોમાંથી ૨૧ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે કંપનીની સૂચના મુજબ ત્રણ લોકો જહાજ પર જ રહ્યા હતા.

તેમણે કહ્યું કે બચાવ કામગીરીનું નેતૃત્વ કરી રહેલા કોસ્ટ ગાર્ડ અને ભારતીય નૌકાદળના જહાજો પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. જહાજ શુક્રવારે વિઝિયાગામ બંદરથી કોચ્ચિ જવા રવાના થયું હતું. જહાજની માલિકીની કંપનીએ ભારતીય અધિકારીઓને જાણ કરી કે તેમનું જહાજ ૨૬ ડિગ્રી સુધી ઝૂકી રહ્યું છે અને તેને તાત્કાલિક સહાયની જરૂર છે. ભારતીય કોસ્ટ ગાર્ડે બચાવ અને રાહત કામગીરીનું સંકલન કર્યું અને તેના જહાજો અને વિમાનોને મુશ્કેલીમાં મુકાયેલા જહાજની નજીક તૈનાત રાખ્યા હતા. જહાજના ૨૪ સભ્યોના ક્રૂમાં એક રશિયન (કેપ્ટન), ૨૦ ફિલિપિનો, બે યુક્રેનિયન અને એક જ્યોર્જિયન નાગરિકનો સમાવેશ થાય છે. ■

# વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આવકારવા કચ્છ સજ્જ થયું

## સવાયા કચ્છી વડા પ્રધાનના હસ્તે ૫૩ હજાર કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ઈ-લોકાર્પણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પાકિસ્તાન પ્રેરિત આંતકવાદ વિરુદ્ધ ભારતીય સૈન્ય દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલા ઑપરેશન સિંદૂર બાદ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. ૨૬ અને ૨૭ મેના દાહોદ, ભુજ અને ગાંધીનગરમાં અનેક વિકાસ કામોનું ઈ-લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરશે.

દરમ્યાન, વડા પ્રધાનની ભુજ મુલાકાતની પૂર્વસંધ્યાએ શહેરના તમામ સર્કલો તેમજ સરકારી ઈમારતોને 'ઑપરેશન સિંદૂર'ના બેનરો તેમ જ રોશનીથી શણગારી દેવામાં આવ્યા છે. એક લાખથી વધુ જનમેદનીનો સમાવેશ થઈ શકે એ પ્રકારના પાંચ વોટર અને હિટપ્રૂફ વાતાનુકૂલિત ડોમનું નિર્માણ કરવામાં આવ્યું છે તેમજ કોલેજ રોડની બંને તરફના ફૂટપાથને પણ ઑપરેશન સિંદૂરની થીમ વડે સુશોભિત કરી દેવાયા છે.

૨૬મી તારીખે બપોરે ભુજના હિલગાર્ડન પાસેથી કોલેજ રોડ પર બનાવવામાં આવેલા વિશાળ સભાખંડ સુધી વડા પ્રધાનનો દોઢ કિલોમીટર લાંબો રોડ-શો પણ યોજાશે જેમાં કેસરી રંગની સાડીમાં સજ્જ અંદાજે દસ હજાર જેટલી મહિલાઓ સિંદૂર ધારણ કરીને નરેન્દ્ર મોદીને આવકારશે તેમજ ઉપસ્થિત જનમેદની હાથમાં ૧૦૦૦ મીટરનો ત્રિરંગો લહેરાવી પોતાનો દેશપ્રેમ વ્યક્ત કરશે.

સભાખંડમાં વડા પ્રધાનના હસ્તે ૫૩, ૪૧૪ કરોડના ખર્ચે ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. ભુજમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પાણી પુરવઠા વિભાગ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, પાવરગ્રીડ તેમ જ દીનદયાલ પોર્ટ ઓથોરિટીના કુલ ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. લોકાર્પણ થનારા વિકાસકાર્યોમાં કચ્છના મંજલમાં ૧૦ મેગાવોટ સોલાર પીવી પ્રકલ્પ, લાકડિયા ખાતે ૩૫ મેગાવોટ સોલાર પીવી પ્રકલ્પ, લાયજા-બાડા-માપર-મોડકુબા-લઠેડી-સાંધાણ, સુથરી માર્ગનું વિસ્તરણ તેમજ મજબૂતીકરણ, ભિરંડીયારા-હોડકો-ધોરડો ટેન્ટ સિટી માર્ગનું વિસ્તરણ અને મજબૂતીકરણ, કંડલા મહાબંદર ખાતે ઓઇલ જેટી નં.૮, કાર્ગો જેટી વિસ્તારમાં આધુનિક ડોમ અને ટ્રાન્ઝિટ સ્ટોરેજ ગોડાઉન્સ, અદિપુરથી કાર્ગો બર્થ ૧૬ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૪૧ સુધી માટે વધારાની રોડ કનેક્ટિવિટી, કંડલામાં ઈએક્સઆઈએમ કાર્ગોના સ્ટોરેજ માટે પોર્ટ વિસ્તારનું વિસ્તરણ, તુણા-ટેકરા ખાતે કન્ટેનર ટર્મિનલ માટે કોમન કનેક્ટિવિટી, ગોપાલપુરીની પોર્ટ કોલોનીમાં ડી-ટાઇપ ક્વાર્ટર્સ, ગાંધીધામની ડી.પી.એ.પ્રશાસનિક કચેરીમાં સેંટર ઓફ એક્સલન્સ, કચ્છના કુળદેવીમાં આશાપુરાના સ્થાનક માતાના મઢ ખાતે મંદિર પરિસર, ખાટલા ભવાની, ચાચરા કુંડ વગેરે ઐતિહાસિક સ્થળોનો વિકાસ અને યાત્રિકો માટેની સુવિધાઓ ઊભી કરાશે.

આ ઉપરાંત ખાવડામાં નવનિર્મિત રિન્યુએબલ ગ્રીન એનર્જી ઝોનમાંથી વીજ પુરવઠા માટે ૮૦૦ કે.વી.એચવીડીસી પ્રોજેક્ટ, ખાવડા રીન્યુએબલ પાર્કમાંથી વધારાની સાત જીડબલ્યુ વીજ પુરવઠા માટે ટ્રાન્સમિશન સિસ્ટમ, ૪૦૦/૨૨૦ કે.વી.મેવાસા સબસ્ટેશન, કંડલા ખાતે ૧૦ મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન સુવિધાનું નિર્માણ, કંડલા પોર્ટ ખાતે હાયપરલૂપ પોડ ટેક્નોલોજી, કંડલામાં ત્રણ રોડ ઓવર બ્રિજનું નિર્માણ અને છ લેન માર્ગોમાં સુધારો, ઔદ્યોગિક નગરી તરીકે ઓળખાતાં ગાંધીધામ સંકુલમાં વાવાઝોડાં પ્રતિરોધક અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ નેટવર્ક, પાલાસવા-ભીમાસર, હમીરપુર, ફતેગઢ ખાતે સીસી રોડનું નિર્માણ, કોટડા-બિટ્ટા માર્ગનું મજબૂતીકરણ, ભુજથી નખત્રાણા સુધી ચાર લેન હાઇ સ્પીડ કોરિડોર, પશ્ચિમ કચ્છના સીમાવર્તી અબડાસામાં ગ્રૂપ ઇમ્પ્રુવમેન્ટ વોટર સપ્લાય યોજના, ધોળાવીરા ખાતે પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણનો સમાવેશ થાય છે. આ વિકાસકાર્યોથી કચ્છ જિલ્લાની વિકાસયાત્રાને વધુ વેગ મળશે. ■

# વડા પ્રધાન મોદી આજે ગુજરાતની મુલાકાતે

## બે દિવસમાં ૭૭,૦૦૦ કરોડથી વધુની પરિયોજનાઓનો શુભારંભ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી સોમવારથી ગુજરાતનાં બે દિવસીય પ્રવાસે આવશે. તેઓ બે દિવસની મુલાકાત દરમિયાન તેઓ સમગ્ર ગુજરાતમાં ૭૭,૪૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. એક નિવેદન અનુસાર, નરેન્દ્ર મોદી ૨૬મી મેના સોમવારે એલ લોકોમોટિવ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે અને દાહોદથી ઇલેક્ટ્રિક લોકોમોટિવને લીલી ઝંડી આપશે. દાહોદ પ્લાન્ટ સ્થાનિક હેતુઓ અને નિકાસ માટે ૯,૦૦૦ હોર્સ પાવરના ઇલેક્ટ્રિક લોકોમોટિવ્સનું ઉત્પાદન કરશે. આ લોકોમોટિવ્સ રિજનરેટિવ બ્રેકિંગ સિસ્ટમ્સથી સજ્જ હશે, અને ઊર્જા વપરાશ ઘટાડવા માટે ડિઝાઇન કરવામાં આવી રહ્યા છે, એમ નિવેદનમાં જણાવાયું છે. આ પછી તેઓ ભુજ જશે અને ૫૩,૪૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. તેઓ બંને સ્થળોએ સભાઓને સંબોધિત કરશે.

વડા પ્રધાન મોદી ૨૭મી મેના મંગળવારના રોજ ગાંધીનગરસ્થિત મહાત્મા મંદિરમાં આયોજિત વિશેષ કાર્યક્રમમાં હાજરી આપશે અને વિવિધ વિભાગો હેઠળ રૂ.૫,૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂત કરશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પણ આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહેશે.

વડા પ્રધાન મોદી વેરાવળ અને અમદાવાદ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ અને વલસાડ અને દાહોદ સ્ટેશનો વચ્ચે એક એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપશે. તે ઉપરાંત તેઓ ગેજ રૂપાંતરિત કટોસણ-કલોલ સેક્શનનું ઉદ્ઘાટન પણ કરશે અને તેના પર માલગાડીને લીલી ઝંડી આપશે. ભુજમાં હાથ ધરવામાં આવી રહેલા પ્રોજેક્ટ્સમાં ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્કમાં ઉત્પન્ન થતી રિન્યુએબલ એનર્જીના સ્થળાંતર માટેના ટ્રાન્સમિશન પ્રોજેક્ટ્સ, ટ્રાન્સમિશન નેટવર્ક વિસ્તરણ અને તાપી ખાતે અલ્ટ્રા સુપર ક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટ યુનિટનો સમાવેશ થાય છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ.૧૦૦૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૨૨,૦૦૦થી વધુ રહેણાક એકમોનું લોકાર્પણ કરશે. સુરતના કાંકરા-ખાડીના કિનારે રૂ. ૧૪૫ કરોડના ખર્ચે પડતર જમીનનો કાયાકલ્પ કરીને બનેલા બાયોડાયવર્સિટી પાર્કનું પણ વડા પ્રધાનના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. શહેરી વિકાસ વિભાગ હેઠળ કુલ રૂ. ૧,૪૪૭ કરોડના વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવશે, જેમાં જામનગર, સુરત, અમદાવાદ, ગાંધીનગર અને જૂનાગઢ શહેરના વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે. વડા પ્રધાન રૂ. ૧,૩૪૭ કરોડના શહેરી વિકાસના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરશે, જેમાં અમદાવાદ ખાતે રૂ. ૧૦૦૦ કરોડના ખર્ચે બનનારા સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૩ના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

તે ઉપરાંત તેઓ જળ સંસાધન વિભાગ હેઠળ રૂ.૧૮૬૦ કરોડ થી વધુના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આમાં બનાસકાંઠામાં રૂ.૮૮૮ કરોડના ખર્ચે બનનારી થરાદ ધાનેરા પાઇપલાઇન, રૂ. ૬૭૮ કરોડના ખર્ચે દિયોદર લાખણી પાઇપલાઇનના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

વડા પ્રધાન ગાંધીનગર ખાતે રૂ.૮૪ કરોડના ખર્ચે યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરનું લોકાર્પણ કરશે. તો અમદાવાદમાં રૂ. ૫૮૮ કરોડના ખર્ચે ઓપીડી સાથે ૧૮૦૦ બેડ ધરાવતા આઈપીડી જેમાં ચેપી રોગ માટે ૫૦૦ બેડની સુવિધાનું નિર્માણ થઈ રહ્યું છે, જેનું તેઓ ખાતમુહૂર્ત કરશે. આ કાર્યક્રમમાં વડા પ્રધાન દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૧૭ મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂ. ૨૭૩૧ કરોડ અને ૧૪૯ મ્યુનિસિપાલિટીને રૂ. ૫૬૯ કરોડના ચેકનું વિતરણ પણ કરવામાં આવશે. ■

# પ્રોટોકોલને પડતો મૂકીને ગુજરાતના રાજ્યપાલે ગાંધીનગરથી આણંદ સુધી એસટી બસમાં મુસાફરી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પોતાની સાદગીપૂર્ણ જીવનશૈલીના કારણે ચર્ચામાં રહેતા હોય છે. રવિવારે તેઓ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં આત્મા પ્રોજેક્ટ અને આણંદ કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ભાગ લેવા માટે પરંપરાગત પ્રોટોકોલ અને વીવીઆઈપી વ્યવસ્થાને બાજુએ રાખીને એક પ્રેરણાદાયક પહેલ રૂપે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (જીએસઆરટીસીજી)ની એસ.ટી. બસ દ્વારા સામાન્ય નાગરિકોની સાથે મુસાફરી કરીને આણંદ પહોંચ્યા હતા.

આણંદની આ મુસાફરી માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ઑનલાઇન એડવાન્સ બુકિંગ દ્વારા વિસનગરથી આણંદ રૂટની નોન-એસી સુપર ડિલક્સ શ્રેણીની એસ.ટી. બસમાં ત્રણ ટિકિટ બુક કરાવી હતી. સવારે ૭:૨૦ વાગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત કોઈ પૂર્વ સૂચના વિના રાજભવનથી સીધા ગાંધીનગર એસ.ટી. ડેપો પહોંચ્યા હતા અને ત્યાંથી અન્ય સામાન્ય મુસાફરો સાથે આ બસમાં બેઠા હતા. આ બસ નિર્ધારિત રૂટ અને સ્ટોપેજ મુજબ અમદાવાદના રાણીપ, ગીતામંદિર વગેરે થઈને સવારે ૧૦:૧૫ વાગે આણંદ એસ.ટી. બસ સ્ટેશન પર પહોંચી હતી.

આ સફર દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બસમાં બેઠેલા અન્ય મુસાફરો સાથે સંવાદ કર્યો હતો. રાજ્યપાલે પોતાનો અનુભવ જણાવતાં કહ્યું હતું કે, લાંબા સમયથી મારી ખૂબ ઈચ્છા હતી કે એક દિવસ હું ગુજરાત રોડવેઝની સામાન્ય બસમાં, સામાન્ય નાગરિકો સાથે મુસાફરી કરું. આજે સવારે ૭:૨૦ વાગ્યે ગાંધીનગરથી નીકળી અને આશરે ૧૦:૧૫ વાગ્યે આણંદ પહોંચ્યો હતો. આ યાત્રા દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોના ભાઈ-બહેનો સાથે મુલાકાત અને વાતચીતનો અવસર મળ્યો હતો.

આણંદ એસ.ટી. સ્ટેશન પર જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેક્ટર આર. એસ. દેસાઈ, કૃષિ યુનિવર્સિટીના કુલપતિ કે. બી. કથિરીયા તથા ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (જીએસઆરટીસી)ના સિનિયર અધિકારીઓ અને કર્મચારીઓએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું સ્વાગત કર્યું હતું. ■

### રાજકોટ ટીઆરપી અગ્નિકાંડની પ્રથમ વરસી

# ન્યાય માટે કૉંગ્રેસે પીડિત પરિવારો સાથે ઘટનાસ્થળે હવન કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના કાલાવડ રોડ પર આવેલા ટીઆરપી ગૅમઝોનમાં ૨૫ મે, ૨૦૨૪ના રોજ બનેલા હૃદયદ્રાવક અગ્નિકાંડને એક વર્ષ પૂર્ણ થયું હતું. આ દુર્ઘટનામાં ૨૭ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા, પરંતુ પીડિત પરિવારોને હજુ સુધી ન્યાય મળ્યો નથી. આથી, પીડિત પરિવારોને ન્યાય અપાવવા અને મૃતાત્માઓના મોક્ષાર્થે આજે ઘટનાસ્થળે રાજકોટ શહેર કૉંગ્રેસ સમિતિ દ્વારા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હવનમાં કૉંગ્રેસના ધારાસભ્યો સહિત અનેક આગેવાનો અને કાર્યકરો પીડિત પરિવારો સાથે જોડાયા હતા.

રાજકોટ શહેર કૉંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા, પીડબ્લ્યુડી, પોલીસ તંત્ર અને રાજ્ય સરકારની ભ્રષ્ટ નીતિઓને કારણે આ અગ્નિકાંડ સર્જાયો હતો. ૩૦૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં ૨૭ માનવ જિંદગી ભડથું થઈ ગઈ હોવા છતાં એક વર્ષ વીતી ગયા પછી પણ સરકાર સંવેદનશીલ બની નથી. ફાયર બ્રિગેડના ભ્રષ્ટાચારી અધિકારીઓ જેલ ભેગા થયા હોવા છતાં, સરકારમાં પ્રવર્તતા કરપ્શન અનલિમિટેડ અને ગાંધી છાપ વગર કામ ન થતા હોવાનો આરોપ તેમણે લગાવ્યો હતો.

કૉંગ્રેસે માગ કરી હતી કે, પીડિત પરિવારોમાંથી એક વ્યક્તિને નોકરી મળે, અપૂરતી સહાયને બદલે પૂરતી સહાય આપવામાં આવે અને મોરબી કાંડ તથા હરણી કાંડ જેટલી સહાયની રકમ રાજ્ય સરકાર ચૂકવે. આ ઉપરાંત, કોર્પોરેટર, ધારાસભ્ય કે પદાધિકારીઓ સામે ફરીથી ફેરતપાસ કરીને તેમને આરોપી બનાવવામાં આવે તેવી પણ માગ કરવામાં આવી હતી. વધુમાં કહ્યું હતું કે, સંવેદનશીલ અને ગરીબોની વાતો કરનારી સરકારની બેદરકારીને બદલે આરોપીઓ સામે હજુ સુધી ચાર્જ ફ્રેમ પણ થયો નથી. આરોપીઓ દ્વારા જાણી જોઈને કેસ લંબાવવામાં આવી રહ્યો છે અને ડે-ટુ-ડે કેસ ચલાવવાની અરજીની પણ કોઈ સુનાવણી થઈ નથી.

હવનના કાર્યક્રમમાં કૉંગ્રેસના તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પ્રદેશ કૉંગ્રેસ કિસાન સેલના અધ્યક્ષ પાલ આંબલિયા, ગુજરાત યુથ કૉંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા, રાજકોટ શહેર કૉંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી સહિતના આગેવાનો અને કાર્યકરો પીડિત પરિવારો સાથે હવનમાં આહુતિ આપવા જોડાયા હતા. ■

# ગુજરાતમાં કડી અને વિસાવદર બેઠકો પર પેટાચૂંટણીની તારીખો જાહેર: ૧૯ જૂને મતદાન, ૨૩ જૂને મતગણતરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાતની બે મહત્ત્વપૂર્ણ વિધાનસભા બેઠકો, કડી અને વિસાવદર માટે પેટાચૂંટણીની તારીખોની રવિવારે સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આગામી ૧૯ જૂન, ગુરુવારના રોજ આ બંને બેઠકો પર મતદાન યોજાશે, જ્યારે ૨૩ જૂન, સોમવારના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, પેટાચૂંટણી માટેની ગેઝેટ નોટિફિકેશન ૨૬ મે, સોમવારના રોજ બહાર પાડવામાં આવશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૨ જૂન, સોમવાર રહેશે. ઉમેદવારી પત્રોની ચકાસણી ત્રણ જૂન, મંગળવારના રોજ થશે અને ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૫ જૂન, ગુરુવાર રહેશે. ૧૯ જૂન, ગુરુવારના રોજ મતદાન યોજાશે અને ૨૩ જૂન, સોમવારના રોજ મતગણતરી હાથ ધરાશે. ૨૫ જૂન, બુધવાર સુધીમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કડી વિધાનસભા બેઠક તેના ધારાસભ્ય કરસનભાઈ સોલંકીના નિધનના કારણે ખાલી પડી હતી. જ્યારે વિસાવદર વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય ભૂપેન્દ્રભાઈ ભાયાણીએ રાજીનામું આપ્યું હોવાથી આ બેઠક પર પેટાચૂંટણી યોજાઈ રહી છે. આ પેટાચૂંટણીઓ રાજ્યના રાજકીય ગરમાવાને વધુ તેજ બનાવશે. આ પેટાચૂંટણીઓ, ખાસ કરીને ગુજરાતમાં, આગામી સમયમાં રાજકીય પક્ષો માટે એક મહત્ત્વપૂર્ણ પરીક્ષા સમાન રહેશે, જેમાં મતદારોનો ઝુકાવ કઈ દિશામાં છે તેનો સંકેત મળી શકે છે. ■

### ▶ વિસાવદરમાં ત્રિપાંખિયો ચૂંટણી જંગ જામશે
### ▶ ભાજપ, આપ અને કૉંગ્રેસના ઉમેદવાર વચ્ચે ટક્કર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાજપ શાસિત ગુજરાતમાં વિસાવદર વિધાનસભા બેઠક પર ૧૯ જૂને યોજાનારી પેટાચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ થવાની સંભાવના છે, કારણ કે આમ આદમી પાર્ટીએ પહેલાથી જ તેના ઉમેદવાર ગોપાલ ઇટાલિયાની જાહેરાત કરી દીધી છે અને તેના ઇન્ડિયા બ્લોક સહયોગી કૉંગ્રેસ પાર્ટીએ અગાઉ કહ્યું હતું કે તે આ પેટાચૂંટણીમાં ગઠબંધનમાં જોડાશે નહીં પણ તે એકલા હાથે જ ઝંપલાવશે.

રવિવારે ચૂંટણી પંચે જૂનાગઢ અને મહેસાણા જિલ્લાના વિસાવદર અને કડી વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણીની તારીખો જાહેર કર્યા પછી કૉંગ્રેસ અને ભાજપે વિજયી થવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. મહેસાણામાં પત્રકારો સાથે વાત કરતા, ગુજરાતના આરોગ્ય પ્રધાન અને ભાજપ સરકારના પ્રવક્તા હૃષિકેશ પટેલે કહ્યું હતું કે તેમને વિશ્વાસ છે કે ગુજરાતના લોકો કૉંગ્રેસ કે અન્ય કોઈપણ પક્ષને નકારી કાઢશે. અમે બંને બેઠકો હજારો મતોની લીડથી જીતીશું. તે પ્રકારે ગુજરાત કૉંગ્રેસના પ્રમુખ અને રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું કે તેમની પાર્ટીએ પેટાચૂંટણી માટે તૈયારીઓ ખૂબ અગાઉથી શરૂ કરી દીધી હતી. શક્તિસિંહ ગોહિલે કડી અને વિસાવદર બન્ને બેઠકો માટે ચૂંટણી પ્રભારીઓના નામની પણ જાહેરાત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણી ૧૯ જૂને યોજાશે અને મતગણતરી ૨૩ જૂને થશે, એમ ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું હતું. નોમિનેશન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨ જૂન, ફોર્મની ચકાસણી ૩ જૂન અને ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૫ જૂન રહેશે.

૧૮૨ બેઠકોવાળી ગુજરાત વિધાનસભામાં, ભાજપ પાસે ૧૬૧ ધારાસભ્યો છે, કૉંગ્રેસના ૧૨ ધારાસભ્યો છે અને આપ પાસે ચાર ધારાસભ્યો છે, જ્યારે એક બેઠક સમાજવાદી પાર્ટી અને બે અપક્ષો પાસે છે. ■

# ગુજરાતમાં એન્જિનિયરિંગમાં પ્રવેશની પેટર્ન બદલાઈ

## વિદ્યાર્થીઓની તુલનામાં વિદ્યાર્થિનીઓની સંખ્યા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એક સમયે એન્જિનિયરિંગમાં અભ્યાસમાં યુવકોનો દબદબો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ મેળવતા હતા. જો કે ગુજરાતમાં એન્જિનિયરિંગમાં પ્રવેશ અંગે એક નવી પેટર્ન જોવા મળી છે. છેલ્લા એક દાયકામાં આ ક્ષેત્રમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા વધી છે, જ્યારે વિદ્યાર્થીની સંખ્યામાં ઘટાડો થયો છે. ધો. ૧૨ સાયન્સ પછી એન્જિનિયરિંગ કરતી વિદ્યાર્થિનીઓની સંખ્યા ૨૦૧૫માં ૧૬ ટકા હતી તે ૨૦૨૫માં વધીને ૨૮ ટકા પર પહોંચી છે. જ્યારે વિદ્યાર્થીઓના એનરોલમેન્ટમાં આશરે ૧૩ ટકા ઘટાડો થયો છે.

એસીપીસીના આંકડા મુજબ, પ્રવેશ પ્રક્રિયામાં નોંધણી કરાવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૧૫ માં ૮૪ ટકા હતી તે ઘટીને ૨૦૨૫ માં ૭૧.૬૬ ટકા થઈ હતી, જે લગભગ ૧૩ ટકા પોઈન્ટનો ઘટાડો દર્શાવે છે. સૂત્રોના કહેવા પ્રમાણે, વિદ્યાર્થિનીઓ હવે મિકેનિકલ, સિવિલ એન્જિનિયરિંગ જેવી કોર એન્જિનિયરિંગ શાખાઓમાં પણ પ્રવેશ લઈ રહી છે. પરંતુ કોમ્પ્યુટર એન્જિનિયરિંગ, ઇલેક્ટ્રોનિક્સ ઉપરાંત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ જેવી એન્જિનિયરિંગ શાખાઓ પણ વધુ રસ દાખવી રહી છે. પહેલા વિદ્યાર્થિનીઓ ઇલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન, આઈસીટી અને ડેટા સાયન્સમાં પ્રવેશ લેતી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાતમાં વધુ ડિગ્રી એન્જિનિયરિંગ કૉલેજો ખૂલવાથી શિક્ષણનો વ્યાપ વધ્યો છે. તે ઉપરાંત રાજ્યમાં યુનિવર્સિટીઓ અને ખાનગી સંસ્થાઓ અનેક ગણી વધી ગઈ છે, જે નગરો અને જિલ્લાઓ સુધી પહોંચી છે, તેથી વિદ્યાર્થિનીઓ પણ મોટા પ્રમાણમાં એડમિશન લઈ રહી છે. ■

# અમદાવાદના ચંડોળા તળાવમાં કાટમાળ હટાવી તળાવને ઊંડું કરવાની કામગીરી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના સૌથી મોટા ચંડોળા તળાવ પરના ૧૨ હજાર જેટલા નાના-મોટા કાચાપાકા દબાણો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દૂર કરવામાં આવ્યા છે. કોર્પોરેશન દ્વારા બાંધકામ દૂર કર્યા બાદ બીજા દિવસથી જ કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરી દેવાઇ છે તો બીજી તરફ પ્રથમ તબક્કામાં જ્યાં બાંધકામ તોડવામાં આવ્યા હતા ત્યાં કાટમાળ હટાવી તળાવને ઊંડું કરવાની કામગીરી ચાલી રહી છે. તળાવનું ડેવલોપમેન્ટ કરવાનું હોવાથી ઊંડું કરવાની કામગીરી શરૂ થઈ ગઈ છે. ચંડોળા તળાવમાં ટ્રકો અને જેસીબી મશીનો કાટમાળ હટાવવાની કામગીરીમાં કાર્યરત છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચંડોળા તળાવમાં કુલ ૧૧ લાખ ચોરસ મીટરનું ક્ષેત્રફળ ધરાવતા વિસ્તારને અમદાવાદ મનપા દ્વારા તળાવનો સંપૂર્ણ વિકાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. રોજના ૧૦૦ ટ્રકો અને ૧૪ જે.સી.બી. મશીન મારફતે ૨૮૦૦ મેટ્રિક ટનથી વધુ કાટમાળ દૂર થઈ રહ્યો છે. તળાવમાંથી કાટમાળ દૂર કરવાની સાથે સાથે પાણીનો સંગ્રહ કરવા માટે તળાવને ઊંડું કરવાની કામગીરી પણ ઝોનમાંથી કરવામાં આવી રહી છે.

ચંડોળા તળાવના ભાગને ઊંડો કરી અને એ માટી બહાર કાઢવામાં આવે છે, તેને મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગના ઘનિષ્ઠ વનીકરણ પ્રોજેક્ટ અંતર્ગત ગ્યાસપુર ખાતે ઉપયોગમાં લેવામાં આવશે છે, જ્યારે દબાણો દૂર કર્યા બાદ નીકળેલા કન્સ્ટ્રક્શન અને ડિમોલિશન વિસ્ટને મનપાના સી એન્ડ ડી વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ ખાતે વેસ્ટમાંથી જુદી-જુદી પ્રોડક્ટ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. ■

# ઘઉંની ખરીદી પર ₹૧૫૦ પ્રતિ ક્વિન્ટલ બોનસની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારત સરકાર દ્વારા રવી માર્કેટિંગ સિઝન ૨૦૨૫-૨૬ માટે ટેકાના ભાવે ઘઉંનું પ્રમાણ રૂપિયા ૨૪૨૫ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરાયું છે, જેના પર રાજ્ય સરકાર દ્વારા વધુમાં રૂપિયા ૧૫૦ પ્રતિ ક્વિન્ટલ બોનસ જાહેર કરવામાં આવ્યું છે. ઘઉંની ખરીદી રાજ્ય સરકાર દ્વારા પર પ્રતિ ક્વિન્ટલ ૧૫૦ રૂપિયાનું બોનસ આપવામાં આવશે, જેને કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ છે.

ખેડૂતોને તેમના ઉત્પાદનનો યોગ્ય ભાવ મળી રહે તે માટે રવી માર્કેટિંગ સિઝન ૨૦૨૫-૨૬ માટે રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. મારફતે કરવામાં આવી રહી છે. ઘઉંની ખરીદીની અંતિમ તારીખ ૩૧/૦૫/૨૦૨૫ છે. તમામ ખેડૂતમિત્રોને આ વધારાના બોનસનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

બોટાદ જિલ્લામાં રવી માર્કેટિંગ સિઝન ૨૦૨૫-૨૬ અંતર્ગત ખેડૂતો પાસેથી ઘઉંની ખરીદી પર ૧૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ બોનસ આપશે. ઘઉંનો ભાવ હાલના સમયમાં બોટાદના માર્કેટિંગ યાર્ડમાં ૪૦૦ થી ૬૦૦ રૂપિયા મળે છે. માર્કેટિંગ યાર્ડ પર ઘઉંની પુષ્કળ આવક થાય છે અને બોટાદ જિલ્લાની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો પણ ઘઉં વેચવા અહીં આવે છે. હાલમાં ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવી રહી છે. બોટાદ જિલ્લામાં ખેડૂતો મગફળી, કપાસ અને ઘઉંનું મોટાપાયે વાવેતર કરે છે. ■

# સુરત પોલીસે ૭.૪૪ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે ચાર પેડલરની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં શહેરમાં ડ્રગ્સ સપ્લાય કરતી એક ગૅંગને સુરત ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડી હતી. ક્રાઇમ બ્રાન્ચે સરથાણા નજીક ડ્રગ્સ સપ્લાય કરતી વખતે આ ગૅંગના ચાર સભ્યને ઝડપી પાડવામાં આવ્યાં હતા. આરોપીઓ પાસેથી કુલ ૭.૪૪ લાખ રૂપિયાની કિંમતનું ૭૪.૪૫૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ પણ જપ્ત કરવામા આવ્યું હતું. પૂછપરછ દરમિયાન આરોપીએ જણાવ્યું હતું કે, આ મેફેડ્રોન ડ્રગ્સ તેઓ મુંબઈથી લાવ્યા હતા. મુંબઈથી ડ્રગ્સ માફિયાઓ અલગ અલગ પેડલરો દ્વારા સપ્લાય કરે છે. જેના માટે પેડલરનો રૂપિયા પણ આપવામાં આવે છે.

સુરત પોલીસ અત્યારે ડ્રગ્સ વિરુદ્ધ અભિયાન ચલાવી રહી છે, જે અંતર્ગત સુરત પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી અને ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને આરોપીઓની ગાડીના સ્ટિયરિંગમાંથી મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે ચાર આરોપી પંકજકુમાર પાસવાન, સરફરાજ અનસારી, રોહનકુમાર રાઠોડ અને જગત જીવન રાઉત પાસેથી ડ્રગ્સ, કાર, મોબાઈલ સહિત ૧૨.૯૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ■

# ધોલેરા-ભાવનગર હાઈવે પર ગમખ્વાર અકસ્માત: ચારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ધોલેરા-ભાવનગર હાઈવે પર સાંઢીડા નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બે કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમા ચાર વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા હતા. આ અકસ્માતમાં જીવ ગુમાવનાર એક જ પરિવારના ૩ના મોત થયાં છે. જ્યારે એક ભાવનગરનો વતની આકીબભાઈ આરીફભાઈ ડબાવાલાનું મોત થયું છે.

આ ભીષણ અકસ્માતમાં મોતને ભેટેલા લોકોમાં મિહિર પંકજભાઈ મારુ, શ્યામબેન કેશુભાઈ મારુ, ગીતાબેન પંકજભાઈ મારું - તમામ રહે. મૂળ વતન કમળેજ, જી. ભાવનગર (હાલ વીઆઇપી રોડ શેલા અમદાવાદ) જ્યારે અન્ય વ્યક્તિ આકીબભાઈ આરીફભાઈ ડબાવાલા - ૩૧ રહે. ભાવનગરનો સમાવેશ થાય છે.

અકસ્માત એટલો ભયાનક હતો કે બંને વાહનો ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થયાં હતાં. ઘટનાની જાણ થતાં જ ધોલેરા પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માતનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતમાં એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે લઈ જતા તે દરમિયાન રસ્તામાં જ તેનું મોત નીપજ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ માર્ગ પર વારંવાર થતા અકસ્માતોની ઘટના બનતી રહે છે. અગાઉ ૧૨મેના એટલે કે ૧૩ દિવસ પહેલા ધોલેરા-ભાવનગર હાઇવે પર ગમખ્વાર અકસ્માત થયો હતો. ■

## સંસ્થા સમાચાર

### શનિદેવ જન્મોત્સવ

દક્ષિણ મુંબઈમાં આવેલા તુલસીદાસ મેન્શનમાં ૧૪૩ વર્ષ અગાઉ સ્વયંભૂ પ્રગટ થયેલા હનુમાનજીના શ્રી સંકટમોચન હનુમાન મંદિરમાં શનિદેવ જન્મોત્સવનું આયોજન ૨૬ મેએ કરવામાં આવ્યું છે. એ દિવસે સવારે આરતી બાદ સાંજે ભંડારાનો લાભ ભક્તો લઈ શકશે. દિવસભર મંદિરમાં હનુમાન ચાલીસા અને શનિ ચાલીસાનો પાઠ ભક્તો દ્વારા કરવામાં આવશે.

### લોંગ નોટબુકનું રાહતદરે વિતરણ

શ્રી વિસા સોરઠીયા વણિક હિતવર્ધક મંડળ જ્ઞાતિ માટે વિવિધ સમાજ ઉપયોગી કાર્યો કરે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સુપર ડિલક્સ લોંગ નોટબુક રાહતદરે આપવામાં આવશે. એના માટે વહેલો તે પહેલોના ધોરણે સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે.

### કવિતાનો કંસાર

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા) તથા મા આનંદમયી ફાઉન્ડેશન (ગુજરાત)ના સંયુક્ત ઉપક્રમે ૩૧ મેએ 'કવિતાનો કંસાર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિલેપાર્લે (પશ્ચિમ)માં દશરથલાલ જોશી પુસ્તકાલયમાં આયોજિત કાર્યક્રમમાં વિવિધ કવિઓ કવિતાનો રસ પિરસશે.

# નાંદેડમાં સ્થાનિક સ્વરાજય સંસ્થાની ચૂંટણીનું રણશિંગું ફૂંકશે અમિત શાહ

મુંબઈઃ ત્રણ દિવસની મહારાષ્ટ્રની મુલાકાતે આવેલા દેશના ગૃહપ્રધાન અમિત શાહ નાંદેડની મુલાકાત વખતે રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીનું રણશિંગું ફૂંકશે એવું માનવામાં આવી રહ્યું છે.

નાંદેડમાં અમિત શાહ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ અંગે ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠકો કરશે એવો કાર્યક્રમ ઘડવામાં આવ્યો છે. ત્યારબાદ તેઓ એક જાહેર સભાને સંબોધિત કરે તેવી શક્યતા પણ છે. ભાજપના એક કાર્યકર્તાએ કહ્યું હતું કે, 'ભાજપ માટે દરેક ચૂંટણી મહત્વપૂર્ણ છે. પછી તે લોકસભાની ચૂંટણી હોય, વિધાનસભાની ચૂંટણી હોય કે મ્યુનિસિપલ ચૂંટણી હોય. રાજ્ય અને કેન્દ્રીય નેતૃત્વ બંને સંયુક્ત રીતે ચૂંટણી માટે રણનીતિ બનાવે છે અને તેનો અમલ કરે છે.'

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં નાંદેડનું મહત્વ

નાંદેડમાં પ્રખ્યાત હઝુર સાહિબ ગુરુદ્વારા છે. નાંદેડ શહેરના કોંગ્રેસના નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન શંકરરાવ ચવ્હાણના જન્મસ્થળ તરીકે જાણીતું છે, જેમનો વારસો તેમના પુત્ર, વરિષ્ઠ ભાજપ નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવ્હાણ આગળ ધપાવી રહ્યા છે. નાંદેડથી બે વખત લોકસભા સાંસદ રહેલા અશોક ચવ્હાણ ફેબ્રુઆરી ૨૦૨૪માં કોંગ્રેસ છોડીને લોકસભા ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા હતા. ભાજપે ટૂંક સમયમાં તેમને રાજ્યસભા માટે નોમિનેટ કર્યા. તેમની પુત્રી શ્રીજયા ચવ્હાણ ભાજપની ટિકિટ પર ભોકર વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડી અને જીતી ગઈ હતી.

અમિત શાહ નાંદેડમાં રેલીને સંબોધિત કરવાના હોવાથી, એ વાત ચોક્કસ છે કે અશોક ચવ્હાણ પોતાના વતનમાં પોતાની તાકાત બતાવવાનો પ્રયાસ કરશે. અમિત શાહની બેઠક પહેલા, અશોક ચવ્હાણે કોંગ્રેસ અને શરદ પવારની આગેવાની હેઠળના એનસીપીના અનેક અગ્રણી સ્થાનિક નેતાઓ સાથે મુલાકાતો કરી છે.

આ બેઠકોને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા વિપક્ષી પાર્ટીના નેતાઓને ભાજપમાં લાવવાની રણનીતિ તરીકે જોવામાં આવી રહી છે. અમે કોંગ્રેસ અને એનસીપી (શરદ પવાર)ના કેટલાક નેતાઓ સાથે ચર્ચા કરી રહ્યા છીએ, જેમાં નાંદેડના ભૂતપૂર્વ વિધાનસભ્યોનો પણ સમાવેશ થાય છે. ચવ્હાણના એક નજીકના સાથીએ કહ્યું છે કે અમિત શાહની બેઠક દરમિયાન તેમને ભાજપમાં સામેલ કરવામાં આવશે.

રાજ્ય ભાજપ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળેએ પણ વિરોધ પક્ષોના નેતાઓને ભાજપમાં લાવવાના પ્રયાસો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તેમણે કહ્યું હતું કે, 'જો અન્ય પક્ષોમાંથી કોઈ ભાજપમાં આવીને કામ કરવા તૈયાર હોય, તો અમે તેમનું સ્વાગત કરીશું.

જો વધુ લોકો પક્ષથી આગળ વધીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં મહારાષ્ટ્રમાં વિકસિત ભારતના વિકાસમાં યોગદાન આપવા માગતા હોય, તો તે ભારત અને મહારાષ્ટ્ર માટે સારું છે.'

અશોક ચવ્હાણ હવે ભાજપમાં હોવાથી, ભાજપે નાંદેડ જિલ્લામાં પગપેસારો કર્યો છે, જે કોંગ્રેસનો ગઢ માનવામાં આવે છે. લોકસભાની ચૂંટણીમાં અશોક ચવ્હાણનો પ્રભાવ જોવા મળ્યો ન હતો અને પરિણામે, ભાજપને નાંદેડ મતવિસ્તાર ગુમાવવો પડ્યો, જોકે, નવેમ્બર ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં તેમનો પ્રભાવ જોવા મળ્યો હતો. વિધાનસભા ચૂંટણીમાં, ભાજપ અને શિવસેનાએ સાથે મળીને નાંદેડ જિલ્લામાંથી કોંગ્રેસના ગઢને સાફ કરવામાં સફળતા મેળવી. નાંદેડમાં ભાજપે ચાર વિધાનસભા બેઠકો જીતી હતી અને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ બાકીના બે મતવિસ્તાર જીત્યા હતા.

નાંદેડ વાઘાળા મ્યુનિસિપલ કોર્પોરેશન માટેની આ લડાઈ આગામી ચૂંટણીઓમાં અશોક ચવ્હાણ અને ભાજપ માટે પડકારરૂપ બનશે. ૧૯૯૭માં સ્થપાયેલ નાંદેડ વાઘાળા મ્યુનિસિપલ કોર્પોરેશન પણ કોંગ્રેસનો ગઢ રહ્યું છે. છેલ્લા ૨૮ વર્ષોમાં, ભાજપ ક્યારેય નાંદેડ વાઘાળા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી જીતી શક્યું નથી. શિવસેના અહીં ૧૯૯૭થી ૧૯૯૮ દરમિયાન થોડા સમય માટે સત્તામાં રહી હતી. ૨૦૧૭માં યોજાયેલી છેલ્લી મ્યુનિસિપલ ચૂંટણીઓ પછી નાંદેડ વાઘાળા મ્યુનિસિપલ કોર્પોરેશનનો કાર્યકાળ ૨૦૨૨માં પૂરો થયો હતો. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં વિલંબને કારણે, હાલમાં વહીવટ સરકાર દ્વારા નિયુક્ત વહીવટકર્તા દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે.

## પારસી મરણ

મહેરુ નરીમાન બત્તીવાલા (ઉ. વ. ૮૭) તા. ૨૫-૫-૨૫એ ગુજરી ગયા છે. તે મરહુમ નરીમાન બત્તીવાલાના વાઇફ. મરહુમ ધનજી શાહ અને મરહુમ તહેમીના બોટલવાલાના દીકરી. દિનશૉ, દિનીઝના મધર. દિવ્યાના સાસુ. ઝિયાનના દાદી.

## હિન્દુ મરણ

મુલુંડ નિવાસી, સ્વ. હસમુખભાઈ રતનશી અનમના ધર્મપત્ની બાળાબેન (ઉ.વ. ૭૯) શનિવાર તા.૨૪-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે મિતેશ, અમીત તથા જયના માતુશ્રી. તે ધ્વનિ, નેહા તથા સ્વાતીના સાસુ. તે આર્યન, મનન તથા મહેંદીના દાદી. સ્વ. રમણીકભાઈ તેમ જ ચંપાબેનના સુપુત્રી. પ્રાર્થનાસભા સોમવાર તા.૨૬-૫-૨૫ના રોજ કાલીદાસ મેરેજ હોલ, પી.કે.રોડ, મુલુંડ(વેસ્ટ)માં બપોરે ૪થી ૬.

**કપોળ**

મહુવાવાળા સ્વ. તુલસીદાસ અમૃતલાલ પારેખના ધર્મપત્ની પ્રભાવતી (ઉ.વ.૮૫) હાલ મલાડ શનિવાર તા. ૨૪-૫-૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે તે ભદ્રેશના માતા, તે જયશ્રીના સાસુ, રિતેશ અને દીપિકાના દાદી, કામીનીના દાદી સાસુ, તે ગં. સ્વ. શાંતાબેન સ્વ. ધીરજલાલ પારેખના ભાઈના પત્ની. સર્વે લૌકીક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. મોરારજી ગોકલદાસ સીમરીયા અને સ્વ. શારદાબેનના પુત્ર સુભાષ મોરારજી સીમરીયા (ઉ. વ.૭૦) તા. ૨૫-૫-૨૫ રવિવારે શ્રીજીચરણ પામ્યા છે તે નીલીમાબેનના પતિ તથા વિવેક ,સંગીતા મિતેનકુમાર મીરાણીના પિતાશ્રી તથા જ્યોતિ પ્રભુદાસ રાજા, દિલીપ ખીરા અને પ્રફુલના મોટાભાઈ સ્વ. ઇન્દિરાબેન હસમુખલાલ બાટવીયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે . પ્રાર્થના સભા રાખેલ નથી.

**પોરબંદર પુષ્કર્ણા બ્રાહ્મણ**

ભારતીબેન જયપ્રકાશ ગૌરીશંકર બોડા (ઉ.વ. ૭૬) વિજય, પીયૂષ , યોગિનીનાં માતુશ્રી. મંત્રમનાં નાની. ગં.સ્વ. રમાબેન જોષી, સ્વ. રક્ષાબેન પંડ્યાનાં ભાભી. સ્વ. નાથાલાલ અને સ્વ. પાર્વતીબેન આચાર્યનાં પુત્રી. સ્વ. નરહરિભાઈ, સ્વ. ગૌરીશંકર તથા સ્વ. અર્જુનભાઈનાં નાના બેનનું તા. ૨૩-૫-૨૫ના અવસાન થયેલ છે. ઉઠમણું તા. ૨૬-૫-૨૫ ને સોમવારના રોજ ૪-૩૦થી ૫-૦૦ પંચેશ્વર મહાદેવ મંદિર, પંચવટી સોસાયટી, એમઈએમ સ્કૂલ પાછળ, પોરબંદર ખાતે રાખેલ છે.

# થાણેમાં કૂવામાંથી વૃદ્ધનો મૃતદેહ મળ્યો

થાણેઃ થાણેમાં કૂવામાંથી ૬૩ વર્ષના વૃદ્ધનો મૃતદેહ મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. થાણે મહાપાલિકાના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે રવિવારે સવારે સાત વાગ્યાની આસપાસ થાણે પૂર્વમાં કોપરી સ્થિત કૂવામાંથી હેમંત જગન્નાથ શેલારનો મૃતદેહ મળી આવ્યો હતો. ડોમ્બિવલીમાં રહેતો શેલાર ભાઈને મળવા શનિવારની સાંજે કોપરી આવ્યો હતો. પછી રાતે અચાનક તે ગુમ થઈ ગયો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે કૂવામાંથી મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. આ પ્રકરણે કોપરી પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)

# કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ મહારાષ્ટ્રની મુલાકાતે; નાગપુર, નાંદેડ, મુંબઇમાં કાર્યક્રમો

મુંબઈઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મહારાષ્ટ્રના ત્રણ દિવસના પ્રવાસે આવી ગયા છે. રવિવારે રાત્રે નાગપુર પહોંચ્યા હતા. સોમવારે તેઓ નાગપુર અને નાંદેડમાં કાર્યક્રમોમાં હાજરી આપશે. તો મંગળવારે મુંબઈમાં તેમનો કાર્યક્રમ છે. મંગળવારે મુંબઈમાં પોતાના કાર્યક્રમો પૂર્ણ કર્યા પછી, તેઓ બપોરે દિલ્હી જવા રવાના થશે.

શાહ રવિવારે રાત્રે ૯:૩૦ વાગ્યે નાગપુર પહોંચ્યા હતા અને સોમવારે સવારે નેશનલ કેન્સર ઇન્સ્ટિટ્યૂટ ખાતે ભૂમિપૂજન સમારોહમાં હાજરી આપશે. બપોરે ૧.૦૦ વાગ્યે ચિંચોલીમાં એનએફએસયુની સ્ટેન્ડિંગ કાઉન્સિલ ઓફિસના શિલાન્યાસ સમારોહમાં હાજરી આપશે. બપોરે ૩ વાગ્યે નાંદેડ પહોંચશે. બપોરે તેઓ નાંદેડના આનંદનગરમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વસંતરાવ નાઈકના ચિત્રનું અનાવરણ કરશે. બપોરે કુસુમ ઓડિટોરિયમમાં એક બેઠક યોજશે. તેમની બેઠક સાંજે નાંદેડમાં યોજાશે.

સોમવારે રાત્રે તેઓ મુંબઈ પહોંચશે. મંગળવારે સર કાવસજી જહાંગીર ઓડિટોરિયમ ખાતે સ્વાતંત્ર્ય સેનાની વિનાયક દામોદર સાવરકરની ૬૦મી પુણ્યતિથિ પર અમિત શાહના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. મંગળવારે જ માધવબાગ સંકુલમાં આવેલા પ્રખ્યાત શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં અમિત શાહ હાજરી આપશે.

# મહારાષ્ટ્ર સ્પેશિયલ પબ્લિક સિક્યુરિટી બિલ પર પેનલને વિક્રમી ૧૨,૦૦૦ સૂચનો મળ્યાઃ જયંત પાટીલ

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્પેશિયલ પબ્લિક સિક્યુરિટી બિલ પર ચર્ચા કરી રહેલી જોઈન્ટ સિલેક્ટ સમિતિને અત્યાર સુધીમાં 'વિક્રમી' ૧૨,૦૦૦ વાંધા અને સૂચનો મળ્યા છે, એમ તેના સભ્ય અને એનસીપી (એસપી)ના સિનિયર નેતા જયંત પાટીલે જણાવ્યું હતું.

આ બિલનો હેતુ નક્સલવાદ પર ધ્યાન કેન્દ્રિત કરીને વ્યક્તિઓ અને સંગઠનોની ગેરકાયદે પ્રવૃત્તિઓને રોકવાનો છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નાગપુરમાં વિધાનસભાના ગયા શિયાળુ સત્રમાં બિલ ફરીથી રજૂ કર્યું હતું, ત્યારબાદ તેને રાજ્યના મહેસૂલ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા ચંદ્રશેખર બાવનકુળેના નેતૃત્વ હેઠળની જોઈન્ટ સિલેક્ટ સમિતિને મોકલવામાં આવ્યું હતું.

પાટીલે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિપક્ષનું વલણ એ છે કે આવા બિલની જરૂર નથી.

(સમિતિને) ૧૨,૦૦૦ થી વધુ વાંધા અને સૂચનો પ્રાપ્ત થયા છે, જે એક વિક્રમ છે. અમે સૂચવ્યું છે કે સરકારે સામાન્યીકરણ ન કરવું જોઈએ અને તે બિલની શરતો અને ઉદ્દેશો પર ચોક્કસ હોવું જોઈએ. નક્સલવાદી અને નક્સલવાદી પ્રવૃત્તિની વ્યાખ્યા સ્પષ્ટ હોવી જોઈએ, એનસીપી (એસપી)ના નેતાએ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે આ બિલ એવા વ્યક્તિઓ અને સંગઠનોને નુકસાન પહોંચાડશે નહીં જેઓ ચોક્કસ મુદ્દાઓ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માટે મોરચો કાઢવા અથવા વિરોધ પ્રદર્શનો કરવા માગે છે.

પારદર્શિતા લાવવા માટે કાયદામાં કલ્પના કરાયેલ અપીલ સમિતિનું નેતૃત્વ હાઇકોર્ટના વર્તમાન ન્યાયાધીશ દ્વારા કરવામાં આવવું જોઈએ અને અન્ય બે સભ્યો નિવૃત્ત હાઇકોર્ટ ન્યાયાધીશ હોવા જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

(સંયુક્ત પસંદગી) સમિતિની અત્યાર સુધી બે બેઠકો યોજાઈ છે. સરકાર વિવિધ હિસ્સેદારોના સૂચનો અને વાંધાઓ અને સમિતિના સભ્યોની ભલામણોનો અમલ કરી શકાય છે કે કેમ તે અંગે અમારો સંપર્ક કરશે. આગામી બેઠક પાંચમી જૂને યોજાવાની છે, એમ પાટીલે જણાવ્યું હતું.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કાંડાગરાના લક્ષ્મીચંદ શામજી છેડા (ઉ.વ. ૮૮) તા. ૨૪-૫-૨૫ના અવસાન પામેલ છે. જખ્ખીબાઈ/દેવકાંબેન શામજી રામજીના સુપુત્ર. સ્વ. ઈન્દુમતીનાં પતિ. પલ્લવી, માયા, હીરેન, મયુરનાં પિતા. હરીલાલ, કાંતી, સતીષ, ધનવંતી, મંજુલાના મોટાભાઈ. બિદડા પાનબાઈ પ્રેમજી હંસરાજના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. ઠે. મયુર લક્ષ્મીચંદ છેડા, ૫, શ્રીપાલ, છાયા સોસાયટી, ચેમ્બુર નાકા, ચેમ્બુર, મું. ૭૧.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના સ્વ.મીઠીબેન શાંતીલાલ જેસંગ ગાલા (ઉ.વ.૬૫) શુક્રવાર તા. ૨૩.૦૫.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. કરમાબેન જેસંગ પુંજા ગાલાની પુત્રવધુ, સ્વ. શાંતીલાલની ધર્મપત્ની, ગીતા, નિલેશ, અમીતના માતુશ્રી. રાજેશ, નીતા, હેતલના સાસુ, વેનિશા, હેલિશા, રાહીલ, રીધશ, નમસ્વીના દાદી, લાકડીયાના સ્વ. વેલુબેન વેલજી વાઘજી શાહની દિકરી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. બી ૧૧૧/૧૧૨, ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટ, ૧ લે માળે, ત્રિમૂર્તિ લેન્ડમાર્ક, ધ્યાનંદ સ્કુલની બાજુમાં, મામલદાર વાડી, મલાડ-વેસ્ટ, મુંબઈ-૬૪.

**સ્થાનકવાસી જૈન**

સ્વ. વિરેન્દ્રભાઈ દેસાઇ (મોટી કુંકાવાવ નિવાસી હાલ મીરા રોડ ઉ.વ. ૭૧) સ્વ. કંચનબેન તથા સ્વ. હિંમતલાલ ગુલાબચંદ દેસાઈના સુપુત્ર તે નીલમબેનના પતિ. તે સુધીર તથા વિમલના પિતાશ્રી, તે પાયલ અને નેહાના સસરા. તે સ્વ. મુકતાબેન કાંતિલાલ સંઘવીના જમાઈ તે મુકેશભાઈ, જયેશભાઈ, વર્ષાબેન નરેશભાઈ દોશી તથા સ્વ. મહેશભાઈના ભાઈ, તા.૨૨/૦૫/૨૫ અને ગુરુવારે મીરારોડ ખાતે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના સભા ૨૬/૦૫/૨૫ ને સોમવારે સવારે ૧૦ થી ૧૨. ઠે. શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, સેક્ટર-૬, શાંતિ નગર, મીરારોડ ઇસ્ટ માં રાખેલ છે.

# મહારાષ્ટ્રના ડુંગળીના ખેડૂતોના માથે મોટું સંકટ

મુંબઈઃ મે મહિનાની શરૂઆતથી મહારાષ્ટ્રના અનેક ભાગોમાં ચોમાસા પહેલાના વરસાદે રાજ્યના ડુંગળીના ખેડૂતોની ચિંતા વધારી દીધી છે, જેઓ પહેલાથી ડુંગળીના ભાવમાં ઘટાડાથી ચિંતિત છે.

મહારાષ્ટ્ર રાજ્ય ડુંગળી ઉત્પાદક ખેડૂત સંગઠનના સૂત્રોએ જણાવ્યું હતું કે વરસાદમાં હજારો એકરમાં ડુંગળીના પાકને નુકસાન થયું છે, જેના કારણે ખેડૂતોને ભારે નુકસાન થવાની સંભાવના છે.

તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે વરસાદ ચાલુ હોવાથી અને પંચનામા (સ્થળ આકારણી) થયા ન હોવાથી વાસ્તવિક નુકસાન હજુ સુધી નક્કી થયું નથી. કોંકણ, નાસિક, પુણે, કોલ્હાપુર, છત્રપતિ સંભાજીનગર, લાતુર, અમરાવતી અને નાગપુરમાં ડુંગળી ઉત્પાદક વિસ્તારોમાં છઠી મેથી ભારે કમોસમી વરસાદ થઈ રહ્યો છે.

ધુળે, નાશિક, અહિલ્યાનગર, છત્રપતિ સંભાજીનગર, પુણે, સોલાપુર, બીડ, ધારાશિવ, અકોલા, જાલના, બુલઢાના અને જળગાંવના ડુંગળીનું ઉત્પાદન કરતા જિલ્લાઓમાં કમોસમી વરસાદે અસર કરી છે. કિંમતો પહેલાથી જ નીચી હતી અને કમોસમી વરસાદને કારણે વધુ ઘટાડો થયો છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું કે લાસલગાંવ બજારમાં ૨૦મી મે સુધીમાં સરેરાશ ભાવ ૧,૧૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતો.

ડુંગળીના ઉત્પાદકો રવિ સિઝન માટે એક વર્ષ અગાઉથી તૈયારીઓ શરૂ કરી દે છે. નર્સરી ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૪માં સ્થાપિત કરવામાં આવશે અને નવેમ્બર (૨૦૨૪)થી જાન્યુઆરી (૨૦૨૫) સુધી ફરીથી વાવેતર કરવામાં આવશે.

''આવી સ્થિતિમાં, કોઈ અછત રહેશે નહીં, અને ગ્રાહકોને સસ્તા ભાવે ડુંગળી મળી શકે છે. જ્યારે ડુંગળીના ભાવ વધે છે, ત્યારે સરકાર નિકાસ ડ્યુટી, લઘુત્તમ નિકાસ ભાવ લાદીને અને નિકાસ પર પ્રતિબંધ મૂકીને તેને નિયંત્રિત કરવા માટે પગલાં લે છે. ખેડૂતોને તેના કારણે નુકસાન થાય છે,'' દિઘોલે ભારપૂર્વક જણાવ્યું. (પીટીઆઈ )

# એમએસઇડીસીએલને નાગપુરના ખેડૂતને પાકના નુકસાન બદલ ૧૦ લાખ ચૂકવવાનો આદેશ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાગપુરમાં એક ગ્રાહક આયોગે રાજ્ય સંચાલિત વીજ કંપનીના ચાર કર્મચારીઓને એક ખેડૂતને ૧૦ લાખ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે, જેમના ખેતરમાંથી પસાર થતી વીજ લાઈનમાં ખામીને કારણે વાંસના પાકને આગ લાગી હતી.

નાગપુરના વધારાના જિલ્લા ગ્રાહક ફરિયાદ નિવારણ પંચે તાજેતરના આદેશમાં મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની લિમિટેડ (એમએસઇડીસીએલ) ના ત્રણ ટોચના ક્રમાંકિત ઇજનેરો અને તે વિસ્તારના તેના પ્રાદેશિક નિર્દેશકને વળતર ચૂકવવાનો નિર્દેશ કર્યો છે.

કમિશને જણાવ્યું હતું કે અધિકારીઓ વીજળી લાઇનોની યોગ્ય રીતે જાળવણી કરવામાં નિષ્ફળ ગયા હતા અને બેદરકારી દાખવી હતી, જે સેવામાં ખામી દર્શાવે છે.

ફરિયાદી ૬૮ વર્ષીય ખેડૂતે જણાવ્યું હતું કે તેમણે પોતાના ખેતરમાં ૫,૦૦૦ વાંસના વૃક્ષો વાવ્યા હતા, જે વેચાણ માટેની સ્થિતિમાં હતા. તેમણે આરોપ લગાવ્યો કે ૨૨ માર્ચ, ૨૦૧૮ના રોજ તેમના ખેતર પરથી પસાર થતી એમએસઇડીસીએલની હાઇ-ટેન્શન ટ્રાન્સમિશન લાઇનના બે વાયર વચ્ચે ઘર્ષણ અને સ્પાર્કિંગને કારણે ઝાડમાં આગ લાગી ગઈ અને તે સંપૂર્ણપણે બળી ગયા.

ખેડૂતે આ બાબત તહસીલદાર અને સ્થાનિક પોલીસ સ્ટેશનના ધ્યાન પર લાવી અને વીજળી કંપનીને જાણ કરી. પંચનામા (સ્થળ નિરીક્ષણ અહેવાલ) હાથ ધરવામાં આવ્યો અને વીજ કંપનીએ લાઇનનું સમારકામ કર્યું. વન વિભાગે રૂ. ૧૦.૨૭ લાખના નુકસાનનું મૂલ્યાંકન કર્યું અને મૂલ્યાંકન એમએસઈડીસીએલના કાર્યકારી ઇજનેરને સોંપવામાં આવ્યું. જોકે ખેડૂતને વળતર તરીકે ફક્ત ૪.૨ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા, જેના પગલે તેમણે ગ્રાહક કમિશનમાં અરજી કરી હતી.

પાચમાં પાનાનું ચાલુ

## ભાયખલામાં

હોવાની શંકા પતિને હતી. આ વાતને લઈ તેમની વચ્ચે ઝઘડો થયો હતો. બાદમાં મહિલા ડિસેમ્બર, ૨૦૨૨માં પતિનું ઘર છોડીને પુત્રીને લઈ શોએબ સાથે રહેવા લાગી હતી. જોકે ઘર છોડતી વખતે મહિલા ૬૫ તોલા સોનાના દાગીના પણ લઈ ગઈ હોવાનું પતિએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું.

જોકે બાદમાં લોન અપાવવાને નામે લોકો સાથે છેતરપિંડી કરવાના મામલામાં નામ સંડોવાયા પછી બન્ને વચ્ચે વિવાદ થવા લાગ્યો હતો. શોએબ, તેનો ભાઈ અને માતા ત્રાસ આપતી હોવાના આક્ષેપો પણ મહિલાએ કર્યા હતા. આખરે છઠ્ઠી એપ્રિલે મહિલાએ જીવન ટૂંકાવ્યું હતું.

આ પ્રકરણે ગુનો નોંધાયાની જાણ થતાં શોએબે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જોકે કોર્ટે તેની અરજી ફગાવી દીધી હતી. પછી તેણે બૉમ્બે હાઈ કોર્ટમાં જવાનું નક્કી કર્યું હતું, પરંતુ શનિવારે પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારી હતી.

# કેળવેના રિસોર્ટમાં ચિકનનો ટુકડો અન્નનળીમાં ફસાતાં યુવતીનું મૃત્યુ

પાલઘરઃ પાલઘર જિલ્લાના કેળવેમાં આવેલા રિસોર્ટમાં બૉયફ્રેન્ડ સાથે ગયેલી યુવતીનું અન્નનળીમાં ચિકનનો ટુકડો ફસાઈ ગયા પછી મૃત્યુ થયું હોવાની ઘટના બની હતી. આ પ્રકરણે વધુ કાર્યવાહી માટે પોલીસ પોસ્ટમોર્ટમના અહેવાલની રાહ જોઈ રહી છે. કેળવે પોલીસ સ્ટેશનની ઈન્સ્પેક્ટર વિજયા ગોસ્વામીએ જણાવ્યું હતું કે ઘટના ૨૩ મેના બની હતી. યુવતી તેના બૉયફ્રેન્ડ સાથે રિસોર્ટમાં આવી હતી. બપોરે જમતી વખતે અન્નનળીમાં અન્ન ફસાઈ જવાને કારણે તેને તકલીફ થઈ હોવાનું કહેવાય છે. શ્વાસ લેવામાં મુશ્કેલી પડતાં યુવતી એકાએક જમીન પર ફસડાઈ પડી હતી. તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયેલી યુવતીને તબીબે મૃત જાહેર કરી હતી. પોલીસે તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો.

ગોસ્વામીએ જણાવ્યું હતું કે યુવતી ચિકન ખાતી હતી ત્યારે ટુકડો તેના અન્નનળીમાં ફસાઈ ગયો હતો. આ પ્રકરણે હાલમાં એડીઆર નોંધવામાં આવ્યો છે અને પોસ્ટમોર્ટમના અહેવાલની રાહ જોવાઈ રહી છે. પોસ્ટમોર્ટમના અહેવાલમાં મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે. અહેવાલ બાદ વધુ કાર્યવાહી કરવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## મુંબઈના બે મહત્ત્વના

અવરોધકો પણ લગાવવામાં આવી રહ્યા છે. પેઇન્ટિંગ અને ઇલેક્ટ્રિક પોલ ઇન્સ્ટોલેશન પણ શરૂ થઈ ગયા છે. પશ્ચિમ છેડે કોંક્રિટનો બાકી રહેલો એક ભાગ હાલમાં ક્યોરિંગ હેઠળ છે અને ૩૦ મે સુધીમાં તૈયાર થવાની અપેક્ષા છે. પાલિકાએ એકંદર પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે ૩૧ મે સુધીનું લક્ષ્ય રાખ્યું છે. એકવાર કાર્યરત થયા પછી, વિક્રોલી પુલ એલબીએસ માર્ગને ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે સાથે જોડશે અને સંભવિત રીતે મુસાફરીનો સમય ૩૦ મિનિટ સુધી ઘટાડશે.

## મહારાષ્ટ્રની શાળાઓમાં

સુધીનું શિક્ષણ માતૃભાષા અથવા રાજ્યભાષામાં હોવું જોઈએ એવો પરિપત્રક બહાર પાડ્યો હતો. આ મુદ્દા પર બોલતા, ભૂસેએ કહ્યું હતું કે તે શાળાઓમાં સ્થાનિક ભાષા બોલતા શિક્ષકોની નિમણૂક કરવામાં આવશે. આપણે સીબીએસઈની સારી બાબતોનો અભ્યાસ કરીશું અને તેને અપનાવીશું. શિક્ષણ પ્રધાન દાદા ભૂસેએ સ્પષ્ટતા કરી હતી કે બીજા ધોરણ સુધી માતૃભાષામાં શિક્ષણની નીતિ અંગેનો નિર્ણય નિષ્ણાત વિદ્વાનો અને સ્ટીયરિંગ કમિટી સાથે ચર્ચા કર્યા પછી જ લેવામાં આવશે.

## મુંડેના ક્વોટાનું

તેમને આ બંગલો ફાળવવામાં આવ્યો હતો. જોકે, મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની ક્રૂર હત્યાના વિવાદને પગલે મુંડેને ચોથી માર્ચે પ્રધાન પદ પરથી રાજીનામું આપવાની ફરજ પડી હતી.

શાસક પક્ષ એનસીપીનો પ્રધાનોનો ક્વોટા ભુજબળે પ્રધાન તરીકે શપથ લીધા ત્યારે ભરાયો હતો. ભુજબળને મુંડેનો જ અન્ન અને નાગરી પુરવઠા વિભાગ આપવામાં આવ્યો હતો, જ્યારે સાતપુડા પણ તેમને ફાળવવામાં આવ્યો હતો.

પીડબ્લ્યુડીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રધાનને સત્તામાંથી મુક્ત કર્યા પછી, તેમણે આગામી ૧૫ દિવસમાં સરકારી બંગલો ખાલી કરવાનો હતો. 'જો તેઓ આમ નહીં કરે, તો તેમને મિલકતના ભાડા તરીકે પ્રતિ ચોરસ ફૂટ રૂ. ૨૦૦ ચૂકવવાનું કહેવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું.

'આ કિસ્સામાં રકમ દર મહિને રૂ. ૯.૩૩ લાખ સુધી જાય છે.' જાહેર બાંધકામ વિભાગે મુંડેને બંગલો ખાલી કરવા કહ્યું છે અને તેમના નજીકના લોકોએ કહ્યું છે કે ભૂતપૂર્વ પ્રધાન આ મહિનાના અંત સુધીમાં આ કામ કરશે. જોકે, મુંડેએ કોલ અને ટેક્સ્ટ સંદેશાઓનો જવાબ આપ્યો ન હતો.

## છગન ભુજબળ ત્રીજા

સવાલો પૂછ્યા. આ અંગે બોલતા ગિરીશ મહાજને કહ્યું, 'એ સાચું છે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વિના તે શક્ય નહીં બને.'

ઉપરાંત, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું એવી ચર્ચા છે કે છગન ભુજબળ હવે નાસિક જિલ્લાના પાલક પ્રધાનપદનો દાવો કરશે, ત્યારે ગિરીશ મહાજને કહ્યું હતું કે, 'સારું છે, દાવો કરવામાં શું ખોટું છે? જો દેવેન્દ્ર ફડણવીસ નક્કી કરે તો કંઈ પણ થઈ શકે છે. તેઓ (છગન ભુજબળ) ત્રીજા નાયબ મુખ્ય પ્રધાન પણ બની શકે છે. આ બધું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હાથમાં છે. કોને પાલક પ્રધાન બનાવવા જોઈએ? કોને નાયબ મુખ્ય પ્રધાન બનાવવા જોઈએ? કોને પ્રધાન બનાવવા જોઈએ? આ બધું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નક્કી કરતા હોય છે,' એમ ગિરીશ મહાજને કહ્યું હતું. આ વખતે તેમણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે કોઈએ આવું કશું કહ્યું નથી. પણ આવી રીતે આગમાં તેલ ના રેડશો.

## પનવેલ કોર્ડ

સ્ટેશન વચ્ચે બનશે.

આ નવી લિંક્સ લાઇન ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે અને ભીડ ઘટાડશે તેવી અપેક્ષા છે, જેનાથી પેસેન્જર અને માલવાહક ટ્રેનો બંનેની સરળ અને ઝડપી અવરજવર શક્ય બનશે.

રેલવે મંત્રાલયે તાજેતરમાં મહારાષ્ટ્રના રાહુરીથી શનિ શિંગણાપુરને જોડતી નવી રેલવે લાઇનના નિર્માણ માટે પણ મંજૂરી આપી છે. ૨૧.૮૪ કિમી લાંબી આ લાઇન ૪૯૪.૧૩ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ કરવામાં આવશે.

શનિ શિંગણાપુર, મહારાષ્ટ્રનું એક પ્રખ્યાત ધાર્મિક સ્થળ છે જ્યાં દરરોજ ૩૦,૦૦૦ થી ૪૫,૦૦૦ શ્રદ્ધાળુઓ આવે છે, હાલમાં સીધી રેલ કનેક્ટિવિટીનો અભાવ છે. પ્રસ્તાવિત લાઇન યાત્રાળુઓને આ આધ્યાત્મિક કેન્દ્ર સુધી પહોંચવામાં મદદ કરશે.આ રેલવે લાઇનથી શિરડી, રાહુ-કેતુ મંદિર (રાહુરી), મોહિની રાજ મંદિર (નેવાસા) અને પૈસ ખાંબ કરાવરેશ્વર મંદિર (નેવાસા) જેવા અન્ય ધાર્મિક અને પર્યટન સ્થળોને પણ ફાયદો થવાની અપેક્ષા છે, જેનાથી સ્થાનિક પર્યટન અને અર્થતંત્રને વેગ મળશે.

વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટમાં દરરોજ ચાર પેસેન્જર ટ્રેનોનો પ્રસ્તાવ છે, જેમાં અંદાજિત વાર્ષિક ૧૮ લાખ મુસાફરો મુસાફરી કરશે. આ વિકાસ ભારતના સૌથી વધુ મુલાકાત લેવાતા આધ્યાત્મિક કેન્દ્રોમાંના એક સાથે માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટી સુધારવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

## આધુનિકીકરણ પ્રગતિની

બ્રિટિશ વડા પ્રધાને મને કહ્યું હતું કે તેમની સૌથી મોટી ચિંતા એ છે કે યુવાનો લગ્નમાં રસ ધરાવતા નથી અને તેના બદલે લિવ-ઇન રિલેશનશિપ પસંદ કરે છે.' એમ તેમણે જણાવ્યું હતું કે, તેમણે માળખાગત સુવિધાઓ, વીજળી અને પાણી પુરવઠા, સંદેશાવ્યવહાર, આઇટી અને બાયોટેકનોલોજીમાં પ્રભાવશાળી પ્રગતિ કરી છે, પરંતુ સામાજિક મોરચે ધોવાણ જોવા મળી રહ્યું છે.

'તેમનું સામાજિક જીવન બરબાદ થઈ રહ્યું છે, એવો દાવો ગડકરીએ કર્યો હતો.

તેમણે હોળકર વંશના સુપ્રસિદ્ધ શાસક અહિલ્યાબાઈ હોળકરની સામાજિક મુદ્દાઓ પ્રત્યેના તેમના ન્યાયી, સ્વતંત્ર અને નિષ્પક્ષ સમર્પણ બદલ પ્રશંસા કરી હતી.

ગડકરીએ જણાવ્યું હતું કે તેમનું વિઝન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પર્યટનને પ્રોત્સાહન આપવા સુધી વિસ્તરેલું છે, જે ભારતીય મૂલ્યોમાં મૂળ રહેલા વિકાસ પ્રત્યેની વ્યાપક પ્રતિબદ્ધતા સાથે સુસંગત છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મહારાષ્ટ્રમાં ૩૫ વર્ષે ચોમાસાનું વહેલું આગમન!

## મુંબઈ અને કોંકણમાં અત્યારે ચોમાસા પૂર્વેનો વરસાદ





**વરસાદના આગમન સાથે ચિંતા વધી:** મુંબઈમાં ચોમાસાનું આગમન વહેલું થવાની આગાહી હવામાન વિભાગ તરફથી કરવામાં આવી છે. રવિવારે સવારે વરસાદનું જોર વધ્યું હતું ત્યારે પહેલી તસવીરમાં હેરિટેજ બાણગંગા ખાતેની દીવાલ તૂટી પડી હતી. બીજી તસવીરમાં મુંબઈમાં રસ્તાનું કામ હજી બાકી હોવાનું જણાઈ રહ્યું છે. ચોમાસું માથે છે ને હજી રસ્તાનું કામ પૂરું ન થવાથી પાણી ભરાવાની શક્યતા વધી ગઈ છે. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સખત તાપ વેરતા મે મહિનામાં ચોમાસા પૂર્વેના વરસાદને કારણે મુંબઈગરાઓએ આ વર્ષે ખાસ્સી રાહત અનુભવી હતી ત્યારે હવામાન ખાતાએ હવે ટાઢક થાય એવા સમાચાર આપ્યા છે. આ વર્ષે કેરળમાં ચોમાસાએ વહેલી એન્ટ્રી માર્યા પછી ૩૫ વર્ષે મહારાષ્ટ્રમાં પણ અઠવાડિયા પહેલાં ચોમાસાનું આગમન થયું છે. જોકે અત્યારે મુંબઈ અને કોંકણમાં આવી રહેલો વરસાદ ચોમાસા પૂર્વેનો હોવાનું હવામાન ખાતાનું કહેવું છે.

### મુંબઈમાં કયા વર્ષે વહેલું ચોમાસું બેઠું?

| | |
|---|---|
| ૧૯૫૬ | ૨૯ મે |
| ૧૯૬૨ | ૩૧ મે |
| ૧૯૭૧ | ૨૯ મે |
| ૧૯૯૦ | ૩૧ મે |
| ૨૦૦૬ | ૩૧ મે |

કોંકણ અને પશ્ચિમી મહારાષ્ટ્રના અમુક ભાગોમાં આગામી થોડા દિવસ માટે અત્યંત ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી રવિવારે હવામાન ખાતાએ કરી હતી. દક્ષિણ મહારાષ્ટ્રમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું હોઈ અત્યારે મુંબઈ અને કોંકણમાં ચોમાસા પૂર્વેના વરસાદનો અનુભવ થઈ રહ્યો છે, એમ હવામાન ખાતાએ જણાવ્યું હતું.

ભારતીય વેધશાળા દ્વારા કોંકણના રાયગડ, રત્નાગિરિ અને સિંધુદુર્ગ જિલા સહિત સાતારા અને પુણે જિલ્લા તેમે જ તેના ઘાટ વિસ્તાર માટે ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. આ ભાગોમાં રાહતનાં પગલાં લેવાની આવશ્યકતા પડે એવો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરાઈ છે.રાયગડ માટે માત્ર રવિવાર અને સોમવાર માટે ઑરેન્જ અલર્ટ જારી કરાયું હતું, પરંતુ રત્નાગિરિ અને સિંધુદુર્ગ જિલ્લા તેમ જ સાતારા, કોલ્હાપુર અને પુણેના ઘાટ વિસ્તારો માટે આગામી પાંચ દિવસ સુધી અલર્ટ હોવાનું વેધશાળાએ જણાવ્યું હતું.

અમુક સ્થળે ભારેથી અતિભારે વરસાદ અને વીજળી ત્રાટકવા સાથે વાવાઝોડું અને પ્રતિકલાક ૫૦થી ૬૦ કિલોમીટરની ઝડપે સુસવાટા મારતો પવન ફૂંકાશે.

ઉપરાંત, મુંબઈ, થાણે, પાલઘર અને રાજ્યના અનેક જિલ્લાઓ માટે 'ચેતવણી' આપતું યલો અલર્ટ જાહેર કરાયું છે.

દરમિયાન મુંબઈ મહાનગરપાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે રવિવારની સવારે આઠ વાગ્યા સુધીમાં છેલ્લા ૨૪ કલાકમાં શહેર, પૂર્વીય પરાં અને પશ્ચિમી પરાંમાં સરેરાશ ૩૭ મિમી, ૧૫ મિમી અને ૧૮ મિમી વરસાદ પડ્યો હોવાની નોંધ થઈ હતી.■

### મુંબઈમાં ત્રણ દિવસમાં ચોમાસું બેસવાની આગાહી

દક્ષિણ મહારાષ્ટ્ર અને ગોવામાં ચોમાસાના વહેલા આગમનને પગલે મુંબઈમાં આગામી ત્રણ દિવસમાં ચોમાસાના સત્તાવાર આગમનની શક્યતા છે. આગામી ત્રણ દિવસમાં મુંબઈ સહિત વિદર્ભ, ઉત્તર મહારાષ્ટ્ર સુધી વરસાદ પડવાનો અંદાજ છે. સામાન્ય રીતે રાજ્યમાં ૭ જૂને ચોમાસું દાખલ થાય છે, પણ અનુકૂળ વાતાવરણ હોવાથી આ વર્ષે ચોમાસાનું વહેલું આગમન થયું છે. મુંબઈમાં ૧૯ વર્ષ બાદ ચોમાસું વહેલું બેઠું છે. છેલ્લે ૨૦૦૬માં ૩૧ મેના ચોમાસાનું આગમન થયું હતું. ■

# છગન ભુજબળ ત્રીજા નાયબ મુખ્ય પ્રધાન?

## ગિરીશ મહાજનના નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચર્ચા

નાશિક: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા છગન ભુજબળે તાજેતરમાં મહાયુતિ સરકારમાં પ્રધાન તરીકે શપથ લીધા છે અને હવે ફરી એક વખત નાશિક જિલ્લાના પાલક પ્રધાનપદને લઈને રસ્સીખેંચ ચાલુ થઈ છે ત્યારે રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે છગન ભુજબળ હવે નાશિક જિલ્લાના પાલક પ્રધાનપદનો દાવો કરશે. આ પૃષ્ઠભૂમિમાં, જ્યારે ભાજપના નેતા અને પ્રધાન ગિરીશ મહાજનને સવાલ પૂછવામાં આવ્યા ત્યારે ગિરીશ મહાજને કહ્યું હતું કે, 'જો દેવેન્દ્ર ફડણવીસ નક્કી કરે તો છગન ભુજબળ પાલક પ્રધાન જ નહીં ત્રીજા નાયબ મુખ્ય પ્રધાન બનશે?'

આમ જોવા જઈએ તો ગિરીશ મહાજને છગન ભુજબળ પર કટાક્ષ કર્યો હતો છતાં, હવે તેમના નિવેદનની રાજકીય વર્તુળોમાં વ્યાપક ચર્ચા થઈ રહી છે.

છગન ભુજબળે પ્રધાન તરીકે શપથ લીધા તે પછી મીડિયા પ્રતિનિધિઓએ ગિરીશ મહાજનને

(જુઓ પાનું ૪) ▸▸

### મુંડેના ક્વોટાનું પ્રધાનપદ, મુંડેના ખાતા બાદ હવે બંગલો પણ ધનંજય મુંડેનો જ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય સરકારે નવા સામેલ થયેલા એનસીપીના પ્રધાન છગન ભુજબળને મલબાર હિલ ખાતે 'સાતપુડા' નામનો બંગલો ફાળવ્યો છે. આ અંગેનો આદેશ રાજ્યના જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ (જીએડી) દ્વારા જારી કરવામાં આવ્યો હતો. જોકે, ભૂતપૂર્વ પ્રધાન ધનંજય મુંડેએ રાજીનામાના બે મહિનાથી વધુ સમય પછી પણ આ બંગલો ખાલી કર્યો નથી.

એલ.ડી. રૂપારેલ માર્ગ પર સ્થિત સાતપુડા બંગલો ૪,૬૬૭ ચોરસ ફૂટનો વિશાળ વિસ્તાર ધરાવે છે. ડિસેમ્બરમાં મુંડેને નવા અન્ન અને નાગરી પુરવઠા પ્રધાન તરીકે નિયુક્ત કર્યા પછી

(જુઓ પાનું ૪) ▸▸

### શિક્ષણ વિભાગનો યુ-ટર્ન

# મહારાષ્ટ્રની શાળાઓમાં ત્રીજી ભાષા નહીં!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં જૂનમાં શાળાઓ શરૂ થવા જઈ રહી છે. શાળા શરૂ થાય તે પહેલાં જ શિક્ષણ વિભાગે એક મોટો નિર્ણય જાહેર કર્યો છે. રાજ્ય શિક્ષણ બોર્ડની શાળાઓમાં પહેલા ધોરણથી ત્રીજી ભાષા શીખવવામાં આવશે નહીં. શિક્ષણ વિભાગે આ સંદર્ભમાં પોતાના અગાઉના નિર્ણયને સ્થગિત કરી દીધો છે.

રાજ્ય શાળા અભ્યાસક્રમ યોજના ૨૦૨૪ મુજબ, મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધોરણ પહેલા થી પાંચમાના વિદ્યાર્થીઓને મરાઠી અને અંગ્રેજીની સાથે હિન્દીને ત્રીજી ભાષા તરીકે શીખવવામાં આવવાની હતી. આ નીતિનો અમલ જૂન ૨૦૨૫માં શરૂ થતા નવા શૈક્ષણિક સત્રથી શરૂ થવાનો હતો. જોકે, આ નિર્ણયનો રાજ્યમાં ભારે વિરોધ થયો હતો. તેથી, રાજ્ય સરકારે આ સમગ્ર યોજના રદ કરી છે.

જ્યારે સીબીએસઈની સ્કૂલોએ રાષ્ટ્રીય અભ્યાસક્રમ મુજબ ફક્ત બે ભાષાની નીતિ અપનાવી હતી ત્યારે રાજ્ય શિક્ષણ બોર્ડ ત્રણ ભાષાઓનો આગ્રહ કેમ રાખી રહ્યું હતું તેવો સવાલ ઉઠાવવામાં આવ્યો હતો. આ પછી, શાળા શિક્ષણ ખાતાના પ્રધાન દાદા ભૂસેએ સ્પષ્ટતા કરી છે. ભૂસેએ જણાવ્યું હતું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં શાળાઓમાં પહેલા ધોરણથી ત્રીજી ભાષા શીખવવાનો નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો છે. માત્ર હિન્દી જ નહીં પરંતુ કોઈપણ ભાષાને ત્રીજી ભાષા તરીકે શીખવવાનો નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો છે.

સીબીએસઈએ ધોરણ કેજીથી લઈને બીજા ધોરણ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈના બે મહત્ત્વના કર્ણાક અને વિક્રોલી બ્રિજ પૂર્ણતાના આરે

### જૂનમાં શરૂ થવાની શક્યતા, ટ્રાફિકની મોટી સમસ્યા ઉકેલાશે

મુંબઈ: લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી છે તે શહેરમાં બે મુખ્ય રેલ ઓવરબ્રિજ- કર્ણાક અને વિક્રોલી બ્રિજનું કામ અંતિમ તબક્કામાં છે, જે મુંબઇ પાલિકા દ્વારા જાહેર જનતા માટે જૂનમાં ખુલ્લા મુકાય તેવી અપેક્ષા છે. ઉદ્ઘાટનની ચોક્કસ તારીખ હજી નક્કી નથી. રોડ અને ટ્રાફિક ઓફિસ સાથે સંકલન કરીને ઉદ્ઘાટન તારીખ નક્કી કરવામાં આવશે.

મસ્જિદ બંદર રેલવે સ્ટેશનને જોડતો કર્ણાક બ્રિજ ૧૦ જૂન સુધીમાં પૂર્ણ થાય તેવી શક્યતા છે. ગુરુવારે એડિશનલ મ્યુનિસિપલ કમિશનર અભિજીત બાંગરે સ્થળ પર મુલાકાત લઇ, કામની સમીક્ષા કરી હતી અને પુષ્ટિ કરી કે બંને એપ્રોચ રોડ, પૂર્વ બાજુ (પી ડી'મેલો રોડ) પર ૧૫૫ મીટર અને પશ્ચિમ બાજુ (મોહમ્મદ અલી રોડ) પર ૨૫૫ મીટરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે.

પશ્ચિમ બાજુનો ડેક સ્લેબ તૈયાર છે, જ્યારે પૂર્વ બાજુનો ૪૦-મીટરનો પટ હાલમાં ક્યોરિંગ હેઠળ છે. રેલવે હદમાં ક્રેશ વિરોધી અવરોધો સ્થાપિત કરવા, પેઇન્ટિંગ, ઇલેક્ટ્રિક થાંભલાઓ બેસાડવા અને દિશા નિર્દેશક સંકેતો જેવા અન્ય અંતિમ કામો પુરા કરવામાં આવી રહ્યા છે જે ૧૦ જૂન સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. પુલની મજબૂતાઈ, સ્થિરતા અને સલામતીનું મૂલ્યાંકન કરવા માટે અંતિમ લોડ પરીક્ષણ કરવામાં આવશે. મૂળ બ્રિટિશ યુગના કર્ણાક બ્રિજને ૨૦૧૪માં અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ ૨૦૨૨ માં તોડી પાડવામાં આવ્યો હતો.

તેવી જ રીતે, વિક્રોલી આરઓબીનું કામ પણ પૂર્ણ થવાના આરે છે. પશ્ચિમ બાજુએ મેસ્ટિક ડામર પાથરવાનું કામ ચાલી રહ્યું છે, સાથે જ ક્રેશ અને અવાજ

(જુઓ પાનું ૪) ▸▸

# ગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ કોર્સના ઓનલાઇન એડમિશનના રજિસ્ટ્રેશન માટે આજે છેલ્લો દિવસ

મુંબઈ: મુંબઈ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સમાં ઓનલાઈન એડમિશન માટે રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ ૨૬ મે સુધી લંબાવવામાં આવી છે. અત્યાર સુધીમાં અઢી લાખ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. ઉપરાંત નેક અને એનબીએ મૂલ્યાંકનના અભાવે બાકાત રાખવામાં આવેલી કોલેજોને હવે પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવી છે. યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમો માટે પ્રથમ મેરિટ યાદી ૨૭મી તારીખે જાહેર કરવામાં આવશે.

યુનિવર્સિટી સંલગ્ન, ઓટોનોમસ કોલેજો, માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીના શૈક્ષણિક વિભાગોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૩ અને ૪ વર્ષના ડિગ્રી અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે આ ઓનલાઈન નોંધણી ફરજિયાત છે. વિદ્યાર્થીઓએ પ્રવેશ પહેલાં યુનિવર્સિટીની વેબસાઇટ https://mu.ac.in/admissionની મુલાકાત લઈને ઓનલાઈન નોંધણી કરાવવી જરૂરી છે. ■

- ૨૭ મે (સાંજે ૫ વાગ્યે) પ્રથમ મેરિટ લિસ્ટ
- ૨૮ મે થી ૩૦ મે (બપોરે ૩ વાગ્યે) સુધી ઓનલાઈન ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને ફીની ચુકવણી (હસ્તાક્ષર ફોર્મ સહિત)
- ૩૧ મે (સાંજે ૭ વાગ્યે) બીજી મેરિટ યાદી
- ૨ થી ૪ જૂન (બપોરે ૩ વાગ્યા સુધી) ઓનલાઈન ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને ફીની ચુકવણી
- ૫ જૂન (સાંજે ૭ વાગ્યે) ત્રીજી મેરિટ યાદી
- ૬ થી ૧૦ જૂન (બપોરે ૩ વાગ્યા સુધી) ઓનલાઈન ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને ફીની ચુકવણી

# મહિલા અને તેનાં બે સંતાનનાં શબ અર્ધબળેલી હાલતમાં મળ્યાં

પુણે: પુણેના રાંઝણગાંવ વિસ્તારમાં રવિવારની બપોરે એક ઘરની બહારથી મહિલા અને તેનાં બે સંતાનનાં શબ અર્ધબળેલી હાલતમાં મળી આવ્યાં હતાં. રાંઝણગાંવ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે અજાણ્યા શખસે ત્રણેયની હત્યા બાદ મૃતદેહોને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હોવાની શક્યતા છે.

મૃત્યુ પામેલી મહિલા અંદાજે ૩૦ વર્ષની છે, જ્યારે બેમાંથી એક સંતાન ચાર વર્ષ અને એક દોઢ વર્ષનું છે. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે આ કેસ સંબંધી કોઈ પણ માહિતી હોય તો પોલીસને જાણ કરવી. પોલીસ ગુમ વ્યક્તિઓની ફરિયાદોની પણ તપાસ કરી રહી છે. (એજન્સી)

# ભાયખલામાં મહિલાએ ઈમારતના ૧૩મા માળેથી ઝંપલાવ્યાના ૫૦ દિવસે ભત્રીજાની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાયખલામાં કથિત ત્રાસથી કંટાળીને મહિલાએ બિલ્ડિંગના ૧૩મા માળેથી કૂદકો મારી આત્મહત્યા કર્યાની ઘટનાના ૫૦ દિવસ બાદ ભત્રીજાએ આત્મસમર્પણ કરતાં પોલીસે તેની ધરપકડ કરી હતી.

આગ્રીપાડા પોલીસે શનિવારની રાતે ધરપકડ કરેલા આરોપીની ઓળખ શોએબ ખાન (૨૭) તરીકે થઈ હતી. દક્ષિણ મુંબઈના મઝગાંવના ઘોડપદેવ વિસ્તારમાં રહેતો ખાન વ્યવસાયિક હોવાનું પોલીસનું કહેવું છે. ૫૩ વર્ષની ફુઈને આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપસર ખાનની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ ફરિયાદ અનુસાર ભાયખલાની પૉશ ઈમારતના ૧૩મા માળે રહેતી મહિલાએ છઠ્ઠી એપ્રિલે બાથરૂમની બારીમાંથી કૂદકો માર્યો હતો. જમીન પર પટકાયેલી મહિલાનું મૃત્યુ થયું હતું. તેના પતિએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ૧૬ એપ્રિલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.પોલીસ ફરિયાદ અનુસાર મહિલાના તેના ભત્રીજા શોએબ સાથે આડા સંબંધ

(જુઓ પાનું ૪) ▸▸

# પનવેલ કોર્ડ લાઇન અને રાહુરી-શનિ શિંગણાપુર રેલ પ્રોજેક્ટને મંજૂરી આપી

### કનેક્ટિવિટી વધારવા અને ભીડ ઘટાડવા માટેનો પ્રયાસ

મુંબઈ ક્ષેત્રમાં રેલ ક્ષમતા વધારવા રેલવે મંત્રાલયે તાજેતરમાં પનવેલ-સોમટાણે અને પનવેલ-ચીખલી વચ્ચે ૭.૫૪ કિમી લાંબા પનવેલ કોર્ડ લાઇનના નિર્માણના પ્રસ્તાવને મંજૂરી આપી છે. રૂ. ૪૪૪.૬૪ કરોડના ખર્ચે મંજૂર કરાયેલ આ પ્રોજેક્ટ મધ્ય રેલ્વે દ્વારા હાથ ધરવામાં આવશે.

પનવેલ,મુંબઈ ઉપનગરીય રેલવેના હાર્બર લાઇન પર એક મહત્વપૂર્ણ ટર્મિનલ છે જે ઉત્તર તરફ દિવા, દક્ષિણ તરફ રોહા, પશ્ચિમ તરફ જેએનપીટી અને પૂર્વ તરફ કર્જત માટે મહત્વપૂર્ણ જંકશન તરીકે કાર્ય કરે છે. હાલમાં ગ્રેડ-સેપરેટેડ ક્રોસિંગના અભાવે એન્જિન રિવર્સલને કારણે કામગીરીમાં વિલંબ થાય છે.

આ અડચણને દૂર કરવા માટે બે કોર્ડ લાઇનનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો અને હવે તેને મંજૂરી આપવામાં આવી છે. પ્રથમ કોર્ડ લાઇન જેએનપીટી -કર્જત કોરિડોર પર બનાવવામાં આવશે જે દિવા-પનવેલ લાઇન ફ્લાયઓવર પરથી પસાર થશે. બીજી કોર્ડ લાઇન કાળદુંરીગાવ કેબિન અને સોમટાણે

(જુઓ પાનું ૪) ▸▸




**પ્રદર્શન:** ૧૫૪મા વર્લ્ડ કોઈન ઍન્ડ કરન્સી એક્ઝિબિશન માટુંગામાં યોજાયું હતું, જેમાં પ્રાચીન સિક્કાઓ, પોસ્ટલ સ્ટેમ્પ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

# ચંદ્રપુરમાં વાઘનો આતંક: ૧૩ દિવસમાં ૯નાં મોત

મુંબઈ: મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લામાં વાઘના હુમલા અટકવાનું નામ નથી લઇ રહ્યા. મૂળ તહસીલના કરવન ગામમાં ગુરુવારે વાઘે એક વૃદ્ધ ખેડૂત પર હુમલો કરીને તેની હત્યા કરી હતી. તેને બચાવવાનો પ્રયાસ કરતી વખતે તેનો ભત્રીજો ગંભીર રીતે ઘાયલ થયો હતો.

મંગળવારે સવારે કરવન ગામના પાંચ લોકો રાબેતા મુજબ ગામની નજીકના ખેતરોમાં ગાય - ભેંસ ચરાવવા ગયા હતા. દરમિયાન, ખેતરની નજીક ઝાડીઓમાં છુપાયેલા એક વાઘે તેમના પર અચાનક હુમલો કર્યો હતો. વાઘે પહેલા ૫૫ વર્ષીય બંધુ પરશુરામ ઉરાડે પર હુમલો કર્યો, તેમને બચાવવાનો પ્રયાસ કરતી વખતે, તેમનો ભત્રીજો ૩૫ વર્ષીય કિશોર મધુકર ઉરાડે પણ વાઘના પંજામાં ફસાઈ ગયો અને ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઘાયલ કિશોરને તાત્કાલિક મૂળ સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. જ્યારે બંધુ ઉરાડે ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા.આ ઘટના બાદ ગામમાં ભારે શોકનું વાતાવરણ સર્જાયું છે. ગામલોકોએ મૃતકનો મૃતદેહ સ્વીકારવાની ના પાડી દીધી છે અને વન વિભાગ સામે ગુસ્સો વ્યક્ત કર્યો છે. ઘટનાસ્થળે મોટી ભીડ એકઠી થઈ ગઈ છે અને લોકો વન વિભાગ પાસેથી તાત્કાલિક વળતર અને વાઘને પકડવાની માંગ કરી રહ્યા છે.

# આધુનિકીકરણ પ્રગતિની ચાવી, પણ પશ્ચિમીકરણનો પ્રતિકાર કરવો જોઈએ: ગડકરી

મુંબઈ: કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ રવિવારે કહ્યું હતું કે પ્રગતિ માટે આધુનિકીકરણ જરૂરી છે, પરંતુ ભારતીય સમાજે પશ્ચિમીકરણનો પ્રતિકાર કરવો જોઈએ જે તેના મૂળ મૂલ્યોને નષ્ટ કરે છે.

'અમે પ્રગતિની વિરુદ્ધ નથી, પરંતુ અમે સમાજના પશ્ચિમીકરણની વિરુદ્ધ છીએ,' એમ ગડકરીએ અહીં વીડિયો કોન્ફરન્સ દ્વારા એક કાર્યક્રમને સંબોધતા કહ્યું હતું.

ગડકરીએ ભાર મૂક્યો કે સમય બદલાયો હોવા છતાં છત્રપતિ શિવાજી મહારાજ અને અહિલ્યાબાઈ હોળકર જેવા આદરણીય વ્યક્તિઓના ઉપદેશો તેમની મજબૂત મૂલ્ય પ્રણાલીને કારણે ખૂબ જ સુસંગત રહે છે.

'સમય કદાચ બદલાયો હશે, પરંતુ મૂલ્ય પ્રણાલી એ જ રહે છે,' એમ કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ ખાતાના પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું. ઇંગ્લેન્ડની તેમની એક મુલાકાતનો એક કિસ્સો શેર કરતા, ગડકરીએ બ્રિટિશ વડા પ્રધાન સાથેની વાતચીતને યાદ કરી હતી, જેમાં તેમને ભારતના સૌથી મોટા પડકાર વિશે પૂછવામાં આવ્યું હતું.

ગડકરીએ કહ્યું હતું કે મેં તેમને કહ્યું હતું કે ગરીબી, કુપોષણ, બેરોજગારી, શિક્ષણનો અભાવ અને અંધશ્રદ્ધા એ ભારતમાં વસ્તી વધારામાં યોગદાન આપતા મુખ્ય મુદ્દાઓ છે.

'જ્યારે મેં તેમને આ જ સવાલ પૂછ્યો, ત્યારે

(જુઓ પાનું ૪) ▸▸

# નવા ફોજદારી કાયદાઓના અસરકારક અમલ દ્વારા સજા દર વધારવો જોઈએ: દેવેન્દ્ર ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાંગલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે પોલીસ દળે શ્રેષ્ઠ પ્રયાસો કરવા જોઈએ. આ માટે મુખ્ય પ્રધાન અને ગૃહ ખાતાનો હવાલો સંભાળતા દેવેન્દ્ર ફડણવીસે એવું સૂચન કર્યું કે નવા ફોજદારી કાયદાઓનો અસરકારક રીતે અમલ કરીને દોષીને સજાનો દર વધારવો જોઈએ.

મુખ્ય પ્રધાન ફડણવીસ પોલીસ દળની ગુના સમીક્ષા બેઠકના અધ્યક્ષ સ્થાનેથી બોલી રહ્યા હતા. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની કચેરીના સભા ખંડમાં યોજાયેલી આ બેઠકમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી અને સાંગલીના પાલક પ્રધાન ચંદ્રકાંત પાટીલ અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

ફડણવીસે કહ્યું હતું કે આરોપીઓ નિર્દોષ છૂટવા પાછળના કારણોનો અભ્યાસ કરવો જોઈએ અને ભૂલો દૂર કરવી જોઈએ. નિર્દોષ છૂટવાનો દર ઊંચો હોય તેવા પોલીસ સ્ટેશનોની સમીક્ષા થવી જોઈએ. આ ભૂલો દૂર કરવી જોઈએ. આ માટે સરકારી વકીલોની બેઠક યોજવી જોઈએ. ઈ-સમન્સનો નિયમિત અને અસરકારક રીતે અમલ થવો જોઈએ. આનાથી સમય અને પૈસાની બચત થાય છે. તેમણે એવું પણ સૂચન કર્યું કે જિલ્લામાં તમામ પગલાં લઈને દોષી ઠેરવવાનો દર વધારવો જોઈએ.મિલકતના ગુનાઓમાં જપ્ત કરાયેલ માલ પરત કરવો જોઈએ એમ જણાવતા ફડણવીસે કહ્યું હતું કે ડ્રગ્સના દૂષણને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે ડ્રગ્સ સામે નિવારક પગલાં લેતી વખતે, ઔદ્યોગિક ક્ષેત્રમાં બંધ રાસાયણિક કંપનીઓનો સર્વે અને નિરીક્ષણ કરવું જોઈએ. તેમણે એવી સૂચના આપી હતી કે આ માટે જિલ્લાના તમામ સંબંધિત પોલીસ સ્ટેશનોને જાણ કરવામાં આવે.ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં જિલ્લાને સારા પ્રદર્શન બદલ અભિનંદન આપતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે મહિલાઓના ગુમ થવાના કેસોનો ગુનાનો ઉકેલ ન આવે ત્યાં સુધી તેનું ફોલો-અપ કરવું જોઈએ.




# હેડ-ક્લાસેને કાળો કેર વર્તાવ્યા પછી કોલકાતાએ ઘૂંટણિયા ટેકવ્યાં

## છગ્ગા-ચોક્કાની રમઝટ

### હૈદરાબાદના થર્ડ-હાઈએસ્ટ ૨૭૮/૩ પછી કોલકાતા ૧૬૮/૧૦: હેડની છ, ક્લાસેનની નવ સિક્સર

નવી દિલ્હી: સનરાઇઝર્સ હૈદરાબાદે આઇપીએલની બહાર થઈ ગયેલી બીજી ટીમ કોલકાતા નાઇટ રાઇડર્સ સામે અંતિમ મૅચમાં દમદાર બૅટિંગ કર્યા બાદ બોલિંગમાં પણ અસરદાર રમીને ૧૧૦ રનથી વિજય મેળવ્યો હતો. હૈદરાબાદના સ્પિનર હર્ષ દુબેએ ૩૪ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. કોલકાતાની ટીમ ૨૭૯ના લક્ષ્યાંક સામે ૧૬૮ રન પર ઓલઆઉટ થઈ હતી. હૈદરાબાદના ઉનડકટ, એશાન મલિંગા, હર્ષ દુબેએ ૩-૩ વિકેટ લીધી હતી. પાંડેના ૩૭ રન કોલકાતાની ટીમમાં હાઈએસ્ટ હતા.

આ વખતની ટૂર્નામેન્ટમાં પૅટ કમિન્સની આ ટીમે આરંભ પછી હવે સમાપન પણ ધમાકેદાર કર્યું. ત્રીજા નંબરનો સૌથી ઊંચો ટીમ-સ્કોર (૨૭૮/૩) કમિન્સની ટીમે રવિવારે નોંધાવ્યો હતો. હૈદરાબાદે ૨૩મી માર્ચે પોતાની પ્રથમ મૅચમાં રાજસ્થાન સામે ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૮૬ રન કર્યા હતા અને રવિવારે અહીં દિલ્હીમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામે એવા જ ધમાકાભર્યા પર્ફોર્મન્સમાં ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૭૮ રન કર્યા હતા. ઓપનર ટ્રેવિસ હેડ (૭૬ રન, ૪૦ બૉલ, છ સિક્સર, છ ફોર)ની ફટકાબાજી પછી હિન્રિક ક્લાસેન (૧૦૫ અણનમ, ૩૯ બૉલ, નવ સિક્સર, સાત ફોર)ને આતશબાજીથી દિલ્હીનું સ્ટેડિયમ ગજવી નાખ્યું હતું. હૈદરાબાદના બન્ને બૅટરે કોલકાતાની બોલિંગને ચીંથરેહાલ કરી નાખી હતી.

એ પહેલાં, ઓપનર અભિષેક શર્માએ ૩૨ રન, ઇશાન કિશને ૨૯ રન અને અનિકેત વર્માએ અણનમ ૧૨ રન બનાવ્યા હતા. હૈદરાબાદની ટીમને ૨૪ રન એક્સ્ટ્રામાં મળ્યા હતા.

હૈદરાબાદની આખી ઇનિંગ્સમાં કુલ ૧૯ સિક્સર અને બાવીસ ફોર ફટકારવામાં આવી હતી.

ટ્રેવિસ હેડે ૨૬ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા તો બૅટિંગ ઓર્ડરમાં ઓપનર અભિષેકની વિકેટ પછી પ્રમોટ કરવામાં આવેલા ક્લાસેને માત્ર ૧૭ રનમાં હાફ સેન્ચુરી પૂરી કર્યા બાદ ૩૭મા બૉલ પર ૧૦૦ રન પૂરા કર્યા હતા. કોલકાતાના છ બોલરમાં ઍન્રિક નોર્કિયા (૪-૦-૬૦-૦) સૌથી ખર્ચાળ સાબિત થયો હતો. વરુણ ચક્રવર્તી (૩-૦-૫૪-૦) પણ ખૂબ ખર્ચાળ બન્યો હતો. બીજા ચાર બોલરની ઍનેલિસિસ આ મુજબ હતી: સુનીલ નારાયણ (૪-૦-૪૨-૨), હર્ષિત રાણા (૪-૦-૪૦-૦) વૈભવ અરોરા (૪-૦-૩૯-૧) અને આન્દ્રે રસેલ (૨-૦-૩૪-૦).

### આઇપીએલના હાઇએસ્ટ ટીમ-સ્કોર્સ

(૧) હૈદરાબાદ, ૨૮૭/૩, ૨૦૨૪માં બેંગલૂરુ સામે
(૨) હૈદરાબાદ, ૨૮૬/૬, ૨૦૨૫માં રાજસ્થાન સામે
(૩) હૈદરાબાદ, ૨૭૮/૩, ૨૦૨૫માં કોલકાતા સામે
(૪) હૈદરાબાદ, ૨૭૭/૩, ૨૦૨૪માં મુંબઈ સામે
(૫) કોલકાતા, ૨૭૨/૭, ૨૦૨૪માં દિલ્હી સામે ■

# રમવાની કેટલી ભૂખ છે એ પારખ્યા પછી જ નિવૃત્તિ વિશે નિર્ણય લઈશ: ધોની

## ગુજરાત સામેના વિજય પછી માહીએ કહ્યું 'નિર્ણય લેવા માટે મારી પાસે હજી ચાર-પાંચ મહિના છે'

અમદાવાદ: ભારતના સર્વશ્રેષ્ઠ સુકાની, વિશ્વના શ્રેષ્ઠ વિકેટકીપર-બૅટ્સમેનોમાં ગણાતા અને યુવા વર્ગના કરોડો લોકોના હીરો મહેન્દ્રસિંહ ધોનીએ અહીં ગઈ કાલે ગુજરાત ટાઇટન્સ (જીટી) સામેના ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના શાનદાર અને યાદગાર વિજય બાદ (હવે આઇપીએલમાંથી પણ) નિવૃત્તિ લેવાની સંભાવનાને ફગાવી દેતાં તેના અસંખ્ય ચાહકોને હાશકારો થયો હશે.

ધોનીની કૅપ્ટન્સીમાં ચેન્નઈ પાંચ ટાઇટલ જીત્યું છે. ચેન્નઈની વર્તમાન આઇપીએલમાં આ છેલ્લી મૅચ હતી અને એમાં સીઝનના સર્વશ્રેષ્ઠ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી ૧૦મા નંબરની ટીમ ચેન્નઈ (૨૩૦/૫)એ મોખરાની ટીમ ગુજરાત (૧૮.૩ ઓવરમાં ૧૪૭/૧૦)ને ૮૩ રનથી હરાવ્યું હતું. ધોનીએ વિજય વિશે ખુશી વ્યક્ત કરી હતી અને પોતાની ટીમના પર્ફોર્મન્સને પરફેક્ટ ગણાવ્યો હતો અને ખેલાડીઓએ સારા કૅચ પકડ્યા એ બદલ પણ તેમને બિરદાવ્યા હતા. ધોનીએ નિવૃત્તિ વિશેના ઍન્કરના એક સવાલના જવાબમાં કહ્યું હતું કે 'હવે વધુ રમવું કે નહીં એ વિશે નિર્ણય લેવા માટે મારી પાસે હજી ચાર-પાંચ મહિના છે. આ પ્રોફેશનલ ક્રિકેટ છે એટલે એમાં શ્રેષ્ઠ ક્ષમતા જરૂરી હોય છે.'

ધોનીએ એવું પણ કહ્યું હતું કે 'પર્ફોર્મન્સ કરતાં ખેલાડીમાં રમવાની હજી કેટલી ભૂખ છે એ મારી દૃષ્ટિએ વધુ અગત્યનું છે. નિર્ણય પર આવવા મારી પાસે હજી પુષ્કળ સમય છે. હું રાંચી જઈશ અને લાંબો વિચાર કરીશ. હું એમ નથી કહેતો કે બસ, હવે નથી રમવું. હું ફરી રમીશ એવું પણ નથી કહેતો. ડિસિઝન પર આવવા હજી મને લાંબા સમયનો સાથ છે.'

### ગાયકવાડની ચિંતા ઘટાડી

ધોનીએ ચેન્નઈની ટીમની બૅટિંગથી પોતે હવે સંતુષ્ટ છે એવું કહ્યું હતું અને ટીમના મુખ્ય કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડનો (રિતુ કહીને) પણ ઉલ્લેખ કર્યો હતો. ધોનીએ કહ્યું, 'મને ટીમની બૅટિંગ વિશે થોડી ચિંતા હતી. હવે હું કહી શકું છું કે દરેકે યોગદાન આપ્યું છે. આવતા વર્ષે રિતુ આવશે ત્યારે તેણે ઘણી બાબતોમાં કોઈ ચિંતા નહીં કરવી પડે.'


અમદાવાદમાં ગઈ કાલે મહેન્દ્રસિંહ ધોની. (બીસીસીઆઈ)

### કોઈ પગે લાગે ત્યારે ઘરડા થઈ ગયા હોવાનો અહેસાસ થાય

થોડા દિવસ પહેલાં રાજસ્થાન સામેની મૅચ બાદ ૧૪ વર્ષનો ટીનેજર વૈભવ સૂર્યવંશી જ્યારે ધોનીને મળતી વખતે તેને પગે લાગ્યો ત્યારે ધોનીએ તેને થોડી સલાહ આપીને તેનો ઉત્સાહ વધાર્યો હતો. રવિવારની મૅચ બાદ ધોનીને એ કિસ્સા વિશે પૂછાતાં તેણે ઍન્કરને રમૂજી ટિપ્પણી કરતા કહ્યું, 'જ્યારે કોઈ આપણને પગે લાગે ત્યારે પોતાને એવો અહેસાસ થાય છે કે પોતાનામાં હવે ઘડપણ આવી ગયું છે. મેં આન્દ્રે (સીએસકેના ૧૮ વર્ષના સી. આન્દ્રે સિદ્ધાર્થ)ને પૂછ્યું તું કેટલા વર્ષનો છે? તેણે કહ્યું ૧૮ વર્ષનો. આન્દ્રે મારાથી બરાબર પચીસ વર્ષ નાનો છે.' ■

# તળિયાની ચેન્નઈની ટીમે નંબર-વન ગુજરાતને પછાડ્યું

## ▸ સીઝનમાં જીટીનો સૌથી ખરાબ અને સીએસકેનો સૌથી સારો પર્ફોર્મન્સ ▸ ગિલની ટીમે ટૉપ-ટૂમાં આવવાની તક ગુમાવી

અમદાવાદ: ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)એ આઇપીએલ-૨૦૨૫ની પોતાની અંતિમ મૅચમાં અહીં ગુજરાત ટાઇટન્સ (જીટી)ને ૮૩ રનથી હરાવીને રહીસહી આબરૂ પાછી મેળવી હતી.

એક તરફ, તળિયાની (૧૦મા નંબરની) સીએસકેએ આ સીઝનમાં પોતાનો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ બતાવ્યો હતો અને બીજી બાજુ, પૉઇન્ટ્સ-ટેબલની નંબર-વન ગુજરાતની ટીમે આ વખતનો સૌથી ખરાબ દેખાવ કરીને હાર સ્વીકારી હતી. શુભમન ગિલની ટીમ પ્લે-ઑફમાં પહોંચી ગઈ છે, પણ ઉપરાઉપરી બે મૅચ હારીને ટૉપ-ટૂમાં આવવાની તક એણે ગુમાવી હતી.


ગઈ કાલે અમદાવાદમાં ડેવૉન કૉન્વે (ડાબે) અને ડેવાલ્ડ બ્રેવિસ. (બીસીસીઆઈ)

### ▸ ગુજરાતની ડેબ્યૂ પછી સૌથી ખરાબ હાર

ગુજરાત ૨૦૨૨માં ડેબ્યૂ કર્યા પછી (ત્રણેય સીઝનમાં) પહેલી વાર ૮૩ રનના મોટા માર્જિનથી હાર્યું છે.

ચેન્નઈના ખેલાડીઓ જો અગાઉની મૅચોમાં આવું અસરદાર ઑલરાઉન્ડ પર્ફોર્મ કરી શક્યા હોત તો આજે તેમની ટીમ પ્લે-ઑફમાં હોત.

### ▸ ચેન્નઈનો જીત સાથે આરંભ, વિજય સાથે સમાપન

આ સીઝનની શરૂઆતમાં ૨૩મી માર્ચે ચેન્નઈમાં સીએસકેની ટીમે મુંબઈ ઇન્ડિયન્સને ચાર વિકેટે હરાવીને અભિયાનનો આરંભ કર્યો હતો. પછીથી હારની હારમાળાને લીધે અને કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ ઈજાને લીધે સ્પર્ધાની બહાર થઈ જતાં આ ટીમે એક પછી એક પછડાટ ખાવી પડી હતી. જોકે રવિવારે ધોનીના સુકાનમાં ચેન્નઈએ વિજય હાંસલ કરીને આ સીઝનમાંથી વિદાય લીધી. ખુદ ધોનીએ મૅચ પછી કહ્યું, 'સ્પર્ધામાંથી વિજય સાથે વિદાય લેવા બદલ આનંદ અનુભવું છું.'

### ▸ સુદર્શન સિવાય કોઈના પચીસ રન પણ નહીં

ચેન્નઈએ બૅટિંગ પસંદ કર્યા બાદ પાંચ વિકેટે ૨૩૦ રન કર્યા હતા જેના જવાબમાં ગુજરાતની ટીમ ૧૮.૩ ઓવરમાં ૧૪૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. ચેન્નઈએ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી આ વિજય મેળવ્યો હતો, જ્યારે ગુજરાતે બોલિંગમાં નબળું પર્ફોર્મ કર્યા બાદ બૅટિંગમાં એનાથી પણ ખરાબ દેખાવ કર્યો. ઓપનર સાઇ સુદર્શન (૪૧ રન, ૨૮ બૉલ, છ ફોર)ના સાધારણ દેખાવને બાદ કરતા ટીમનો બીજો કોઈ બૅટ્સમૅન પચીસ રન સુધી પણ નહોતો પહોંચી શક્યો. સુદર્શન પછી ટીમમાં શ્રેષ્ઠ વ્યક્તિગત સ્કોર બોલર અર્શદ ખાન (૨૦ રન, ૧૪ બૉલ, ત્રણ સિક્સર)નો હતો. ગુજરાતની ટીમે આ સીઝનમાં ક્યારેય રવિવાર (૧૪૭-૧૦) જેવો ખરાબ પર્ફોર્મન્સ ક્યારેય નહોતો બતાવ્યો.

૧૪માંથી નવ જીત અને પાંચ હાર જોનાર ગુજરાતના રવિવારના ફ્લૉપ બૅટ્સમેનોમાં કૅપ્ટન શુભમન ગિલ (૧૩ રન), જૉસ બટલર (પાંચ રન), શેરફેન રુધરફર્ડ (૦), એમ. શાહરુખ ખાન (૧૯), રાહુલ તેવાટિયા (૧૪) અને રાશીદ ખાન (૧૨)નો સમાવેશ હતો.

### ▸ બ્રેવિસ મૅન ઑફ ધ મૅચ, કૉન્વે પણ સુપરહિટ

ચેન્નઈએ આ જીત ખાસ કરીને ઓપનર ડેવૉન કૉન્વે (બાવન રન, ૩૫ બૉલ, બે સિક્સર, છ ફોર) અને મૅન ઑફ ધ મૅચ ડેવાલ્ડ બ્રેવિસ (૫૭ રન, ૨૩ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર)ના પર્ફોર્મન્સથી મેળવી. ખાસ કરીને તેમણે ચેન્નઈને ૨૩૦ રનનો મોટો સ્કોર અપાવ્યો હતો. જોકે બોલિંગમાં પણ ચેન્નઈના કેટલાક બોલર્સે કમાલ કરી હતી. અંશુલ કંબોજ (૨.૩-૦-૧૩-૩), નૂર અહમદ (૪-૦-૨૧-૩) અને રવીન્દ્ર જાડેજા (૩-૦-૧૭-૨) તેમ જ ખલીલ અહમદ (૩-૦-૧૭-૧) અને મથીશા પથિરાના (૩-૦-૨૯-૧)ના પણ ઉપયોગી યોગદાનોની મદદથી ચેન્નઈએ ગુજરાતને ૧૫૦ રનના આંક સુધી પણ નહોતું પહોંચવા દીધું. ચેન્નઈના સ્ટાર બૅટ્સમૅન કૉન્વેએ સાથી ઓપનર આયુષ મ્હાત્રે (૩૪ રન, ૧૭ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર) સાથે ૪૪ રનની ઓપનિંગ પાર્ટનરશિપ અને પછી ઉર્વિલ પટેલ (૩૭ રન, ૧૯ બૉલ, બે સિક્સર, ચાર ફોર) સાથે બીજી વિકેટ માટે ૬૩ રનની ભાગીદારી કરી હતી. શિવમ દુબે (૧૭ રન, આઠ બૉલ, બે સિક્સર) સાથે પણ કૉન્વેની ૩૭ રનની પાર્ટનરશિપ થતાં ચેન્નઈનો સ્કોર ૧૩મી ઓવરમાં ૧૫૦ રનની નજીક પહોંચી શક્યો હતો. જોકે દુબે અને કૉન્વેએ ટીમ સ્કોરના ટૂંકા તફાવતમાં વિકેટ ગુમાવી ત્યાર બાદ બ્રેવિસે બાજી સંભાળી હતી અને તેણે રવીન્દ્ર જાડેજા (૨૧ અણનમ, ૧૮ બૉલ, એક સિક્સર, એક ફોર) સાથે ૭૪ રનની ભાગીદારીથી ટીમના સ્કોરને ૨૦૦ પાર કરાવવામાં સફળતા મેળવી હતી.

### ▸ મ્હાત્રેએ એક ઓવરમાં ૨૮ રન કર્યા

એ પહેલાં, સુકાની મહેન્દ્રસિંહ ધોનીએ ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી ત્યાર બાદ મૅચ શરૂ થતાં જ સીએસકેના નવયુવાન ઓપનર અને ડોમેસ્ટિક ક્રિકેટમાં મુંબઈ વતી રમતા આયુષ મ્હાત્રેએ ફટકાબાજી શરૂ કરી દીધી હતી. ૧૭ વર્ષના મ્હાત્રેએ લેફ્ટ-આર્મ મિડિયમ પેસ બોલર અર્શદ ખાનની એક ઓવરમાં ત્રણ સિક્સર અને બે ફોરની મદદથી કુલ ૨૮ રન ખડકી દીધા હતા. જોકે ચોથી ઓવર ફાસ્ટ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાની હતી જેના ચોથા બૉલમાં ચેન્નઈનો સ્કોર ૪૪ રન હતો ત્યારે મોહમ્મદ સિરાજના હાથમાં મ્હાત્રે કૅચઆઉટ થયો હતો. મ્હાત્રેએ ૧૭ બૉલમાં ૩૪ રન કર્યા હતા. ગુજરાતના સાત બોલરમાંથી પ્રસિદ્ધ ક્રિષ્નાએ સૌથી વધુ બે વિકેટ તથા સાઇ કિશોર, રાશીદ ખાન અને એમ. શાહરુખ ખાને એક-એક વિકેટ મેળવી હતી. ■

# કોઈક ખેલાડી અકસ્માતે કૅપ્ટન બની જતા હોય છે, શુભમન ગિલનું ઉદાહરણ સર્વશ્રેષ્ઠ

મુંબઈ: મોટા ભાગે ખેલાડીઓ પોતાના પર્ફોર્મન્સને આધારે કે નિર્ણય શક્તિના જોર પર કે અસાધારણ પ્રભાવને લીધે ટીમના કૅપ્ટન બનતા હોય છે, પણ શુભમન ગિલ માટે એવું કહેવાય છે કે તે અકસ્માતે કૅપ્ટન બની ગયો છે અને ૨૧મી સદીમાં આવો અવસર મેળવનાર તે ભારતનો પ્રથમ સુકાની છે.

ગિલ ટીમનું નેતૃત્વ સંભાળવા માટે જન્મ્યો જ નથી એવું કહી શકાય, કારણકે લાંબા સમય સુધી સફળ કૅપ્ટન્સીનો પુરાવો પણ તે નથી આપી શક્યો. જેમ કેટલાક નેતાઓએ પરિસ્થિતિ મુજબ નેતૃત્વ કરવું પડતું હોય છે એમ ગિલને પણ એક મોટો મોકો મળ્યો છે.



એક જાણીતી વેબસાઈટ પર ખૂબ સરસ વિશ્લેષણમાં જણાવાયું છે કે કોઈ ખોટી વ્યક્તિ ખરા સમયે ખરા સ્થાને પહોંચી જાય એવું આ કિસ્સામાં બની ગયું એમ કહી શકાય. કૅનેડાના મૅનેજમેન્ટ તેમ જ શિક્ષણ ક્ષેત્રના વિદ્વાન લૉરેન્જ જે. પીટરે એક વખત કહ્યું હતું કે દરેક વ્યકિત ક્યારેકને ક્યારેક પોતાની અયોગ્યતાના સ્તરે પહોંચતી હોય છે. જોકે ગિલના કિસ્સામાં એવું છે કે ખુદ અયોગ્યતા તેને શોધતી તેની પાસે આવી ગઈ. ઘણાને લાગી રહ્યું છે કે ટેસ્ટમાં ચોથી રૅન્ક ધરાવતા ભારતની ટીમનો કૅપ્ટન બનવા માટેની પૂરતી લાયકાત ગિલમાં નથી. કારણ એ છે કે હજી સુધી તેણે બૅટ્સમૅન તરીકેની લાયકાત સાબિત કરી છે, પરંતુ સુકાની તરીકે નક્કર પુરાવો નથી આપ્યો. ગિલની કાબેલિયતનું પૂરતું વિશ્લેષણ થયું છે જે મુજબ આંતરરાષ્ટ્રીય ફલક પર ભારતીય ટીમનો કૅપ્ટન બનવા માટે તેની પ્રતિભા હજી અધૂરી કહેવાય.

ગિલમાં કેટલીક નબળાઈઓ પણ જોવા મળી છે. ૩૨ ટેસ્ટમાં તેની ૩૫.૦૫ની સરેરાશ ભારતના ટૉપ-ઑર્ડરના બૅટ્સમેનોમાં સૌથી ઓછી છે. વિરાટ કોહલી, ચેતેશ્વર પુજારા કે રિષભ પંતને છોડી દો, અજિંક્ય રહાણેની બૅટિંગ-ઍવરેજ પણ તેનાથી ચડિયાતી છે. એટલું જ નહીં, હનુમા વિહારી જેણે મોટા ભાગે પાંચમા-છઠ્ઠા નંબર પર બૅટિંગ કરી છે તેની ઍવરેજ (૩૩.૫) પણ ગિલથી સારી છે.

વિદેશી ધરતી પરની ગિલની નબળાઈઓ તરત નજરમાં આવી જાય એવી છે. સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા આ ચાર દેશના અંગ્રેજી નામના પ્રથમ અક્ષરને ગણતરીમાં લઈએ તો અંગ્રેજીમાં 'SENA' એવું નામ બને છે અને આ ચાર દેશમાં ગિલનો પર્ફોર્મન્સ સાધારણ છે. આ ચાર દેશમાં તેની બૅટિંગ સરેરાશ ૨૫.૭૦ છે અને આ દેશોમાં તેણે સદી પણ નથી ફટકારી. તેની ૨૫.૭૦ની સરેરાશ ભૂતપૂર્વ પેસ બોલર મનોજ પ્રભાકરની સરેરાશ (૨૪.૨)થી થોડી જ સારી છે. ઇંગ્લૅન્ડમાં રમેલી ત્રણ ટેસ્ટમાં ગિલના સ્કોર આ મુજબ હતા: ૨૮, ૧૫, ૧, ૦, ૧૭ અને ૪ રન. આ રનના આંકડા ધ્યાનમાં આવે તો જ્યૉફ બૉયકૉટ કદાચ કહેશે, 'આનાથી સારી બૅટિંગ મારી મમ્મીએ ટૂથપિકથી કરી હોત.'

ગિલ મૂવિંગ બૉલ સામે રમવામાં નબળો છે. સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયામાં તે કુલ ૧૮માંથી આઠ ઇનિંગ્સમાં વિકેટકીપરને તથા પાંચ વખત સ્લિપ/ગલીના ફીલ્ડરને કૅચ આપી બેઠો છે. ઇનિંગ્સની શરૂઆતમાં પાવરફુલ શૉટ ફટકારવાની બાબતમાં તેમ જ આઉટસ્વિંગરમાં શૉટ મારવામાં તેની જે નબળાઈ છે એ છતી થઈ ગઈ છે અને એટલે જ તે બૅટિંગમાં ઓપનિંગનું સ્થાન છોડી ચૂક્યો છે. લૉરેન્સ પીટરના 'પીટર સિદ્ધાંત'માં કહેવાયું છેને કે ક્યારેક તમારું નામ તમારી કિસ્મત બનાવી દેતું હોય છે.

ગિલની નિયુક્તિ પરથી વીતેલાં વર્ષો યાદ આવી ગયાં. ૧૯૮૦ના દાયકાના છેવટના ભાગમાં સુનીલ ગાવસકરે નિવૃત્તિ લઈ લીધી એ અરસામાં ક્રિષ્ણમાચારી શ્રીકાંતને સુકાન સોંપાયું હતું. ૨૦મી સદીના તેઓ ભારતના કદાચ છેલ્લા આકસ્મિક કૅપ્ટન હતા. ■

# મુંબઈ આજે પંજાબ સામે જીતશે એટલે ટૉપ-ટૂમાં રહેશે

જયપુર: અહીં આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) મુંબઈ અને પંજાબ વચ્ચે આઇપીએલની મહત્ત્વની મૅચ છે જેમાં જીતનારી ટીમ પ્લે-ઑફના ટોચના બે સ્થાનમાં પ્રવેશ મેળવી લેશે. એ બે સ્થાનમાં પહોંચાનારી ટીમ વચ્ચે ૨૯મી મેએ ક્વૉલિફાયર-વન મૅચ રમાશે જેમાં જીતનારી ટીમને સીધા ફાઇનલમાં જવા મળશે અને પરાજિત ટીમને ફાઇનલ માટે વધુ એક મોકો મળશે.

ટોચની ચાર ટીમની સ્થિતિ આ મુજબ છે: ગુજરાત (૧૮ પૉઇન્ટ, +૦.૨૫૪નો રનરેટ), પંજાબ (૧૭ પૉઇન્ટ, +૦.૩૨૭નો રનરેટ), બેંગલૂરુ (૧૭ પૉઇન્ટ, +૦.૨૫૫નો રનરેટ) અને મુંબઈ (૧૬ પૉઇન્ટ, +૧.૨૯૨નો રનરેટ). ગુજરાતની ૧૪ લીગ મૅચ પૂરી થઈ ગઈ છે.

મંગળવારે લખનઊ-બેંગલૂરુ વચ્ચે અંતિમ લીગ મૅચ રમાયા બાદ ગુરુવાર, ૨૯મી મેએ પ્લે-ઑફ રાઉન્ડ શરૂ થશે. ■

# તક મળે તો ફરી ભારત વતી રમવું છે: ચેતેશ્વર પુજારા

## ટેસ્ટ સ્પેશિયાલિસ્ટ બૅટ્સમૅને ટીમ ઇન્ડિયામાં પાછા આવવાની આશા હજી છોડી નથી

નવી દિલ્હી: ભારતના ટેસ્ટ-સ્પેશિયાલિસ્ટ બૅટ્સમૅન ચેતેશ્વર પુજારાએ ટેસ્ટની ટીમ ઇન્ડિયામાં કમબૅક કરવાની આશા હજી છોડી નથી અને હવે જ્યારે રોહિત શર્મા તથા વિરાટ કોહલી જેવા બે દિગ્ગજો ટેસ્ટમાંથી નિવૃત્ત થઈ ગયા છે ત્યારે પુજારાને આશા છે કે તેને ક્યારેક તો પાછો બોલાવવામાં આવશે જ. ૩૭ વર્ષના ભરોસાપાત્ર બૅટ્સમૅન અને એક સમયે રાહુલ દ્રવિડ જેવા 'ધ વૉલ' ગણાતા પુજારાનું ટીમમાં કમબૅક કરવાનું સપનું છે, પણ તેની કરીઅરે કઈ દિશા લીધી છે એનો તેને ખેદ પણ નથી.

પુજારા લગભગ બે વર્ષથી ભારતીય ટીમમાં નથી. તેણે એક જાણીતી ચૅનલ દ્વારા આયોજિત ઑનલાઇન ચર્ચા દરમ્યાન પીટીઆઇના પત્રકારના સવાલના જવાબમાં કહ્યું હતું કે 'ભારત વતી ફરી રમવાની તક મળશે તો એ હું સ્વીકારી લઈશ.

મને કોઈ વાંધો નથી. હા, એટલું ખરું કે હું વર્તમાનમાં જ જીવનારી વ્યક્તિ છું. મને જો ભારત વતી ફરી રમવાનો મોકો મળે તો એનાથી સારું બીજું શું કહેવાય. જોકે ત્યાં સુધી હું અત્યારે ક્રિકેટ કરીઅરમાં જે કંઈ કરું છું એમાં આનંદ અનુભવું છું. અત્યાર સુધીની મારી કારકિર્દી ખૂબ જ સારી રહી છે. મને કોઈ પણ પ્રકારનો રંજ નથી.'

પુજારા ૧૦૩ ટેસ્ટ રમ્યો છે જેમાં તેણે ૪૩.૬૦ની સરેરાશે ૭,૧૯૫ રન કર્યા છે. તેણે કહ્યું હતું કે 'હું હજી પણ ક્રિકેટ એન્જૉય કરું છું. હજીયે પ્રૅક્ટિસ કરી લેતો હોઉં છું અને ફિટનેસની બાબતમાં પણ ખૂબ કાળજી રાખું છું.'

પુજારાએ પીટીઆઇને એવું પણ કહ્યું હતું કે 'હવે પછી જે પણ બનશે એના પર મારો કોઈ કાબૂ નહીં હોય. હા, મારાથી થઈ શકે એટલું હું મારા અંકુશમાં રાખવાની કોશિશ કરતો હોઉં છું પછી ભલે ડોમેસ્ટિક ક્રિકેટ હોય, ક્લબ ક્રિકેટ હોય કે કાઉન્ટી ક્રિકેટ.' ■



# ધર્મતેજ

## સતી સાવિત્રી ને યમરાજા

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com



પહેલાં વિજ્ઞાનની વાત. આધુનિક વિજ્ઞાન માને છે કે વિચારો દ્વારા અન્યના વર્તનને, અન્યના વિચારને પ્રભાવિત કરી શકાય. આમ વિજ્ઞાન કહે છે. આ માન્યતા ન હોઈ શકે. વિજ્ઞાન જણાવે છે કે, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રૂપે ચોક્કસ પ્રકારના સઘન વિચારો અન્યની મનોદશા, વર્તન, બોલી, પ્રતિભાવ, ઊર્જા-સ્તર, વિચારો, માનસિક ક્ષમતા તથા તત્કાલીન સમજશક્તિ પર અસર કરી શકે. આ અસરની માત્રા પરિસ્થિતિ તથા વિચારકના વિચારોની દ્રઢતા પર આધાર રાખે. જો વ્યક્તિ આત્મવિશ્વાસથી ભરપૂર હોય, પોતાના વિચારો નિર્વિકલ્પ રાખવા સક્ષમ હોય, તેનું સમગ્ર અસ્તિત્વ હકારાત્મકતાથી ભરેલું હોય, અભિવ્યક્તિમાં ઉચ્ચકક્ષાની સ્પષ્ટતા હોય, વિચારોનાં પરિપ્રેક્ષ્યમાં પરિસ્થિતિને યથાર્થ રીતે સમજવાની ક્ષમતા હોય, ક્યાંય કોઈપણ પ્રકારની શંકા કે અવિશ્વાસ ન હોય તો વ્યક્તિના વિચારો ચોક્કસ અસર કરે. વિજ્ઞાન એમ પણ કહે છે કે આ અસર સજીવ વ્યક્તિ પર પણ હોઈ શકે અને નિર્જીવ પદાર્થ પર પણ હોઈ શકે.

ન્યુરો સાયન્સના આધુનિક સંશોધન અનુસાર મનની શક્તિ ખૂબ પ્રભાવી તેમજ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ કરી શકાય તેવી બાબત છે. મનને લગતું વિજ્ઞાન એમ જણાવે છે કે વિચારો થકી અન્યના વિચારો ઉપરાંત અન્યની ભાવના, તેમનું સ્વાસ્થ્ય તેમજ તેમનાં વર્તનને પ્રભાવિત કરી શકાય. નવી ક્ષમતા વિકસાવી શકાય, પ્લેસિબો અસર હેઠળ સારાપણાંનો - સુધારાનો ભાવ દ્રઢ કરી શકાય, મેડિટેશન દ્વારા સ્મૃતિ, સર્જનાત્મકતા, શાંતિ અને શ્રદ્ધા પણ વધુ દ્રઢ બનાવી શકાય અને સાથે સાથે સબકોન્શિયસ માઈન્ડ અર્થાત અવચેતન મન દ્વારા અકલ્પનીય પરિણામ પણ આવી શકે. આ બધું સ્વયં માટે પણ થઈ શકે અને અન્યને પણ આ બધી રીતે અસરગ્રસ્ત કરી શકાય.

વિજ્ઞાન જણાવે છે કે વ્યક્તિ જે વિચારે છે તે વિચાર અન્ય લોકો પર પ્રભાવ પાડી શકે. વ્યક્તિમાં પ્રવર્તમાન ઊર્જા આસપાસના લોકો પર અસર છોડી શકે. 'સૌમ્ય સંચાર'ના સિદ્ધાંત પ્રમાણે, વ્યક્તિની ભાવના અન્ય માટે પ્રભાવક બની શકે. જો ચિંતન પ્રબળ હોય તો વ્યક્તિના વિચારો ટેલીપથી દ્વારા અન્ય સુધી, જેમ છે તેમ, પહોંચી પણ શકે. ટેલીપથી વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પરીક્ષણ કરવામાં આવી છે, ખાસ કરીને મનોવિજ્ઞાન અને ન્યુરોસાયન્સ ક્ષેત્રે, અને ક્યાંક તેનાં પ્રોત્સાહક પુખ્ત પુરાવા પ્રાપ્ત પણ થયાં છે. વિજ્ઞાનની એક શાખા, બ્રેઇન કમ્પ્યુટર ઈન્ટરફેસ ટેક્નોલોજીમાં મગજના સિગ્નલ વડે કમ્પ્યુટરને સંચાલિત કરવામાં આવે છે.

સામાજિક વ્યવહારમાં પણ એ સિદ્ધ થયું છે કે સકારાત્મક દ્રઢ વિચારોથી સહકર્મી વધુ મદદરૂપ થઈ શકે, સંતાનો સારા માર્ગે જઈ શકે, અનુયાયી આજ્ઞાંકિત બની શકે અને સમગ્રતામાં વધુ સકારાત્મક સ્થિતિ સર્જાઇ શકે. જો એક જ પ્રકારના સકારાત્મક વિચારો લાંબા સમય સુધી જળવાઈ રહે તો તેની સકારાત્મક અસર ચોક્કસ સ્થાપિત થાય. વ્યક્તિના વિચારોની અસર અને તેનો પ્રભાવ મહદઅંશે સામેવાળી વ્યક્તિની માનસિક શક્તિ પર આધાર રાખે. સામેવાળી વ્યક્તિની માનસિક શક્તિ જેમ ઓછી તેમ અન્યના વિચારોની અસર પ્રબળ બનતી જાય. એકંદરે એમ કહી શકાય કે આધુનિક વિજ્ઞાન પણ માન્યતા આપે છે કે મનની શક્તિ ખૂબ જ પ્રભાવશાળી છે અને તે વિવિધ પરિસ્થિતિ પર, વિવિધ માત્રામાં, વિવિધ પ્રકારની અસર કરી શકે.

સત્યવાન-સાવિત્રીની વાત વિજ્ઞાનના આ તારણના સંદર્ભમાં સમજી શકાય. એમ કહેવાય છે કે સત્યવાનનું મૃત્યુ થયાં બાદ, સતી સાવિત્રી યમરાજાની પાછળ પાછળ જાય છે. પછી વરદાનોની વાત આવે છે પરંતુ અંતે તે યમરાજા પાસેથી પોતાના પતિને જીવંત પરત લાવે છે. યમરાજા પાછળ શરીર સાથે જવું અશક્ય જણાય છે. એમ લાગે છે કે અહીં સાવિત્રીની દ્રઢ મનોશક્તિએ પરિણામ આપ્યું હશે. સાવિત્રી એ પૂરેપૂરા આત્મવિશ્વાસ સાથે પોતાના પતિના જીવન માટે એટલાં સઘન વિચારો કર્યા હશે કે તેની અસર યમરાજા પર થઈ હોય.

સાવિત્રીના દ્રઢ વિચાર યમરાજાને અનુસર્યા હશે. સાવિત્રીના નિર્વિકલ્પ વિચારો પોતાના પતિ સાથે જિંદગી જીવવાના હશે. પોતાની સફળતા માટે સાવિત્રી આત્મવિશ્વાસથી ભરપૂર હશે અને તે મુજબના જ તેને વિચારો આવતા હશે. સાવિત્રીને એ પણ ખાતરી હશે કે પોતાની સાત્ત્વિકતા, ધાર્મિકતા, ભક્તિ, પતિવ્રતાપણું, તથા ધર્મ માટેની શ્રદ્ધા ક્યારેય નિષ્ફળ નહીં જાય. સાવિત્રીને પૂરેપૂરી ખાતરી હશે કે નિયતિ તેને નિરાશ નહીં કરે અને નિયતિ યમરાજાને તે પ્રમાણે અપવાદ સર્જવાનું પ્રોત્સાહન આપશે જ. પોતાની સાત્ત્વિકતાને આધારે સાવિત્રીને ઈશ્વરના ન્યાય પર પણ વિશ્વાસ હશે. આ બધાંને કારણે સતી સાવિત્રીના વિચારો એટલાં દ્રઢ હશે કે તેની અસરથી યમરાજા પણ મુક્ત નહીં રહી શક્યાં હોય.

સાવિત્રીનો પોતાનો અભૂતપૂર્વ આત્મવિશ્વાસ, પોતાના સતીત્વમાં અપાર શ્રદ્ધા, પોતાની સાત્વિકતામાં નિસંદેહતા, પોતાની પવિત્રતામાં વિશ્વાસ, પોતાની ઈચ્છા માટે અન્ય કોઈ વિકલ્પનો અભાવ, પત્નીના ઉત્તરદાયિત્વના નિભાવ માટે પોતાની કૃતનિશ્ચયતા અને સૃષ્ટિમાં ધર્મની આણ પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રવૃત્ત હોવાની તેની ખાતરી થકી એક વિશેષ પ્રકારના સઘન વિચારનું પ્રાગટ્ય થયું હશે. આ વિચાર સાથે યમરાજાની કરુણા અને ઈશ્વરના ન્યાય માટેની સકારાત્મક ભાવના પણ જોડાયેલી હશે. સાવિત્રીની આ વૈચારિક શક્તિ ચોક્કસ રીતે યમરાજાને પ્રભાવિત કરી ગઈ હશે.

શરીરથી નહીં, મનથી તે યમરાજાની પાછળ ગયાં હશે. શબ્દોથી નહીં, વિચારોથી તેમણે યમરાજા સમક્ષ માગણી મૂકી હશે. વર્તનથી નહીં પણ વિચારોથી તેમણે યમરાજાનાં અન્ય પ્રલોભનો નામંજૂર કર્યા હશે. સતી સાવિત્રીના વિચારોની પ્રબળતાથી યમરાજા પ્રભાવિત થયા હશે અને અંતે સત્યવાન જીવંત થયા હશે. આધુનિક વિજ્ઞાન પ્રમાણે પણ આ શક્ય છે. પ્રશ્ન માત્ર યમરાજાનો છે. યમરાજાના અસ્તિત્વને જીવંત શક્તિ અથવા એક વ્યવસ્થાના ભાગ તરીકે પણ લેવામાં આવે તો તે પ્રશ્નનું પણ નિરાકરણ થઈ જાય. ■

## મોક્ષ માટે મરવાની જરૂર નથી, મોક્ષ એ આંતરિક પરિવર્તનનું નામ છે...



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



'રામચરિતમાનસ'માં ગોસ્વામીજીના મોક્ષ વિશે કેવા વિચારો છે? આપણને ધર્મગુરુ સમજાવે છે, ધર્મગુરુ એ વિશે કહે છે, પરંતુ તત્ત્વતઃ મોક્ષ છે શું ? જો કે આપ સૌ મને નિરંતર સાંભળનારા જાણો છો કે વ્યક્તિગતરૂપે હું મોક્ષવાદી નથી. મારી પોતાની મોક્ષમાં કોઈ રુચિ નથી કે આપણે મોક્ષ પ્રાપ્ત કરીએ. આપણી માન્યતા એવી છે કે, જીવાત્માનો મોક્ષ થઇ જાય તો આખરે એ જનમ-મરણના ચક્કરમાંથી છૂટી જાય. મોક્ષમારગનો એક બહુ મોટો પક્ષ આપણા અધ્યાત્મમાં છે, પરંતુ મારી રુચિ ખાસ કરીને મોક્ષપરક નથી.

એક સંતે તો 'મોક્ષ' શબ્દના બે અક્ષરોમાંથી એક-એક અક્ષરનું જુદું જુદું અર્થઘટન કરીને મોક્ષની બહુ જ સરળ પરિભાષા દર્શાવી છે. 'મો'નો અર્થ એ મહાત્માએ બતાવ્યો છે, મોહ. અને 'ક્ષ' નો અર્થ છે ક્ષય, નાશ થવો. આપણા જીવનમાં શ્રવણથી, મનનથી, નિદિધ્યાસનથી એમ કોઈપણ રીતે ક્રમશઃ મોહનો નાશ થઇ જાય એ અવસ્થાને મોક્ષ કહે છે. મારાં ભાઈ-બહેનો,મોક્ષ પામવા માટે મરવું જરૂરી નથી, અવશ્ય, મરણ બાદ મોક્ષની ઉપલબ્ધી બતાવવામાં આવી છે, પરંતુ આપણે મરીએ તો જ મોક્ષ પ્રાપ્ત થાય એ આવશ્યક નથી. જીવતા જીવનમાં ક્રમશઃ જાગૃતિ આવે અને મોહ ક્ષય થવા લાગે, મોહની માત્રા ઘટવા લાગે અને એક સમય એવો આવે કે મોહ રહે જ નહિ, ત્યારે સમજવું એ માણસ જીવિત છે, છતાં પણ નિર્વાણરૂપ છે, મોક્ષરૂપ છે. એટલા માટે આપણી પરંપરામાં સદગુરુને પણ મોક્ષરૂપ માનવામાં આવે છે.

મારાં ભાઈ-બહેનો ,એકવીસમી સદીનાં વૈરાગ્યનો અર્થ છે, માલિક બનવાનું છોડો, માળી બનવાનું શરૂ કરો. આપણે ઘરના માલિક નથી, આપણે ઘરના માળી છીએ. પત્નીના માલિક ન બનો, માળી બનો. બાળકોના માલિક ન બનીએ. એ આપણા નાનકડા બાગનાં ફૂલો છે, આપણે એના માળી બનીએ. તમારી પાસે બહુ મોટું મકાન હોય તો તમને મુબારક. પરંતુ જયારે સમજમાં આવે ત્યારે એ બધું છોડીને ભાગવાનું નથી.માલિક, બુદ્ધિ છોડવી હોય તો વૈરાગ્ય જરૂરી છે. વૈરાગ્યનો મતલબ છે માલિકભાવ છૂટે. બધા કામકાજ કરો. તમારા નામે ઇન્કમટેક્ષ ભરો. તમારી કંપની હોય, તમે જે કરતા હો એ બધું કરો. પરંતુ સાચા ધર્મનું ફળ જો વૈરાગ્ય હોય, તો વૈરાગ્યનો અર્થ છે કે, આપણે માલિક ન બનીએ. માલિકભાવ દુઃખી કરે છે.

આ મારું અને આ તારું માયા છે અને માયાથી મુક્ત થવું એ મોક્ષ છે. એ કઠિન છે. તમારી પાસે કોઈ ચીજ હોય, એને બહુ જ જતનપૂર્વક જાળવી હોય, પરંતુ જો ક્યારેક કોઈને આપવી પડે અને મારાપણાં છૂટી જાય તો ધીરે ધીરે મોક્ષ છે. મારાપણાંનું બંધન જ મોહબંધન છે. મોહનો ક્ષય મોક્ષ છે. જેમ જેમ જાગૃતિ વધે અને મારાપણાંનો ક્ષય થવા લાગે તેમ એ મોક્ષની યાત્રા છે. મોક્ષ કોઈ હાઉસિંગ સોસાયટી નથી. મોક્ષ ભીતરી પરિવર્તન છે. આંતરિક બદલાવનું નામ મોક્ષ છે.

સત્સંગ કરતા કરતા, સત્સંગ દ્વારા વિવેક પ્રાપ્ત કરીને, સાવધાની અને જાગૃતિથી પાંચ વસ્તુની માત્રા ઓછી થવા લાગે, તો સમજવું મોક્ષ મળી રહ્યો છે. કેવળ પાંચ વસ્તુ. પહેલું,ઘરમાં ઘણી બધી વસ્તુઓ હોય,બધું હોય, છતાં પણ ઘણી વસ્તુઓ-ઘણા પદાર્થો પ્રત્યે ધીમેધીમે આપણા મનની આસક્તિ ઓછી થવા લાગે તો એ મોક્ષની યાત્રાનો આરંભ છે. તમને દિલથી એવું લાગે કે, હવે, મારા રૂમમાં આ બધી વસ્તુની જરૂર નથી. દુનિયાને સાદગી બતાવવા નહીં, દિલનો અવાજ સાંભળતાં એવું લાગે. એક અવસ્થા સાધકના મનમાં આવે છે ત્યારે એને ઘણી બધી વસ્તુઓ બોજારૂપ લાગે છે.

બીજું, વસુ. વસુ એટલે કે પૈસા. 'હવે ઘણું બધું કમાઈ લીધું. હવે કમાવાની ઈચ્છા નથી' એવું સ્વાભાવિક થાય. અને હોય તો વહેંચવાની ઈચ્છા થઇ જાય. કોઈ બહુ જ કમાતા હોય તો હું બહુ ખુશ થાઉં છું. હું ધનની ટીકા કરનારો સાધુ નથી. ખૂબ કમાઓ, તમારો એ અધિકાર છે, પરંતુ એમાં ઘણાનો ભાગ છે. ધનસંગ્રહની વૃત્તિ ધીમે ધીમે ઓછી થવી જોઈએ.

ત્રીજું, વિષય છોડવો નહીં, વિષયો પ્રત્યે ધીરે ધીરે ઉદાસીનતા આવી જાય. આપણે ભૂખ્યાં છીએ, દૂધપાક આપણને બહુ પ્રિય છે અને દૂધપાક પીરસ્યો છે, પીરસનારાએ પણ પ્રેમથી પીરસ્યો છે અને એક પ્યાલો,બીજો પ્યાલો, એમ વધારે પી લઈએ, પરંતુ વધુ પીધા પછી ઊલ્ટી થઇ જાય, વમન થઇ જાય! પાંચ મિનિટ પહેલાં જે દૂધપાકમાં આપણે આસક્ત હતા, પરંતુ ઊલ્ટી થઇ ગઈ,તો એ જ બે મિનિટમાં પેટમાં જઈને બહાર નીકળી ગયો ! પછી બહાર નીકળેલો એ દૂધપાક આપણને ઊબકો ચડાવે છે, કારણ કે વધારે થઇ ગયો છે. વધુ પ્રમાણમાં કોઈ પણ વસ્તુ વિષ બની જાય છે. અમુક સમયે આપણને એવી રુચિ થાય છે કે, આપણી આજુબાજુ ઘણા બધા લોકો હોય. આ વ્યક્તિઓની ભીડમાંથી પણ ધીરેધીરે લુબ્ધતા મિટવી જોઈએ. ભીડમાંથી સંબંધ છૂટે એવી મનોદશા મોક્ષ છે. ભીડ રાગ-દ્વેષની સૃષ્ટિ સર્જે છે.

પાંચમું, વધારે પડતા વિચારોથી મુક્તિ. જયારે તમને અને મને બેઠાંબેઠાં વધુ પડતા વિચારો ન આવે તો સમજવું કે આપણે મોક્ષ તરફ જઈ રહ્યાં છીએ. મોક્ષને માટે મરવું જરૂરી નથી. મોક્ષ આંતરિક બદલાવ છે, મોહનો ક્ષય એટલે મોક્ષ. એક દીકરી સાસરે જાય છે ત્યારે એને એક બીજો બાપ મળે છે. અહીં,લગ્નમાં પણ મોક્ષનો ઉપદેશ અપાય છે. મેં ઘણીવાર કહ્યું છે કે દીકરી બાપનું ઘર છોડે છે ત્યારે સજેલા શણગારમાં એનો સન્યાસ છે. સાસુઓને મારી પ્રાર્થના છે કે કોઈ દીકરી સાસરે આવે ત્યારે એ બાપના ઘરેથી કેટલું લાવી એ ન જોશો, કેટલું છોડીને આવી એ જોજો. આ બધા મોક્ષના જુદા જુદા રૂપ છે. આપણે મોક્ષને દેશાંતર માની લીધું છે ! એને દેશાંતર ન માનો, એ ભીતરી બદલાવ છે. સ્વામી શરણાનંદજી તો કહેતા, તમે મરી જાઓ અને તમારી વાસના બચે તો એ મોત છે. અને તમે ભલે લાખ વર્ષ જીવો, પણ તમારી વાસના ખતમ થઇ ગઈ તો એ મોક્ષ છે.

એક અસાધ્ય રોગ લાગુ પડ્યો હોય અને કોઈ ડોક્ટરના ઈલાજથી એ બિલકુલ નિર્મૂળ થઇ જાય તો એ માણસ રોગથી મોક્ષ મેળવી ગયો ગણાય.એવી જ રીતે આપણા જીવનમાં ઘણા માનસિક રોગ લાગુ પડ્યા છે. એમાં કોઈ બુદ્ધપુરુષ વૈદનાં રૂપમાં મળી જાય અને આપણી બીમારીઓને ઓછી કરી દે તો આપણે મોક્ષ પામ્યા એમ કહેવાય.

મારા શ્રાવક ભાઈ-બહેનો, ધીરે ધીરે કથા સાંભળીને, સત્સંગ કરીને જાગૃતિથી તમારો લોભ દૂર થવા લાગે, આપણી કામવાસના ઓછી થાય, આપણો ક્રોધ ઓછો થાય તો સમજવું મોક્ષ તરફ આપણી ગતિ છે. હરિનામ આ વિકારોમાંથી છોડાવીને મોક્ષ આપે છે.

- સંકલનઃજયદેવ માંકડ ■

## હનુમાનજી તો બુદ્ધિમાનોના અગ્રણી ગણાય છે

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

કોઈ પણ ધર્મના કોઈ પણ તત્ત્વને યથાર્થતઃ સમજવાનો પ્રસત્ન કર્યા વિના તેની હાંસી ઉડાવવી કે તેની ટીકા કરવી તે ડહાપણનું લક્ષણ નથી.

૨. હનુમાનજીઃ

પરંપરાગત માન્યતા અને 'રામાયણ'નું વર્ણન એવું છે કે હનુમાનજી વાનર હતા. હનુમાનજીનાં ચિત્રો અને મૂર્તિઓમાં તેમને પૂંછડીવાળા પણ દર્શાવવામાં આવે છે. આ મુદ્દાને અનુલક્ષીને એવી ટીકા કરવામાં આવે છે કે હિન્દુઓ વાનરદેવ - (MONKEY GOD)ની પૂજા કરે છે.

શું હનુમાનજી વાનર હતા? વાનર માનવની જેમ વાત કરી શકે? વાનર ભગવાન રામની સેવા કરી શકે? હનુમાનજી તો બુદ્ધિમાનોના પણ અગ્રણી ગણાય છે - 'બુદ્ધિમતાં વરિષ્ઠઃ' છે, તો તેઓ વાનર કેવી રીતે હોઈ શકે?

સત્ય એ છે કે હનુમાનજી વાનર (MONKEY) ન હતા.તે કાળે દક્ષિણ ભારતમાં 'વાનર' નામની એક માનવજાતિ વસતિ હતી. જેમ આર્ય, દ્રવિડ આદિ માનવજાતિઓ છે, તેમ વાનર પણ એક માનવજાતિ હતી. હનુમાનજી આ વાનરજાતિના અગ્રણી હતા. તેમણે ભગવાન શ્રીરામને ભગવદવતાર તરીકે ઓળખ્યા, પોતાનું જીવન તેમની સેવામાં સમર્પિત કર્યું અને તેઓ રામની સેવા અને રામના સ્મરણ દ્વારા રામમય બની ગયા, દેવત્વની ભૂમિકામાં આરૂઢ થયા. આમ હનુમાનજીનો જન્મ વાંદરાઓની જાતિમાં થયો નથી, પરંતુ 'વાનર' નામની માનવજાતિમાં થયો છે.

'વાનર' શબ્દના સાદશ્યને નિમિત્ત બનાવીને કવિઓએ કવિકલ્પનાથી તેમને વાનરશરીરધારી દર્શાવ્યા છે એ તો કવિનો વિનોદ છે, કાવ્યચમત્કૃતિ છે. ભક્તો પોતાના ઈષ્ટદેવને મજાક પણ કરે છે. આજે પણ હનુમાનજીના ભક્તો હનુમાનજીને 'લંગડેજી' કહીને સંબોધે છે, તેવો જ આ એક વિનોદ છે.

જો આપણે આ તથ્યને સ્મરણમાં રાખીએ તો સ્પષ્ટ થશે કે હિન્દુ વાનરદેવ - (MONKEY GOD)ની પૂજા કરે છે તેમ કહેવું બરાબર નથી.

૩. ગણપતિજી :

ગણપતિજીનું મસ્તક હાથીના મસ્તક જેવું છે. હિન્દુ પરંપરામાં ગણપતિજીની પૂજા અને તેમનું સ્મરણ તો સર્વપ્રથમ જ થાય છે. આ પરંપરાને અનુલક્ષીને વિરોધીઓ એવી ટીકા કરે છે કે હિન્દુઓ હાથીદેવ (Elephant GOD)ની પૂજા કરે છે.

હિન્દુઓ મૂર્ખ પ્રજા નથી અને ઋષિઓ દૃષ્ટિહીન પુરુષો ન હતા. આર્ષદૃષ્ટિથી જે દર્શન થયા તે દર્શન પ્રમાણે તેમણે લખ્યું છે - કહ્યું છે.

ગણપતિ પૃથ્વી પર વસતા કોઈ માનવપુરુષ નથી. ગણપતિ દેવજગતના એક દેવ છે. દેવજગત એક સૂક્ષ્મ લોક છે, પારલૌકિક સૃષ્ટિ છે. પારલૌકિક સૃષ્ટિમાં બધું પૃથ્વી પ્રમાણે જ હોવું જોઈએ તેમ નથી. આપણી પૃથ્વી બ્રહ્માંડનું કેન્દ્ર નથી અને માનવજાતિ અસ્તિત્વની સર્વોચ્ચ સૃષ્ટિ નથી. માનવજાતિથી ઉચ્ચતર દેવ, ગંધર્વ, કિન્નર આદિ સૃષ્ટિઓ પણ છે જ. આ ઉચ્ચતર માનવેતર સૃષ્ટિની વ્યવસ્થા માનવસૃષ્ટિ પ્રમાણે જ થાય તેવું નથી. પૃથ્વી જેમ બ્રહ્માંડનું કેન્દ્ર નથી, તેમ માનવસૃષ્ટિ પણ સર્વ પ્રકારની સૃષ્ટિનું કેન્દ્ર નથી. માનવથી ઉચ્ચતર સૃષ્ટિઓ પણ છે અને માનવથી ભિન્ન જીવનપદ્ધતિઓ પણ છે. દેવસૃષ્ટિ એક ઉચ્ચતર સૃષ્ટિ છે અને ભિન્ન સૃષ્ટિ પણ છે. ગણપતિજી દેવસૃષ્ટિના એક દેવ છે. ગણપતિજી શિવ અને પાર્વતીજીના પુત્ર છે. ગણપતિજી દેવસૃષ્ટિના એક દેવ છે. ગણપતિજી શિવ અને પાર્વતીજીના પુત્ર છે. તેમનું એક વિશિષ્ટ સ્વરૂપ છે. આર્ષદ્રષ્ટાઓએ સૂક્ષ્મ જગતમાં તેમનાં તે રૂપે દર્શન કર્યા છે અને જે આર્ષદ્રષ્ટિથી જોયું તે લખ્યું છે.



આમ ગણપતિના મુખનું સ્વરૂપ હાથીના મુખને મળતું આવે તો તેમાં અસંભવિત કશું નથી અને અજુગતું પણ કંઈ જ નથી. સૂક્ષ્મ જગતનાં ધોરણો પૃથ્વીલોકનાં અને માનવસૃષ્ટિનાં ધોરણોને અનુરૂપ જ હોય તેવું આવશ્યક નથી. અને અનિવાર્ય તો નથી જ.

ગણપતિ એક ઉચ્ચ કોટીના દેવ છે અને તેમની પૂજા તે હાથીદેવ (Elephant GOD)ની પૂજા છે તેમ કહેવું તે દેવસૃષ્ટિની મહત્તાને અવગણવા બરાબર છે.

૪. વૃક્ષપૂજાઃ

હિન્દુ ધર્મમાં તુલસી, પીપળો, વડ આદિ વૃક્ષોને પવિત્ર વૃક્ષો માનવામાં આવે છે. પીપળાના માધ્યમથી પિતૃઓને જળ આપવામાં આવે છે. તુલસીનાં પર્ણ દ્વારા વિષ્ણુપૂજન અને બિલ્વપત્ર દ્વારા શિવપૂજન કરવામાં આવે છે.

આ પરંપરાનું નિરીક્ષણ કરીને હિન્દુઓ પર એવો આક્ષેપ કરવામાં આવે છે કે વૃક્ષપૂજકો છે.

સત્ય એ છે કે હિન્દુઓ પરબ્રહ્મનું ચિંતન કરનારા અને રામ, કૃષ્ણ, શિવ અને શક્તિનું પૂજન કરનારા છે, હિન્દુઓ વૃક્ષપૂજકો નથી.

હિન્દુ પીપળે પાણી રેડે છે તે વસ્તુતઃ પિતૃઓને જળ આપવાની ઘટના છે. હિન્દુઓ પીપળાની પૂજા કરે છે તે વસ્તુતઃ પીપળાના માધ્યમ દ્વારા પિતૃઓની પૂજા કરવામાં આવે છે.

જેમ દેવોની સૃષ્ટિ છે, તેમ પિતૃઓની પણ સૃષ્ટિ છે. પિતૃઓનાં બે સ્વરૂપ છેઃ પિતૃદેવો અને સ્વપિતૃઓ. પિતૃદેવો તે દેવોની જ એક કક્ષા છે અને સ્વપિતૃઓ એટલે પોતાનાં મૃત સગાંસંબંધીઓ સ્થૂળ ચક્ષુઓથી દૃષ્ટિગોચર થાય તેટલી જ દુનિયા સાચી અને અન્ય કશું નથી એ માન્યતા ભ્રામક છે. આ સૃષ્ટિ અપરંપાર છે. સ્થૂળ દૃષ્ટિથી તો ઘણું ઓછું જોઈ શકાય છે. સ્થૂળ જગતની પાછળ સૂક્ષ્મ જગત પણ છે. આ સૂક્ષ્મ જગતનાં નિયમો, વિધિવિધાનો છે જ.

મૃત સગાંસંબંધીઓને શ્રાદ્ધાદિ ક્રિયાઓ દ્વારા તૃપ્તિ ને શાંતિ મળે છે અને તેમની ઉર્ધ્વગતિમાં તે ક્રિયા દ્વારા સહાયતા મળે છે તે એક સત્ય છે. નરી આંખે જોઈ શકાતું નથી, પરંતુ આર્ષદ્રષ્ટાઓએ આર્ષદ્રષ્ટિથી જોયેલું આ એક સત્ય છે. પીપળાના માધ્યમ દ્વારા પિતૃઓને જલાંજલિ આપવાની ક્રિયા સૂક્ષ્મ જગતના દર્શન પર પ્રતિષ્ઠિત એક સાચી ક્રિયા છે. તે ઘટના દ્વારા પિતૃઓને શાંતિ - તૃપ્તિ મળે છે તે એક સત્ય છે આ જલાંજલિ આપવાની ક્રિયા પીપળાના માધ્યમ દ્વારા કરવામાં આવે છે. તેની પાછળ પણ સૂક્ષ્મ દર્શનનો આધાર છે. પિતૃઓને જલાંજલિ પીપળા દ્વારા અપાય છે, લીમડા દ્વારા નહીં, કારણ કે પીપળો તે માટેનું યોગ્ય માધ્યમ છે. આ એક સત્ય છે, જે સૂક્ષ્મ દર્શન પર પ્રતિષ્ઠિત છે.

તુલસીપત્ર દ્વારા વિષ્ણુપૂજન, બિલ્વપત્ર દ્વારા શિવપૂજન, રક્તવર્ણનાં પુષ્પો દ્વારા ગણપતિપૂજન - આ પરંપરા આપણા આર્ષદ્રષ્ટાઓના ગહન દર્શન પર પ્રતિષ્ઠિત છે. તે પરંપરાઓ પાછળ સૂક્ષ્મ દર્શન છે. તેમને કપોળકલ્પિત ગણીને તેમને હાસ્યસ્પદ ગણવાને માર્ગે જવા જેવું નથી. આ મૂલ્યવાન પરંપરા જાળવી રાખવા જેવી છે.

આમ હિન્દુ ધર્મમાં પીપળો, તુલસી, બિલ્વ આદિ વૃક્ષોને પવિત્ર ગણવામાં આવે છે અને તેમના માધ્યમ દ્વારા કે તેમના દ્વારા દેવોની પૂજા અને પિતૃઓનું તર્પણ કરવામાં આવે છે, તેના પરથી હિન્દુઓને વૃક્ષપૂજકો કહેવા તે બરાબર નથી. વૃક્ષોમાં ગુપ્ત રહેલા સત્ત્વને હિન્દુઓએ જોયું છે અને તે સત્ત્વ જોઈને તેઓએ વૃક્ષને આદર આપ્યો છે અને તેમના માધ્યમ દ્વારા દેવો અને પિતૃઓ સુધી પોતાની મનોભાવના પહોંચાડી છે.

વડ-પીપળાની ડાળી તોડવી નહીં, સોમવારે બિલ્વપત્ર તોડવાં નહીં, અમાવસ્યાના દિવસે લીલા વૃક્ષને કાપવું નહીં, સૂર્યાસ્ત પછી વૃક્ષનાં પાન કે ફૂલ તોડવાં નહીં - બધી પરંપરા દ્વારા વૃક્ષરક્ષાની જ ભાવના પ્રગટે છે અને તેથીયે વિશેષ તો બુદ્ધિને પણ અગમ્ય એવું દર્શન પણ અભિવ્યક્ત થાય છે. 'ગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણે પીપળાને પોતાનું સ્વરૂપ ગણ્યો છે તેની પાછળ કોઈક સૂક્ષ્મ દર્શન છે જ.

'અશ્વત્થઃ સર્વવૃક્ષાણાં।'

- ગીતા - ૧૦-૨૬

'બધાં વૃક્ષોમાં હું પીપળો છું.'


આમ, હિન્દુ ધર્મમાં વૃક્ષો પ્રત્યે આદરભાવ વ્યક્ત થાય છે. પીપળાના વૃક્ષ દ્વારા પિતૃતર્પણ થાય છે, તુલસીપૂજા, બિલ્વપૂજા અને પુષ્પો દ્વારા ભગવાનનું પૂજન થાય છે તે સાચું છે, પરંતુ તેટલા પરથી એવું વિધાન તારવામાં આવે કે હિન્દુઓ વૃક્ષપૂજકો છે તો તે વિધાન સત્ય નથી જ.

(ક્રમશઃ)■

ફોકસ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# આખા જગતનો અવાજ સાંભળતો મનુષ્ય, પોતાના આત્માનો અવાજ સાંભળતો નથી...



મનુષ્યના જીવનમાં શ્રવણ અર્થાત સાંભળવાનું બહુ મહત્ત્વ છે. એ તો સર્વવિદિત છે જ કે મનુષ્ય માતાના ગર્ભમાં પણ શીખતો હોય છે. સાત કોઠાનું યુદ્ધ માતાને સંભળાવતા ભગવાન કૃષ્ણની વાત ગર્ભમાં રહેલો અભિમન્યુ સાંભળીને નિપુણ બની ગયો તે આપણે ક્યાં નથી જાણતા. જન્મ પછી પણ બાળક બોલતા કેવી રીતે શીખે છે? સાંભળીને જ! તેથી તો જન્મજાત જે વ્યક્તિ બધિર હોય તે મૂક પણ બની જાય છે. શ્રવણથી સંસ્કારો પણ આવે છે. તેથી સદ્‌વચનો સાંભળીને મનુષ્ય પોતાનું કલ્યાણ કરી શકે છે.

પ્રાચીન કાળથી અથવા કહીએ કે બ્રહ્માંડની રચના થઈ ત્યારથી, જીવંત પ્રાણીઓ વિવિધ પ્રકારના અવાજો અને સ્વરોથી પરિચિત થયા છે. વહેતી નદીનો ગર્જના કરતો અવાજ, ધોધનો અવાજ, પક્ષીઓનો કિલકિલાટ અને પવન અને વરસાદી પાણીના સ્પર્શથી લહેરાતાં ફૂલો અને પાંદડાઓનો મનમોહક અવાજ સાંભળીને જ એક જીવંત પ્રાણી ઘણું બધું શીખે છે. આવા કુદરતી અવાજો ફક્ત સાંભળવાથી, માણસ વધુને વધુ જિજ્ઞાસા પામતો ગયો અને પછી વાણી અસ્તિત્વમાં આવી અને વિકસિત થઈ.

પેલા પોપટની જોડીની વાર્તા સાંભળી છે? બે બોલતા પોપટ બે અલગ-અલગ વ્યકિતએ ખરીદ્યા. એક થોડા દિવસો પછી એક પોપટ અતિથિને મીઠો આવકાર આપતા શીખ્યો, જ્યારે બીજો પોપટ મહેમાનને જોતાવેંત ગાળો આપતો હતો! આવું કેમ થયું? કેમકે જેવું તેમણે સાંભળ્યું તેવી તેમની ભાષા થઇ. આપણે ત્યાં તો બાળક જન્મે એટલે સૌથી પહેલાં તેના કાનમાં ધર્મવાણી સંભળાવવાની પરંપરા છે. ભારતમાં શાસ્ત્ર શ્રવણ, કથા શ્રવણ, કીર્તન શ્રવણની પણ અદ્‌ભુત પરંપરા રહી છે. શિષ્ય ગુરુ પાસેથી સાંભળીને જ્ઞાન પ્રાપ્ત કરે છે.

આપણું મન મર્કટ જેવું છે. સ્વભાવે બેચેન, ઘડીકમાં એક તો ઘડીકમાં બીજા વિચારોની ડાળીઓ ઉપર કૂદતું રહે છે. આવા મન સાથે, આધ્યાત્મિકતા અને ભગવાન પ્રત્યે ભક્તિ પર એક જ ધ્યાન કેવી રીતે કેન્દ્રિત કરી શકાય? મનને એવી રીતે પ્રવૃત્ત કરવાની જરૂર છે કે તે જ્ઞાન સાંભળે અને ગ્રહણ કરે જે ફક્ત આપણી ભક્તિને સમૃદ્ધ બનાવશે જ નહીં પરંતુ આપણને ઘણા મૂલ્યવાન પાઠ પણ શીખવશે.

સંતોએ તો ધર્મકથાને સંસારના રોગીઓ માટે ઔષધ સમાન કહી છે. જેમ શરીરના રોગ માટે ઔષધિઓ ખાઈને, સૂંઘીને, પીને, લગાવીને આરામ મળે છે, તેવી રીતે મનના રોગીઓ માટે કથાનું માત્ર શ્રવણ જ ઔષધિનું કામ કરે છે. સ્વસ્થ શરીર જાળવવા માટે, આપણે સંતુલિત આહારનું સેવન કરીએ છીએ. તેવી જ રીતે, આપણે જે કંઈ જોઈએ છીએ, સાંભળીએ છીએ અથવા માનસિક રીતે ગ્રહણ કરીએ છીએ તે આપણા મન માટે આહાર છે. જો આપણે સારી વસ્તુઓ ગ્રહણ કરીએ, તો આપણા મન પર તેની સકારાત્મક અસર પડે છે. જો આપણે નકારાત્મક વસ્તુઓ ગ્રહણ કરીએ, તો તે આપણા મનમાં અરાજકતા પેદા કરે છે.

સમસ્યા ક્યાં છે? આપણું મન શું જોવું અને શું ન જોવું તે નક્કી કરે શકે છે. જોવા લાયક હોય તો આંખ ઉઘાડી રાખે અને ન જોવું હોય તો આંખ બંધ કરી દે. શું બોલવું અને શું ન બોલવું તેને પણ આ વાત લાગુ પડે છે. પરંતુ શ્રવણેન્દ્રિય કાન બાબત મુશ્કેલી એ છે કે કાન બંધ કરવાનો આપણી પાસે રસ્તો નથી. ઊંઘમાં પણ કાન દ્વારા આપણા શરીરમાં ગમતા કે અણગમતા, જરૂરી કે બિનજરૂરી સ્વરો પડ્યા જ કરે છે. તેથી જે શ્રવણ થાય તેમાંથી શું ગ્રહણ કરવું તેના માટે મન સતર્ક અને સજાગ હોવું અત્યંત જરૂરી છે. ગ્રહણ કર્યા પછી તેનું યોગ્ય મનન પણ થવું જોઈએ. નહીતો અખો કહે છે તેમ, કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન; કહ્યું કાંઇ ને સમજ્યું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.. જેવો તાલ થાય.

આજે તો કાનમાં ભૂંગળા નાખીને સાંભળવાની ફેશન છે. પણ એમાં સાંભળવાનું ઓછું અને ન સાંભળવાનું વધુ સંભળાય છે. જે સંભળાય છે તેનો જીવનની આધ્યાત્મિક ઉન્નતિમાં ફાળો કેટલો? તેનું કોઈ મૂલ્યાંકન કરે છે ખરું?

પેલો પ્રખ્યાત દોહો છે,

મુલ્લા હોકર બાંગ જો દેવે, ક્યા તેરા સાહિબ બહેરા હૈ?
ચિંટી કે પાંવ બાજૈ સો ભી સાહિબ સુનતા હૈ

કેટલી ગહેરી વાત કહી છે! ઈશ્વર સુધી આપણો અવાજ સંભળાવવા ઘોંઘાટની જરૂર નથી, ઈશ્વર તો કીડીના પગમાં ઝાંઝર વાગે તેનો પણ અવાજ સાંભળે છે. અને મનુષ્ય? મનુષ્યને સમગ્ર જગતના બધાજ અવાજો સંભળાય છે, પણ તેનો પોતાનો આત્મા જે કહે તે તેનો એક સ્વર પણ તેને સંભળાતો નથી!! છે ને અજબની વાત?! ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# અહિંસા પરમો ધર્મ

ગત અંકમાં સ્વાધ્યાયને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ દૈવી જીવોના ગુણમાં અહિંસાનો સમાવેશ કરે છે, તેને સમજીએ.

અહિંસા શબ્દનો ઉદ્‌ભવ સંસ્કૃત ભાષામાંથી થયો છે, જ્યાં ‘હિંસા’ એટલે જડ કે ચેતન માટે નુકસાન અથવા આઘાતજનક પ્રવૃત્તિ ! અને ‘અ’ એનો અર્થ નકારાત્મક તરીકે ‘નહીં’ થાય છે. આમ, અહિંસા એટલે હિંસા કરવી નહીં.

શાસ્ત્રીય અર્થમાં કોઈપણ જીવ પ્રાણી માત્રને મન, કર્મ વચન દ્વારા નુકસાન ન પહોંચાડવું એ અહિંસા. ભારતમાં ઉપનિષદ કાળથી આપણા ઋષિમુનિઓએ અહિંસાનો માર્ગ જ અપનાવ્યો છે.

ભારતમાં ઉદ્‌ભવેલ બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ પણ અહિંસાના હિમાયતી છે. ભગવાન સ્વામિનારાયણ સ્વલિખિત શાસ્ત્ર શિક્ષાપત્રીમાં ૨૦૧ શ્લોકમાં ત્યાં સુધી કહે છે કે ‘કુમતિ વાળા દુષ્ટ જન હોય તે ગાળ દે અથવા મારે તો સહન જ કરવું..... તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતન કરવું અને તેનો ભૂંડું થાય તેવો સંકલ્પ ન કરવો.’ તેમની આ વિશાળ અહિંસક ભાવનાથી મધ્યકાલીન યુગમાં શાંતિ પ્રિય અને આધ્યાત્મિક સમાજની રચના થઈ. સતી પ્રથા, બાળકીને દૂધ પીતી જેવી હિંસા યુક્ત પ્રથાઓ નાબૂદ થઈ.

મહાત્મા ગાંધીએ અહિંસાના માર્ગ પર ચાલીને હથિયાર વગરની ક્રાંતિ કરી ભારતને આઝાદી અપાવી. માર્ટીનલ્યુથર કિંગે પણ એ જ સિદ્ધાંત પર યુએસએમાં અહિંસામય શાંતિ યુક્ત સંઘર્ષ કર્યો. સાઉથ આફ્રિકામાં નેલ્સન મંડેલા ૨૭ વર્ષ જેલમાં રહ્યા પણ વેર ભાવના ભૂલી અહિંસાનો જ માર્ગ અપનાવ્યો. આ બધા નેતાઓએ અહિંસક ક્રાંતિ દ્વારા પોતાનું ધ્યેય પ્રાપ્ત કર્યું કારણ કે ‘wars are



never won by weapons.’

આજે વિશ્વમાં ચારે બાજુ યુદ્ધનું વાતાવરણ છે. નાના નાના દેશો મોટા મોટા શસ્ત્રોથી લડી રહ્યા છે. પથ્થર યુગથી આજના આધુનિક યુગ સુધી માણસ લડતો જ આવ્યો છે. પથ્થર, તીર કામઠા, તલવાર, બંદૂક, બોમ્બ ને હવે મિસાઈલ.... આવા યુદ્ધનો ક્યારેય અંત નથી.... Wars never bring victory. વર્તમાન કાળમાં એ યુદ્ધ લાંબા ચાલે છે. તેનું પરિણામ છે આર્થિક પાયમાલી, આક્રંદ, મૃત્યુ અને તબાહી. રચનાત્મક સમાજની નવરચના માટે માણસે પોતે જાગ્રત થવું પડશે. શાંતિના હિમાયતી નેલ્સન મંડેલાએ ખૂબ સુંદર વાત કરી છે.. ‘peace is not just the absence of conflict, peace is the creation of an environment where all can flourish regardless of race, colour, creed, religion gender, class, caste or any other social makers of differences...’ શાંતિ એટલે સંઘર્ષનો અંત જ નહીં પણ એક એવું સુંદર વાતાવરણ કે જેમાં બધા જ મનુષ્ય કુટુંબ ભાવનાથી, સંપીને જીવન જીવતા હોય...

જોકે હિંસાનો જન્મ માનવના મનમાંથી થાય છે. અહમ, ઈર્ષા અને લોભ એ હિંસાના મુખ્ય ત્રણ કારણો છે. એટલે જ એડોલ્ફ હિટલરના એક વિચિત્ર વિચારથી બીજા વિશ્વયુદ્ધનો જન્મ થયો. તેને થોડા સમય માટે સામ્રાજ્ય મળ્યું પણ ખરું, પણ ક્ષણમાં જ તેના સામ્રાજ્યની સાથે તે પણ નામશેષ થઈ ગયો. આમ, હિંસાથી ક્યારેય જીત થતી નથી. ઇતિહાસ સાક્ષી છે કે દયા અને પ્રેમથી જીત નિશ્ચિત છે. સમ્રાટ અશોક પોતે કરેલા યુદ્ધથી નિરાશ થઈ ગયેલા અને અહિંસાનો માર્ગ અપનાવી પોતાના રાજ્યમાં શાંતિ સ્થાપી. તે આજે દરેકના હૃદયમાં અમર છે.

એટલે શાસ્ત્રો કહે છે કે મનસા, વાચા અને કર્મણા હિંસા તો ન જ કરવી. ક્યારેક કટુ વચનો પણ વ્યક્તિના હૃદયને ઘાતક દુ:ખ પહોંચાડતા હોય છે. આ પણ એક પ્રકારની હિંસા જ છે જેમાંથી પારિવારિક સંઘર્ષો જન્મતા હોય છે.

આ સાથે જ માંસાહાર પણ એક પ્રકારની હિંસા છે. શા માટે આપણી હોજરી ને કબ્રસ્તાન બનાવી? પ્રાણીઓની હાય લઈને ભોજન કરીએ તો મનમાં અશાંતિ થાય. તેથી તો શાસ્ત્રમાં શુદ્ધ અને શાકાહારી ભોજનનો મહિમા કહ્યો છે જેનાથી મનમાં શુદ્ધ વિચાર રહે.

એટલા માટે જ વિશ્વવંદનીય ગુરુ પૂજ્ય મહંતસ્વામી મહારાજ સ્વલિખિત શાસ્ત્ર સત્સંગ દીક્ષામાં કહે છે ‘ધન, સત્તા, કીર્તિ, સ્ત્રી, પુરુષ ઈત્યાદિની પ્રાપ્તિને અર્થે તથા માન, ઈર્ષા કે ક્રોધે કરી કરીને પણ હિંસા ન કરવી.’

‘અહિંસા પરમો ધર્મ:’ એક નૈતિક સંદેશ જ નહીં પણ આજના યુગની અનિવાર્યતા છે. અહિંસા એ માત્ર હિંસા ન કરવાનું આચરણ નથી, પરંતુ તે કરુણાની ભાવના, મહત્ત્વાકાંક્ષા વિનાનું જીવન અને સહનશીલતાનાં મૂલ્યોનું પણ પ્રતીક છે. આપણી શાળામાં બાળકોને આ અનિવાર્યપણે ભણાવવું જોઈએ, તો જ વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિ શક્ય છે. ■

વિશેષ

ભારતી શાહ
feedback@bombay
samachar.com


# મારા રાજ્યમાં પશુબલી હરગીઝ નહીં આપી શકાય

(ગતાંકથી ચાલુ)

શ્રી હેમચંદ્રાચાર્ય તે જ સાંજે પાટણથી વિહાર કર્યો અને કુંવારી સરસ્વતી નદીના નિર્જન કાંઠે સિદ્ધપુરમાં સૂરિદેવે પદ્માસન લગાવી સૂરિમંત્રનાં ધ્યાનમાં પરોવાઈ ગયા. ત્રીજી રાતે સૂરિમંત્રની બીજી પીઠિકાની અધિષ્ઠાયકદેવીએ ત્રિભુવનસ્વામીનીએ ગુરુદેવને પ્રત્યક્ષ દર્શન આપ્યા. ગુરુદેવે તેમને કુમારપાળના પાંચ પ્રશ્નોના જવાબ આપ્યા. અને ગુર્વાજ્ઞા લઈને તે અંતર્ધાન થઈ ગઈ. શ્રી હેમચંદ્રાચાર્યનું આંતરિક સત્ત્વ વૃદ્ધિ પામ્યું. તેઓ પારણું કર્યા વિના જ પાછાં પાટણ આવી પહોંચ્યા. કુમારપાળને સંદેશો મોકલતા સમગ્ર મંત્રીમંડળ તથા પાટણની પ્રજા ઉપાશ્રયમાં આવી બેસી ગઈ. ઉપસ્થિત સહુએ ગુરુદેવ પાસેથી કુમારપાળનો પૂર્વજન્મ અને પુનર્જન્મની વાતો સાંભળી.

મેવાડના રાજા જયકેશીનો પુત્ર જયતાક ઉદંડ, અને ઉચ્છંખલ થઈને પ્રજાનું પીડન કરતો હતો, એટલે પિતાએ એનો દેશનિકાલ કર્યો હતો. સમય જતાં દુ:ખી અને ત્રસ્ત થયેલા જયતાકને જૈનાચાર્ય શ્રી યશોભદ્રસૂરિજીનો ભેટો થયો. ગુરુએ તેને પ્રાયશ્ચિત્ત કરવા કહ્યું. જયતાકે ગુરુનું શરણું લીધું. અને ગુરુની સાથે ચાલ્યો. હવે નવું જીવન, નવો પ્રકાશ અને પૂર્વ અવસ્થાના અંધકારને ક્યાંય પાછળ છોડીને તે આગળ ચાલ્યો. દક્ષિણ ભારતમાં તેલંગણા નામનો પ્રદેશ છે, ત્યાં ઉલંગલ નામના નગરમાં ગુરુ પોતાના શિષ્યો અને જયતાકને સાથે લઈને પધાર્યા. ઓઢર નામના જૈન શ્રેષ્ઠિના ઘરે જયતાકને નોકરી અપાવી તે ખૂબ નૈતિકતાપૂર્વકનું જીવન જીવવા લાગ્યો. ઓઢર શેઠે ગુરુભગવંતના ઉપદેશથી શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય બંધાવ્યું. જયતાક શેઠની સાથે જિનમંદિરે જવા લાગ્યો અને ઓઢર શેઠની પ્રભુભક્તિ, ધર્મક્રિયા વિગેરે ધ્યાનથી જોવા લાગ્યો.

એકવાર પર્યુષણના દિવસો આવ્યા, શેઠે જયતાકને પોતાની સાથે પૂજા કરવા કહ્યું. તે નાચી ઉઠ્યો. શેઠે આપેલાં પૂજાનાં વસ્ત્રો પહેરી, શેઠે આપેલી પૂજાની સામગ્રી સાથે લઈને જિનમંદિરે પહોંચ્યો. તે સમયે જયતાક પાસે માત્ર પાંચ કોડીની બચત હતી. તેણે ઓઢર શેઠ પાસે પોતાની ઈચ્છા વ્યક્ત કરતાં કહ્યું: ‘માલિક, તમારાં પૈસાથી લાવેલી સામગ્રીથી પૂજા કરું તો મને શું લાભ મળે? મારાં પૈસાથી અલ્પ પણ સામગ્રી ખરીદું અને તેનાથી પૂજા કરું તો મને લાભ મળે.’ શેઠે જયતાકની ઈચ્છા જાણી મંજૂરી આપી. જયતાકે પાંચ કોડી વડે



૧૮ ફૂલ ખરીદ્યા અને તેનાથી અરિહંતની પૂજા કરી, વળી શેઠની સાથે પર્યુષણમાં ઉપવાસ પણ કર્યો. પારણામાં વધુ ઘી, દૂધવાળો આહાર લીધો તે એને પચ્યો નહીં. તેની વેદનાથી તે મૃત્યુ પામ્યો. પણ મૃત્યુ સમયે પોતે કરેલી જિનપૂજાની અનુમોદના કરતો રહ્યો. તે જયતાક બીજા ભવમાં ત્રિભુવનપાળનો પુત્ર થયો. અને કુમારપાળ નામે આજે રાજા બનીને પાટણમાં રાજ કરે છે. અઢાર ફૂલથી જિનપૂજા કરી, તેના ફળરૂપે તેમને અઢાર દેશ મળ્યાં. જયતાકના ભવમાં જે વર્ષો સુધી લૂંટફાટ કરી તેથી ૨૫ વર્ષ સુધી કુમારપાળને વનવાસ ભોગવવો પડ્યો.

ધનદત તાપસી જયતાકનો શિકાર બન્યો હતો. મનમાં વેર ને બદલાના ભાવ સાથે દીક્ષા પાળીને મૃત્યું પામ્યો અને અહીં સિદ્ધરાજ થયો પૂર્વભવનું વેર હતું તેથી તેણે અહીં પણ કુમારપાળને સતાવવામાં કચાશ ન છોડી.

ઓઢર શેઠ એ જ ઉદયનમંત્રી. કુમારપાળનાં પૂર્વભવના ગુરુજી શ્રી યશોભદ્રસૂરિજી એ જ કાળધર્મ પામીને આજે હું અહીં તમારી સમક્ષ હેમચંદ્રસૂરી બનીને બેઠો છું.

‘કુમારપાળ! તમે અહીંથી મૃત્યુ પામીને વ્યંતરયોનિમાં દેવ બનશો. અને ત્યાંથી બહાર નીકળી આ જ ભરતક્ષેત્રમાં ભદ્દિલપુર નગરમાં જન્મ લેશો. શતાનંદ રાજાના શતબલ નામે પુત્ર થશો. તેમ જ તે જ ભવમાં આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર પદ્મનાભ પ્રભુપાસે દીક્ષા લઈ તેમનાં ગણધર બનશો.’

આ વૃતાંત સાંભળીને કુમારપાળ ગુરુદેવનાં ચરણોમાં ઝૂકી પડ્યો. તેની આંખો ભીની થઈ ગઈ. ગુરુદેવે વાતને આગળ વધારતા કહ્યું: ઉલંગલ શહેરમાં આજે પણ પેલા ઓઢર શેઠનું ઘર છે. અને તેમાં વૃદ્ધ દાસી જીવે છે. તેની પૂછતાછ કરાવો તો તમને મારાં કથનની સાબિતી મળી જશે. કુમારપાળે તરત જ જાસૂસોને દોડાવ્યા તેમણે ઉલંગલમાં તપાસ કરી તો ગુરુદેવે કહેલી તમામ વિગત સાચી પુરવાર થઈ.

રાજા કુમારપાળ આ ઘટનાથી એટલો બધો પ્રભાવિત થયો કે તેણે શ્રી હેમચંદ્રાચાર્યને ‘શ્રી કલિકાલસર્વજ્ઞ તરીકે ઉદ્‌ઘોષિત કર્યા. ગુરુદેવે કુમારપાળનો પૂર્વજન્મ, વર્તમાન અને પુનર્જન્મ-સર્વજ્ઞની જેમ કહી બતાવ્યા, ત્યારથી અને તે જ સમયથી શ્રી હેમચંદ્રાચાર્ય શ્રી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય તરીકે ખ્યાતિ પામ્યા...’

આસો મહિનાની નવરાત્રિના દિવસો હતા. સોલંકી વંશના રાજવીઓની કુળદેવી કંટકેશ્વરી દેવી છે. આ દેવીને નવરાત્રિમાં રોજ પશુબલી ચઢાવવાની પરંપરા હતી. કુમારપાળે સત્તાવાહી સૂરે હુકમ બહાર પાડ્યો. ‘મારાં રાજ્યમાં પશુબલી હરગીઝ નહીં આપી શકાય.’ તેમ છતાં મંદિરના પૂજારીઓએ માતાના કોપાયમાન થવાના ડરથી પશુઓ સાથે એકલાં જ મંદિરમાં રહ્યા અને મંદિરનાં દ્વાર બંધ કરાવી દીધાં. બીજા દિવસની પહોર થતાં જ આખું ગામ ભેગું થયું. પૂજારીએ ધ્રુજતા હાથે મંદિરનાં દ્વાર ખોલ્યા તો તેના પગ ત્યાં જ થંભી ગયા. અરે! આ શું ચમત્કાર છે. બધાં જ હેમખેમ છે. કુમારપાળે હસતાં ચહેરે પરમાત્મા પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને ગુરુદેવનાં આશીર્વાદથી પશુઓને મંદિરની બહાર કરાવ્યા. અને પાટણની જનતા સમક્ષ જાહેર કર્યું કે, ‘મારા કુળદેવી કંટકેશ્વરીએ એક પણ પશુઓને માર્યા નથી. તેથી પશુબલીની પરંપરા સાવ આંધળી છે, એ નક્કી જ થઈ ગયું છે અને આજથી જ, હમણાંથી જ કાયમ માટે પશુબલી બંધ કરવામાં આવે છે.’ મંદિરમાં રાખેલા બધાં જ પશુઓને અભયદાન આપવામાં આવે છે. એ જ ધન્ય ઘડીએ કુમારપાળ રાજા જીવદયા પ્રતિપાલકનાં નામભૂષણથી ઘોષિત થયા. જીવદયા પ્રેમીઓએ ગગનને ગજવી મૂક્યું. મંદિરના પૂજારીઓનાં મોં કાળા પડી ગયા. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

## સહજાનંદ સ્વામી:

# આવા મહાન સંતો થકી ભારત ભૂમિ થાય છે પાવન...

આ વાત એ સમયની છે જ્યારે કોલાબાથી કચ્છ સુધીનો આખો વિસ્તાર મુંબઈ રાજ્ય ગણાતું

- મુંબઈ રાજ્યના બ્રિટિશ ગવર્નર સર માલકમ રાજના કામે રાજકોટ ગયેલા. રાજકોટમાં એ સમયે સર મિસ્ટર બ્લેન નામે પોલિટિકલ એજન્ટ હતા.

- સર માલકમે બ્લેનને કહ્યું, ‘અહીં કોઈ સાધુ છે જે સામાજિક સુધારાનું કામ કરે છે. લોકોને બીડી, સિગારેટ, તમાકુ, દારૂના વ્યસન છોડાવે છે.’

* ‘સતી’ નહીં થવા માટે બહેનોને સમજાવે છે.

* ચોરી-લૂટફાટ કરનારા માથાભારે લોકોને સદ્‌માર્ગે વાળે છે.

* સહજાનંદ કે એવું કંઈક નામ છે.

* તેમને મળવાની મારી ઈચ્છા છે. તેમને સંદેશો મોકલો...!

- આજના જેવી ઝડપી મોટર, ટ્રેનો, બસો જેવાં વાહનો ત્યારે નહોતાં.

- ઘોડેસવારે જઈને સહજાનંદ સ્વામીને સર માલકમનો સંદેશો આપ્યો.

- સહજાનંદ સ્વામી ગવર્નરને મળવા રાજકોટ આવ્યા. બંને વચ્ચે દુભાષિયા દ્વારા સંવાદ થયો.

સહજાનંદ સ્વામીના વિચારોથી ગવર્નર પ્રભાવિત થયા.

સહજાનંદ સ્વામીએ તેમને મધુર મુસ્કાન સાથે આશીર્વાદ આપ્યા. હિન્દુ ધર્મના સારરૂપ પોતે તૈયાર કરેલ ગ્રંથ શિક્ષાપત્રીની નકલ આપીને કહ્યું, આ વાંચજો. સર માલકમે કંઈ કામકાજ હોય તો જણાવવા કહ્યું: ત્યારે સહજાનંદ સ્વામીએ કહ્યું- કામમાં તો શું, સતીપ્રથા જેવા કુરિવાજો ડામવામાં સરકારી સહાય મળવી ઘટે સર માલકમે ખાતરી આપી કે અમે ટૂંક સમયમાં જ નવજાત બાળકીને દૂધ પીતી કરવા સામે તેમ જ સતી પ્રથા વિરુદ્ધ કાયદો લાવશું. બંનેની મુલાકાત પૂરી થઈ. સહજાનંદ સ્વામીએ સર માલકમને આપેલી એ હસ્તલિખિત શિક્ષાપત્રી આજેય લંડનના મ્યુઝિયમમાં સમવાયેલી પડી છે. આ સહજાનંદ સ્વામી એટલે સ્વામિનારાયણ સંપ્રદાયના આદ્ય સ્થાપક. આજે તો સ્વામિનારાયણ સંપ્રદાયનાં દુનિયાભરમાં લાખો ભક્તો છે. સહજાનંદ સ્વામી જેમણે સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી.

સહજાનંદ સ્વામીનું મૂળ નામ ઘનશ્યામ આશરે અઢીસો વર્ષ પહેલાં અયોધ્યા પાસે છપૈયા ગામમાં હરિપ્રસાદ બ્રાહ્મણને ત્યાં તેમનો જન્મ થયેલો. યોગ્ય વયે યજ્ઞોપવિત સંસ્કાર કરવામાં આવ્યા બાદ અત્યંત કુમળી વયે ગૃહત્યાગ કરી તેમણે દેશાટન શરૂ કર્યું.

જગન્નાથપુરી, બદ્રીકેદાર, રામેશ્વર, દ્વારકા વગેરે સ્થળે પદ્‌યાત્રા કરતા વિક્રમ સંવત ૧૮૫૬ના શ્રાવણ માસમાં નીલકંઠ સ્વરૂપે મુક્તાનંદ સ્વામીના સંપર્કમાં આવ્યા. તેમના દિવ્ય વ્યક્તિત્ત્વ અને અલૌકિક પ્રતિભાથી પ્રભાવિત થઈને મુક્તાનંદજીએ ભૂજમાં બિરાજમાન પોતાના ગુરુ રામાનંદ સ્વામીને પત્ર લખી બોલાવ્યા. રામાનંદ સ્વામીએ તો આવતાવેંત આ અવતારી પુરુષને ઓળખી લીધા. નીલકંઠે તેમને ગુરુપદે સ્થાપ્યા. ટૂંક સમયમાં તેમણે ચોસઠ વિદ્યાઓ ભણી લીધી અને ગુરુની કસોટીમાંથી ઉત્તીર્ણ થયા. તેમના જ્ઞાનથી સંતુષ્ટ થઈને ગુરુએ તેમને પિપલાણામાં દીક્ષા આપી. ગુરુએ તેમને સહજાનંદ અને શ્રીજી નામ આપ્યા અને જેતપુરની ગાદી એમને સોંપવામાં આવી.

હિન્દુધર્મને માત્ર ઊજળિયાતો પૂરતો મર્યાદિત ન રાખતા આપે કોળી, મોચી, સુતાર, વાળંદ, પ્રજાપતિ, કાઠી, રબારી, કણબી સમેત સૌને ધર્મલાભ આપ્યો. હિન્દુ ધર્મને સંસ્કૃત શાસ્ત્રો, પુરાણો



અને કર્મકાંડી ગોર મહારાજોના હાથમાંથી કાઢીને આપે ધર્મને સરળ ભાષામાં રજૂ કરતો ગ્રંથ શિક્ષાપત્રી રચ્યો જેમાં સરળ ઉપદેશો હતા. જેવાં કે વ્યસનમાંથી મુક્ત થાઓ. પરસ્ત્રીને માતા સમાન અને પર ધનને ગૌમાટી બરાબર ગણો. સાદું જીવન ગાળો, તમામ કામોને ઈશ્વરના ગણીને નમ્રપણે કરો, નિયમિત પ્રભુસ્મરણ કરો, ગરીબો અને પશુપક્ષી પ્રત્યે પ્રેમ રાખો. વચનામૃત એ આપના દ્વારા રચાયેલો આધ્યાત્મિક ગ્રંથ છે, જેના સહારે માનવ આધ્યાત્મિક સિદ્ધિ મેળવી શકે. આ બંને ગ્રંથો સ્વામીશ્રીએ સર્વજીવ હિતાવહ ભાવથી મંગલ માર્ગદર્શિકા તરીકે સ્વયં આલેખ્યા હતા. એ પછી આપે ઊંચનીચના ભેદભાવ વગર સૌ કોઈ પ્રવેશી શકે એવાં સુંદર રળિયામણાં મંદિરો બંધાવવાનું શરૂ કર્યું. તમામ હિન્દુ મંદિરોમાં સૌથી સુંદર નયન મનોહર મંદિરો સ્વામિનારાયણ સંપ્રદાયના હોય છે.

સહજાનંદ સ્વામી એટલે કે ભગવાન સ્વામિનારાયણે વડતાલ, અમદાવાદ, ધોલેરા, ભૂજ, જૂનાગઢ અને ગઢડા એમ કુલ છ સ્થળે મંદિરો બનાવ્યા. આ મંદિરોમાં ભગવાન રામ, ભગવાન કૃષ્ણ, શિવ-પાર્વતી, હનુમાનજી, ગણેશજી અને લક્ષ્મીનારાયણ સ્વરૂપો પૂજાતા રહે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડાના દાદાખાચરના દરબારમાં પોતાના ભક્તો અને સંપ્રદાયના આચાર્યો અને શિષ્યોને ભેગા કરીને અક્ષરધામ પ્રતિ પ્રયાણ કરવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી. પોતાની પાછળ રડવા કે કલ્પાંત કરવાને બદલે સંપ્રદાયને વધુને વધુ મજબૂત બનાવીને, આધ્યાત્મિક રસ્તે ચાલવાની શીખ આપીને અક્ષરધામ પ્રતિ પ્રયાણ કર્યું. ગઢડાના લક્ષ્મીબાગમાં એમના પંચભૌતિક દેહનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. જ્યાં આજે એમનાં કાર્યોની સુવાસ ફેલાવતું સ્મૃતિ મંદિર વિદ્યમાન છે.

સ્વામિનારાયણ સંપ્રદાય વધુ લોકપ્રિય થવાનું કારણ તો સંતો દ્વારા થતા કેળવણીનાં કાર્યો છે. ગામેગામ સ્કૂલ, કોલેજો અને હોસ્પિટલો ધમધમે છે. આમ ધર્મ અને સેવાને સમાજલક્ષી બનાવવાનું સૌથી મોટું કામ સ્વામિનારાયણ સંપ્રદાયે કર્યું છે. ઊંચનીચના ભેદભાવ વગર એમની હોસ્પિટલો સૌની સેવા કરે છે. હવે તો વિદેશોમાં પણ સ્વામિનારાયણ ભગવાનનાં અદ્‌ભુત મંદિરો બંધાયાં છે. આ લેખક જ્યારે પણ અમેરિકાના એટલાંટા ખાતે જાય છે ત્યારે ત્યાં આવેલ ભવ્ય સ્વામિનારાયણ મંદિરની અચૂક મુલાકાત લે છે. સેંકડો ગુરુકુળો ચાલે છે. લાખો બાળકોને પાયાનું શિક્ષણ મળે છે અને દરેક ભક્ત સારો ઈન્સાન બને તેની ખાસ કાળજી રખાય છે. એનો યશ ભગવાન શ્રી સ્વામિનારાયણને ઘટે છે.

આવા મહાન સંતો થકી ભારતની ભૂમિ પાવન છે અને હંમેશાં મહેકતી રહેશે. ખુશ્બૂ પ્રસારતી રહેશે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# સૌથી જરૂરી મનની શાંતિ



જીવનમાં સૌથી જરૂરી મનની શાંતિ છે, ખુશી નહીં. જો મન શાંત હોય તો બધી જ વસ્તુ વ્યવસ્થિત લાગે, કશા માટે કશી ફરિયાદ ન રહે, ક્યાંય કોઈ પ્રકારનો અસંતોષ કે ઉદ્વેગ ન રહે, દરેક બાબતની સ્વીકૃતિ શક્ય બને, તટસ્થતા સ્થાપિત થઈ શકે, કોઈપણ પ્રકારનું બિનજરૂરી ખેંચાણ ઊભું ન થાય, રાગદ્વેષને દૂર કરવાની શક્યતા ઊભી થાય, ક્યાંક અહંકારનો પણ નાશ થઈ શકે, ભક્તિ કરવામાં સરળતા રહે, જ્ઞાનના માર્ગમાં કોઈ અવરોધ ન આવે, ધ્યાન તથા સાધનામાં સરળતાથી સંમિલિત થઇ શકાય, સત્યનું સ્વરૂપ યથાર્થ સ્વરૂપે સમજી શકવાની સંભાવના વધે, વિવેક જાગ્રત રહે, સંયમમાં વિક્ષેપ ઉભો ન થાય, સૃષ્ટિનાં વાસ્તવિક સ્વરૂપ પ્રત્યે ધ્યાન જઈ શકે અને આ બધાં કારણોસર પરમ તરફની ગતિ શક્ય બને.

મન શાંત હોય તો અસ્તિત્વની ચારે બાજુ જાણે શીતળતા છવાઈ જાય. મન શાંત હોય તો ગુરુદેવની કરુણા સ્પષ્ટપણે પ્રતિત થઈ શકે. મન શાંત હોય તો બધું જ શાંત થવાની શક્યતા વધી જાય. મન શાંત હોય તો મનની શાંતિ જાણે ચારે તરફ પ્રસરી જાય. આ સાથે પ્રેય તથા શ્રેય, નિત્ય તથા અનિત્ય, નૈતિક તથા અનૈતિક, પવિત્ર તથા મલિન, સાત્વિક તથા તામસી, વિદ્યા તથા અવિદ્યા, મુક્તિ તથા બંધન - જેવી બાબતોની યથાર્થ સમજ સ્થપાવાની સંભાવના વધે. એમ કહી શકાય કે મનની શાંતિ એ શૂન્ય અને અનંત વચ્ચેનો સેતુ છે.

એકવાર મન શાંતિ અનુભવે પછી બીજા કોઈ પણ પ્રકારની અનુભૂતિ માટે તેને રસ ન જાગે. શાંતિની અનુભૂતિ થયાં પછી બધી જ કામનાઓ, બધી જ અપેક્ષાઓ, બધી જ ધારણાઓ, બધી જ માન્યતાઓ જાણે શૂન્યતામાં પ્રવેશી જાય. મન શાંત થાય ત્યારે કશું જ કરવાપણું બાકી ન રહે અને ન કરવાપણાં માટેનો પણ આગ્રહ ન રહે. મન શાંત થાય ત્યારે કર્તાપણું, કર્મ અને તે પાછળનાં ઉદ્દેશ્યનું અસ્તિત્વ જ ન રહે. અન્ય રીતે પણ મનની શાંતિ માનવ જીવનમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મન શાંત હોય તો આધ્યાત્મિક ઉન્નતિ તો શક્ય બને જ, પણ સાથે સાથે શરીર અને મગજ-બુદ્ધિની તંદુરસ્તી પણ સુધરી શકે. શાંત વ્યક્તિ જીવનની સમસ્યાઓનો વધુ અસરકારકતાથી અને ધીરજપૂર્વક સામનો કરી શકે છે. મન શાંત હોય તો માનસિક તણાવ, ચિંતા, હતાશા કે સંભવિત વિફળતાનો પ્રભાવ ઓછો થઈ શકે.

મન શાંત હોય તો લોહીના દબાણના, હૃદયની અનિયમિતતાના, અનિદ્રાના, માથાના દુખાવાના કે આવાં અન્ય સ્વાસ્થ્યના પ્રશ્નો દૂર રહે. મન શાંત હોય તો તટસ્થતાથી પ્રતિભાવ આપી શકાય, પ્રતિભાવમાં સંયમ જાળવી શકાય, યોગ્ય-અયોગ્યનો યોગ્ય નિર્ણય લઈ શકાય અને આ બધાંને કારણે સામાજિક તેમજ કૌટુંબિક સંબંધ સકારાત્મક રીતે જળવાઈ જવાની સંભાવના વધે. શાંત મનને કારણે એકાગ્રતા વધી શકે જેનાથી સરળતાથી કાર્યમાં સફળતા પ્રાપ્ત થઈ શકે. આ બધું જો એકત્રિત થાય તો સ્વાભાવિક છે કે જાત ઉપર આત્મવિશ્વાસ વધે. શાંતિની સ્થિતિમાં ક્રોધ આવવાની સંભાવના નહિવત થઈ જાય. જ્યારે મન શાંત હોય ત્યારે કામનાનો આવેગ પણ ન ઉદ્ભવે. શાંતિ એ સુખ નથી પરંતુ સુખનું કારણ છે, અને તેથી શાંતિથી સુખની અનુભૂતિ પણ થઈ શકે.

આથી જ શાંતિ નું મહત્ત્વ જીવનમાં સૌથી વધુ છે. શાંતિ હોય તો જ અમુક પ્રકારની સકારાત્મક સંભાવનાઓ ઉભરી શકે. ધ્યાન અને પ્રાણાયામ, શ્વાસનું નિયમન, પરિસ્થિતિને સ્વીકારી લેવાની માનસિકતા, સંતુલિત જીવન શૈલી, સકારાત્મક વિચારોની સ્વીકૃતિ, નૈતિક બાબતોનું અનુસરણ, સાત્વિક ભક્તિ, સેવાવૃત્તિ વાળી કેટલીક પ્રવૃત્તિઓ તથા ધાર્મિક મનન-ચિંતન જેવી બાબતો મનને શાંત રાખવામાં મદદરૂપ બની શકે. સદગુરુ સાથે સંવાદ સ્થાપવાથી પણ શાંતિ મળી શકે.

સંપત્તિથી શાંતિ ન મળી શકે. સંપત્તિથી સગવડતા મળી શકે અને એશોઆરામ પ્રાપ્ત કરી શકાય, પણ તેનાથી શાંતિ ન મળે. સામાજિક પદ અને પ્રતિષ્ઠા પણ શાંતિ ન આપી શકે. તેનાથી તો અહંકાર પ્રગાઢ થઈ શકે. ચોક્કસ પરિસ્થિતિમાં આ અહંકાર અશાંતિનું કારણ બની શકે.

પદ અને સંપત્તિથી હું અને મારુંની ભાવના વધુ દૃઢ બને. શાંતિ માટે આ એક જોખમી સ્થિતિ ગણાય. સૃષ્ટિમાં એવી એક પણ બાહ્ય સ્થિતિ નથી કે જે શાંતિનું કારણ બની શકે. ક્યારેક એમ કહેવામાં આવે છે કે કુદરતની નજીક રહેવાથી શાંતિ પ્રાપ્ત થઈ શકે. પણ તેમ ત્યારે જ શક્ય બને કે જ્યારે શાંતિના બીજ મનમાં રોપાઈ ગયાં હોય.

શાંતિ એ મનનો વિષય છે. શાંતિ એ મનની ભૂમિકામાં સ્થાપિત થતી પરિસ્થિતિ છે. શાંતિ એ કોઈપણ પ્રકારની સંલગ્નતા કે આશય વગર પરિસ્થિતિને જેમની તેમ સ્વીકારવાની તૈયારી છે. શાંતિ એટલે પ્રવૃત્તિ અને નિવૃત્તિ, બંને પ્રત્યે લગાવનો અભાવ. ગીતામાં કહેવાયું છે કે અશાન્તસ્ય કુતઃ સુખમ્ અર્થાત અશાંતને સુખ ક્યાંથી. શાંતિ અને સુખ પરસ્પર સંકળાયેલી બાબત છે, તેમ અહીં સ્થાપિત થાય છે. સુખ માટે શાંતિ એ ભૂમિકા સમાન છે. સુખ માટે શાંતિ એ પૂર્વ શરત છે. સુખ માટે શાંતિની આવશ્યકતા છે.

સૌથી જરૂરી મનની શાંતિ છે. જો મન શાંત હોય તો જ પરિસ્થિતિ યથાર્થ સ્વરૂપે સમજાઈ શકે. મન શાંત હોય તો જ પરમ-માર્ગ પર દૃષ્ટિ પડી શકે. મન શાંત હોય તો જ ગુરુદેવની ગેરહાજરીમાં પણ તેમની વાણી સંભળાઈ શકે. મન શાંત હોય તો જ ગુરુદેવ સાથે સૂક્ષ્મ સંવાદ સ્થાપિત થવાની સંભાવના ઊભી થઈ શકે. મન શાંત હોય તો જ પ્રકૃતિ, જીવાત્મા અને પરમાત્મા વચ્ચેનાં સમીકરણની અનુભૂતિ થઈ શકે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

### પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનું તપ ને તેજ

# સંગીત કે સમયને આધીન નથી હોતા સંત

એમની સંગીત પ્રસ્તુતિથી તત્કાલીન સંગીતજ્ઞોએ અચંબિત બનીને અપૂર્વ અનુભૂતિ અનુભવેલી,એના ઘણાં દૃષ્ટાંતો સ્વામિનારાયણીય સત્સંગ સભામાં પ્રચલિત છે. ‘હરિલીલાચરિત્રસાગર’માં પણ ઉદાત થયેલા છે. એક વખત ગ્વાલિયર રાજ્યના સંગીતજ્ઞ મહાનુભાવો શ્રીહરિના દર્શને અને પોતાની શ્રેષ્ઠ ગણાતી ગાયકીનો પરિચય કરાવવા ગઢપુર પધારેલા. શ્રીહરિએ સંગીત શ્રવણપાન કરીને આદર સત્કાર કરીને રોક્યા.

ગ્વાલિયર ઘરાનાના સંગીત વિશારદો સમક્ષ બીજા દિવસે સંધ્યાસમયે બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીને સત્સંગ સભામાં પદગાન શ્રવણ કરાવવા કહ્યું. બ્રહ્માનંદે પ્રભાત સમયે ગવાતા ભૈરવી રાગમાં પોતાની પદરચનાનું ગાન આરંભ્યું. ગ્વાલિયર ઘરાનાના સંગીત નિષ્ણાતો અચંબિત થયા, એમને થયું કે આ સાધુઓને રાગગાનના સમયનું જ્ઞાન-ભાન નથી. પણ ગાનના-રાગના પ્રભાવથી આકાશમાં બ્રહ્મમુહૂર્ત જેવું વાતાવરણ રચાયું.

પછી તુર્ત જ પ્રેમસખી પ્રેમાનંદે ભૈરવરાગમાં ધ્રુપદ ચોપાલથી સ્વરચિત પદ,

*‘ચંદન ચરચિત નિલ કલેવર સુંદર*
*કટી તટ કસ્યો પટ ચીત... ચંદન ચરચિત...’ ૧૦૮*

*એ પ્રથમ પદ પછી બીજું અને ચોસરનું ત્રીજું પદ*

*પ્રિતમ પ્યારે આયે હો પ્રાત*
*લાલ દેખીકે હસત અતિ સખીવૃંદ... પ્રિતમ... (૧૧૦)*

પ્રસ્તુત કર્યું ત્યાં તો કુકૂટ બોલવા લાગ્યા. પક્ષીઓનો કલરવ અને પ્રાતઃકાળનું વાતાવરણ રચાયું.


ગ્વાલિયરના સંગીતસાધકો તો અચરજ પામી ગયા અને તેમણે વિનિતભાવે કહ્યું કે ‘સંતો, સંગીત કે સમયને આધીન નથી પણ સંગીત અને સમય સંતને આધીન હોવાની અહીં પ્રતીતિ થઈ. આવા ભગવત સંતભક્તનું દર્શન અને શ્રવણલાભ મોટી સંપ્રાપ્તિ’. શ્રીહરિએ પણ રાજી થઈને - પ્રેમાનંદસ્વામીને અને ગ્વાલિયરતા સંગીતજ્ઞ મહાનુભાવોને સન્માનિત કરેલા.

બીજો આ પ્રકારનો એક પ્રસંગ ધરમપુર સ્ટેટને સંદર્ભે પણ પ્રચલિત છે. શ્રીહરિની ધરમપુર સ્ટેટમાં પધરામણી હતી. રાત્રિ સભામાં સત્સંગ પછી રાજ્યના ગવૈયાઓએ સુમધુર સંગીત રેલાવ્યું. શ્રીહરિએ પછી સંગીત પ્રસ્તુત કરી રહેલા ગવૈયાઓને કહ્યું કે ‘અમારા સંતો પણ થોડુ ઘણું સંગીત જાણે છે કહીને પ્રેમાનંદ સમક્ષ - દેવાનંદને સંગીત પીરસવાનું કહ્યું. એટલે પ્રેમાનંદ સ્વામીએ સિતારની સંગત કરતા-કરતા સંગીતની પ્રસ્તુતિ કરી અને દેવાનંદ સ્વામીએ સરોદવાદન કરતાં કરતાં સુરફાગ રાગમાં સ્વરચિત રચના રજૂ કરી. બન્નેની શાસ્ત્રીય હલક, સંગીતનું માધુર્ય અને સ્વરરચના - બંદિશથી-રાજયના ગવૈયાઓને એમની આગવી છટા-પ્રતિભાશક્તિમાં પરિચય થયો.

પ્રેમાનંદ સ્વામીએ સ્વયં પણ અનેક સ્થાને પોતાની પદ પ્રસ્તુતિ કર્યાના ઘણાં દૃષ્ટાંતો છે. એમણે મુક્તાનંદ અને બ્રહ્માનંદ પાસેથી શિક્ષણ મેળવેલું. તે છતાં લગભગ બધા સંતો સાથેની એમની જુગલબંધીના દૃષ્ટાંતો એમને, પ્રભુ શ્રીહરિના પરમ વરદાન પ્રાપ્ત ગાયક, વાદક અને નર્તક તરીકેની વ્યક્તિમત્તાને પ્રગટાવે છે. આ છ-સાત વિગતોને એમનાં ચરિત્રનો ભાગ ગણવાની રહે.

આવી પ્રચલિત - પરંપરિત કંઠસ્થ પરંપરાની દંતકથાઓના ઘણાં અભ્યાસો પણ થયા છે.

પ્રેમાનંદ સ્વામીના જીવનચરિત્ર અંગે



આવી ઘણી બધી દંતકથાઓ પ્રચલિત છે. મને પેરિસ-ફ્રાંસની સોરોબોન યુનિવર્સિટીના પ્રોફે. માલિંઝોએ હેઝિઓગ્રાફી અને લિજન્ડના સંદર્ભે થોડાં પરચાઓ અને દંતકથાઓ વિવિધ પ્રકારની જુદી જુદી પ્રચલિત હોય એના વિશે એક નિબંધ તૈયાર કરવા માટે મારી પાસે સામગ્રી એકત્ર કરાવેલી. ત્યારે મે જીવણસાહેબ, પ્રેમસખી પ્રેમાનંદ, રૂપારાણી અને લીરબાઈ વિશેના પ્રચલિત દંતકથાત્મક પ્રસંગો એકત્ર કરેલા.

પ્રોફે. ડૉ. માલિંઝોને ડૉ. હરિવલ્લભ ભાયાણીએ કહેલું કે તે નરસિંહ વિશે પ્રચલિત દંતકથાઓની પાછળ સાંસ્કૃતિક સંદર્ભ કારણભૂત હોય છે. ગોપનાથ સ્થળને નરસિંહ સાથે સંબંધ હોવા પાછળ એ દંતકથાના સાંસ્કૃતિક સંદર્ભે ગોપનાથ તે સમયે વૈષ્ણવનું મોટું સ્થાનક હતું. માવો નામનો વૈષ્ણવ કવિ ત્યાં થઈ ગયેલો, કહીને નરસિંહની વ્યક્તિમત્તા સાથે સંકળાયેલી-સંદર્ભાયેલી દંતકથાઓનું ઔચિત્ય સમજાવેલું. સામાજિક-સાંસ્કૃતિક ઇતિહાસ મૌખિક પરંપરામાં આવી હોજિયોગ્રાફીમાં જળવાયેલો માનીને પશ્ચિમના તત્ત્વવેત્તાઓ એને બહુ મહત્ત્વની કડી માને છે.

છેલ્લે કુંડળધામના જ્ઞાનજીવનદાસજીએ પ્રેમસખી પ્રેમાનંદના ચરિત્ર વિશે ભૂજમંદિરમાં મહંતપુરાણી સ્વામીશ્રી હરિસ્વરૂપદાસજીની વિગતોને વિશેષ ઉદાહરણો - પ્રમાણોથી સમર્થિત કરીને ઈ.સ. ૨૦૧૦માં પ્રસ્તુત કરી છે. તે પણ અવલોકી ગયા છીએ.

પ્રેમાનંદ સ્વામીના જીવન વિશે પ્રચલિત લગભગ બધી જ ચરિત્રાત્મક વિગતો અહીં સંક્ષિપ્તમાં પ્રસ્તુત કરીને એમના ચરિત્રની જે સમાન રીતે કડી રૂપ ઘટના બધામાં સંકળાયેલી છે, તે મુજબ પ્રેમાનંદ ગવૈયા ગાયન-વાદન વિદ્યામાં પારંગત હતા. ત્યજાયેલા તરછોડાયેલા સંતાન હતા. શ્રીહરિને પ્રાપ્ત થયા. શ્રીહરિએ એમને દીક્ષિત કર્યા, સંગીત-સંસ્કૃત જેવાં વિષયોમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરાવ્યું અને પોતાની પાસે અંગત સેવામાં રાખીને એમની સેવાઓ લઈને સાથે જ રાખતા. એમનું અક્ષરધામ ગમન વિ.સે. ૧૯૧૧ કારતક વદી ૩૦ને દિવસે થયેલું, તે ઈ.સ. ૧૮૫૫ વાળા દલપતરામના કથનને સમર્થિત કરે છે.

મને પ્રેમાનંદની પદરાશિમાંનો અભ્યાસ કરતાં કરતાં પ્રેમસખી પ્રેમાનંદ દ્વારા સહજ રીતે એમના પદોમાં આત્મચરિત્રાત્મક વિગતો અને આત્માનુભવને - પ્રસંગલક્ષી પ્રમાણને અનેક સ્થાને ગૂંથી લીધેલા અવલોકન મળ્યા છે. એવા કેટલાક પદો પણ અવલોકીએ...

*હો, રસિયા મેં તો શરન તિહારી*
*નહીં સાધન બળ વચન ચાતુરી,*
*એક ભરોસો ચરણે ગિરધારી... હો.*
*કડવી તુંબડિયા મેં તો નીચ ભોમિકી, ગુનસાગર ‘પીયા તુંમહી સંવારી...હો.*
*મેં અતિ દીન બાળક તુમ શરને,*
*નાથ ન દીજો અનાથ વિસારી... હો.*
*નીજ જન જાની સંભારોગે પ્રીતમ,*
*પ્રેમસખી નીત જાયે બલીહારી... હો.*

પોતે અકિંચન, અનાથ અને સામાન્ય નિમ્ન જાતિના હોવાની વિગતને કડવી તુંબડી, નીચ ભોમિ જેવા રૂપકથી નિર્દેશેલ જણાય છે. અત્યંત ગરીબાઈ, દીનતાથી નિર્દેશીને સદાય શરણમાં-ચરણમાં રાખવાનું વિનવતા પ્રેમાનંદ અહીં દીનભક્તિભાવે ભજે છે, એવો વાચ્યાર્થ પદમાંથી પ્રાપ્ત નથી કરવાનો એનો લક્ષ્યાર્થ-વ્યંગ્યાર્થ કાવ્ય-પદમાં નિહિત છે જે એના ચરિત્રાત્મક-વ્યક્તિત્વનો દ્યોતક જણાય છે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# સ્વામી, તમારા ભક્તનો સ્વર કૈલાસ સુધી ગુંજવા લાગ્યો છે...

(ગતાંકથી ચાલુ)

ભર્તૃહરિને વરદાન આપી માતા પાર્વતી અને ભગવાન શિવ કૈલાસ પહોંચે છે. કૈલાસના આકાશ માર્ગે ધનપતિ કુબેર જઇ રહ્યા હોય છે અને તેઓ જુએ છે કે, નંદિગણ સાથે માતા પાર્વતી કૈલાસની સજાવટમાં વ્યસ્ત છે. તેઓ તુરંત માતા પાર્વતીને કહે છે, માતા બ્રહ્મલોક, વૈકુંઠલોક અને સ્વર્ગલોકની તુલનાએ કૈલાસની સાદગી નીહાળીને મારું મન કકળી ઉઠે છે, હું એવું ઇચ્છું છું કે, માતા આપ અને ભગવાન શિવ પણ સુવર્ણ મહેલમાં નિવાસ કરે. જો તમે આજ્ઞા આપો તો હું કૈલાસ ખાતે સુવર્ણ મહેલ બનાવું. માતા પાર્વતીએ કહ્યું, ‘કુબેરજી! મને સત્વરે સોનાનો મહેલ બનાવી આપો.’ ભગવાન કુબેરની આજ્ઞાથી ભગવાન વિશ્વકર્મા મણિ, માણેક અને મોતી જડિત મેઘધનુષ્યની સપ્તરંગી આભાવાળો સુવર્ણમહેલ બનાવી આપ્યો. ભગવાન શિવ માતા પાર્વતીને કહે છે, ‘દેવી, અવશ્ય આપણે આ મહેલમાં રહીશું, તે પહેલા આપણે શાસ્ત્રોક્તવિધિ અનુસાર વાસ્તુ, પૂજાપાઠ વગેરે કોઈ વિદ્વાન આચાર્ય પાસે કરાવીને જ ગૃહપ્રવેશ કરીશું.’ ભગવાન કુબેર તેમના ભ્રાતા દશાનન રાવણ લઈ પૂજા કરાવવા કૈલાસ આવી પહોંચે છે. દશાનન રાવણે નવા સુવર્ણ મહેલની વાસ્તુ પૂજા કરાવી. ભગવાન શિવ તેમને દક્ષિણામાં શું જોઇએ છે એવું પૂછતાં દશાનન રાવણે કહ્યું, ‘પ્રભુ તમે જો આપવા માંગતા હો તો આ મહેલ સાથે માતા પાર્વતીને પણ દક્ષિણા પેટે આપી દો.’ ભગવાન શિવે માતા પાર્વતી અને સુવર્ણ મહેલ દશાનનને સુપરત કર્યા. દશાનન માતા પાર્વતી અને મહેલને લઈ લંકા તરફ જવા માંડયો. ભગવાન વિષ્ણુ માતા પાર્વતીની વ્હારે આવી દશાનન રાવણને કહે છે, ‘દશાનન તમે સાવ ભોળા છો, આ પાર્વતીજી નથી તેમની દાસી છે. પાર્વતીજીના શરીરમાંથી તો ગુલાબની સુગંધ આવે છે.’ દશાનન રાવણે ખાતરી કરી તેનું શરીર સુંઘી જોયું, તો નાક દુર્ગંધથી ભરાઈ ગયું. તેને લાગ્યું કે આ તો ખરેખર દાસી જ છે. ફરી વાર ભગવાન વિષ્ણુએ કહ્યું, ‘લંકાપતિ! તમને આ લોખંડના મહેલનો શું મોહ લાગ્યો છે? આના પર તો ફક્ત સોનાનો ઢોળ ચઢાવવામાં આવ્યો છે’. દશાનન રાવણે પથ્થરનો ટુકડો લઈ દીવાલ સાથે ઘસતાં લોખંડ નજરે પડયું, રાવણ મહેલ અને માતા પાર્વતીને છોડીને ત્યાંથી ચાલી ગયો. એજ સમયે ભગવાન શિવ ત્યાં પધારે અને કહે છે, ‘હે દેવી બધું તમારા લોભને કારણે બન્યું છે, લોભને વશ થઈ તમે સુવર્ણમહેલ બનાવી લીધો. રાવણે લોભને વશ થઈ મહેલ અને તમને માગી લીધા, માટે સર્વ પાપોનું મૂળ લોભ જ છે.’ માતા પાર્વતીએ કહ્યુંઃ ‘હે પ્રભો! મને આજે સમજાઈ ગયું કે, શિવલોકની સાદગીમાં જ સઘળી સંપત્તિ છે. શિવલોકની અનેરી, અનોખી, અલૌકિક અને અદ્ભુત સંપત્તિની સરખામણીમાં કોઈ દેવલોકની સંપત્તિ ન આવે.’ ભગવાન શિવ અને માતા પાર્વતી પરત કૈલાસ પધાર્યા.

***



ભગવાન શિવ તપમાં લીન હતા કૈલાસ ખાતે ’ૐ નમઃ શિવાયઃ’નો ધ્વની ગૂંજવા લાગ્યો.

માતા પાર્વતીઃ ‘સ્વામી તમારા ભક્તનો સ્વર કૈલાસ સુધી ગૂંજવા લાગ્યો છે હવે એના પર કૃપા દૃષ્ટિ કરો.’

ભગવાન શિવઃ ‘અવશ્ય દેવી.’

ભગવાન શિવ ઋષિ સૌમિત્રને વરદાન દેવા પહોંચી જાય છે.

ભગવાન શિવઃ ‘ભક્ત સૌમિત્ર આંખ ખોલો અને વરદાન માંગો.’

પોતાના આરાધ્ય દેવને પોતની સમક્ષ ઊભેલા જોઈ ઋષિ સૌમિત્ર ગદ્ગદ્ થઈ જાય છે, તેમની આંખોમાંથી અશ્રુઓની ધારા વહેવા માંડે છે.

ઋષિ સૌમિત્રઃ ‘ભગવંત તમારો ખૂબ ખૂબ આભાર, તમારા દર્શનથી હું પાવન થઈ ગયો, હું કંઈ જ ઇચ્છતો નથી.’

ભગવાન શિવઃ ‘સૌમિત્ર વરદાન તરીકે તમારે કંઈક તો માંગવું જ પડશે.’

ઋષિ સૌમિત્રઃ ‘ભગવંત તમારી જે ઇચ્છા હોય તે તેમ જ આપો.’

ભગવાન શિવ તેમને એક શંખ આપતા કહે છે, ‘હે સૌમિત્ર આ શંખ તમને હું પ્રસાદીના રૂપે આપું છું, સૃષ્ટિમાં તમે જ્યાં જ્યાં જશો ત્યાં તમારો સર્વત્ર આદર-સત્કાર થશે.’

ઋષિ સૌમિત્ર ભગવાન શિવને નમન કરી આશિર્વાદ પ્રાપ્ત કરે છે અને શંખને પોતાની ઝોળીમાં મૂકી દે છે. તેઓ ધર્મના પ્રચાર - પ્રસાર માટે જ્યાં જ્યાં જાય ત્યાં ઝોળી અને શંખ સાથે લઈ જતા અને ભગવાન શિવજીની પૂજા અને આરતી વખતે એ શંખ વગાડતાં. એ શંખનો ધ્વની અલૌકિક હતો. સમય જતાં કક્ષીવાન નામનો યુવાન તેમના શિષ્ય તરીકે તેમની સાથે જોડાયો. કક્ષીવાનને કોઈએ કહ્યું કે, તારા ગુરુ પાસે જે શંખ છે તે પ્રસાદીનો શંખ છે. આ ચમત્કારી શંખને લીધે જ તારા ગુરુને સર્વત્ર આદર અને સત્કાર મળે છે.

એક વખત ગુરુ સૌમિત્ર અને શિષ્ય કક્ષીવાન યાત્રાએ નીકળ્યા. સૌમિત્રનો સર્વત્ર સત્કાર થયો. ફરતાં ફરતાં તેઓ આનર્ત રાજ્યમાં આવી પહોંચ્યા. સંધ્યાવેળાએ સૌમિત્ર શંખને સરોવરકાંઠે મૂકી સ્નાન કરવા ગયા. કક્ષીવાને વિચાર્યું કે, અપાર સિદ્ધિઓથી સભર આ શંખ જો મારી પાસે હોય તો હું પણ આદર સત્કારનો અધિકારી બનું, મારું પણ સર્વત્ર બહુમાન થાય અને લોકો મારી પૂજા કરે.’ લાલચુ શિષ્ય કક્ષીવાને તે શંખ સંતાડી દીધો. આરતી વખતે ગુરુ સૌમિત્રએ ઝોળીમાં જોયું તો શંખ મળ્યો નહિ, તેથી કક્ષીવાનને પૂછયું, ‘શંખ ક્યાં છે?’

કક્ષીવાનઃ ‘ગુરુદેવ શંખ વિષે મને કોઈ જાણકારી નથી, તમારી ઝોળીમાં જ હોવો જોઈએ.’

ગુરુ સૌમિત્રઃ ‘જેણે શંખની ચોરી કરી હશે તે સ્વયં શંખ બની જશે.’

સૌમિત્રના શાપથી ભયભીત થયેલા કક્ષીવાને ચોરીની કબૂલાત કરે છે, પણ શાપનું નિવારણ હોતું નથી.

ગુરુ સૌમિત્રઃ ‘એક તોં તે ચોરી કરી છે અને બીજું ગુરુ પાસે અસત્ય બોલ્યો છે. આ બંને પાપની સજા ભોગવ્યા વિના છૂટકો નથી.’

કક્ષીવાને પાપના નિવારણ અંગે પૂછતાં ગુરુ સૌમિત્રે કહ્યું, ‘આ પાપથી પિનાકપાણી જ બચાવી શકે. તારે શંખ સ્વરૂપે સરોવરમાં રહેવું પડશે, તારો જીવ શંખમાં સુરક્ષિત રહેશે. સરોવરમાં નિવાસ કરી શિવનું રટણ કરવાથી તારો ઉદ્ધાર થશે.’

કક્ષીવાને પાપ નિવારણઅર્થે સરોવરમાં સ્નાન કરવા ડૂબકી લગાવતાં શંખમાં રૂપાંતરિત થઈ ગયો. શંખમાંથી એકધારો શિવ... શિવ... ધ્વની નીકળવા લાગ્યો. શંખ સ્વરૂપે તે અહોનિશ શિવ... શિવ... રટતો જ રહ્યો.

બાર વર્ષની તપસ્યા બાદ એ ધ્વની કૈલાસ પહોંચવા માંડયો.

માતા પાર્વતીઃ ‘શિવ... શિવ...નો ધ્વની તમને નથી સંભળાતો, જુઓ તમારું સિંહાસન પણ ડોલી રહ્યું છે. ત્રિકાળદર્શી ભગવાન શિવ નંદી પર સવાર થઈ શિવભક્ત કક્ષીવાનનો ઉદ્ધાર કરવા નીકળી પડયા. સરોવર તટે પહોંચી ભગવાન શિવે કહ્યું, ‘કક્ષીવાન તારું તપ પૂર્ણ થયું, તું સરોવરની બહાર આવ.’

આટલું કહી ભગવાન શિવે હાથ લંબાવતા કક્ષીવાન પોતાના મૂળ સ્વરૂપે સરોવરની બહાર આવ્યો. સાક્ષાત ભગવાન શિવના દર્શન કરી તે હર્ષવિભોર બન્યો અને અંતે ભગવાન શિવની કૃપાથી શિવલોક સિધાવ્યો.

કક્ષીવાન તપને લીધે પાપમુક્ત બન્યો હતો તેથી આ સરોવર ‘શંખોદ્ધાર’ નામનું તીર્થધામ બન્યું. અહીં સ્નાન કરવાથી શિવધામની પૂજા અર્ચનાનું ફળ પ્રાપ્ત થાય છે. આ પવિત્ર સ્થળ પર શ્રાવણ માસ દરમિયાન મોટો માનવમહેરામણ ઊમટે છે અને સરોવરમાં સ્નાન કરી શિવધામની પૂજા અર્ચનાનું ફળ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવે છે. (ક્રમશઃ)■

# મહારાષ્ટ્ર પોલીસની એએનટીએફ ટૂંક સમયમાં થશે કાર્યરત

## આંતરરાજ્યમાં ડ્રગ્સની હેરાફેરી પર રાખશે નજર

મુંબઈઃ સમગ્ર દેશ અને મહારાષ્ટ્ર રાજ્યમાં કેફી દ્રવ્યોની દાણચોરીના વધી રહેલા દૂષણને નાથવા એન્ટી-નાર્કોટિક્સ સેલ અને કેન્દ્ર સરકારના નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો, કસ્ટમ્સ, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ જેવી ડ્રગ વિરોધી એજન્સીઓ છે, પરંતુ હવે આંતરરાજ્ય ડ્રગ્સના વેપાર પર કાર્યવાહી કરવા માટે મહારાષ્ટ્ર પોલીસે એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની રચના કરી છે, જે કાર્યવાહીથી લઈને કેન્દ્રીય એજન્સીઓ સાથે સંકલન સુધીના વિવિધ કાર્યો કરશે. ઉપરાંત ડ્રગ્સ સામે જાગૃતિ ફેલાવશે. આ ટાસ્ક ફોર્સ ટૂંકમાં એએનટીએફ તરીકે ઓળખાશે. તે ખાસ કરીને સમગ્ર મહારાષ્ટ્ર અથવા આંતર-રાજ્ય ડ્રગ્સ દાણચોરી નેટવર્કને લગતા કેસો જોશે.

ફેબ્રુઆરીમાં સરકારે એએનટીએફ માટે ૩૪૬ જગ્યાઓને મંજૂરી આપી હતી અને એકવાર રાજ્ય પોલીસમાંથી અધિકારીઓ અને અન્ય કર્મચારીઓની નિમણૂક થઈ જાય ત્યારબાદ આગામી દિવસોમાં કાર્યરત થશે, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

એએનટીએફનું મુખ્ય મથક પુણે અને બીજું નાગપુરમાં હશે, જેનું નેતૃત્વ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીઓ કરશે. મુંબઈને એએનટીએફ ના અધિકારક્ષેત્રમાંથી બાકાત રાખવામાં આવ્યું છે, કારણ કે રાજ્યની રાજધાનીમાં પહેલાથી જ અન્ય એજન્સીઓ કાર્યરત છે. એએનટીએફ ડ્રગ્સના દાણચોરો અને સ્થાનિક પેડલરોની જિલ્લાવાર યાદી પણ બનાવશે. રાજ્યવ્યાપી અથવા આંતરરાજ્ય કેસોને પોલીસ મહાનિર્દેશકના નિર્દેશ પર એએનટીએફ ને સોંપવામાં આવશે. તે નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ નોંધાયેલા કેસોમાં સજાનો દર સુધારવા માટે પણ કામ કરશે. (પીટીઆઈ) ■



**સતર્કતા...:** પહલગામ હુમલા બાદ ભારતમાં જાહેર કરવામાં આવેલા અલર્ટ બાદ મુંબઈના પશ્ચિમ રેલવેના ડીઆરએમ અને ડીસીએમ દ્વારા પ્લેટફોર્મ પર બૂટ પૉલિશ કરતાં ફેરિયાઓની વેરિફિકેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં બૂટ પૉલિશ કરવા માટે જેના નામે લાઈસન્સ ઈશ્યુ કરવામાં આવ્યું છે એની જગ્યાએ તેમના મિત્રો કે અન્ય કોઈ લોકો કામ કરતાં જોવા મળ્યા હતા. આ બાબત ધ્યાનમાં આવ્યા બાદ ઉક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આવા ગેરકાયદે ફેરિયાઓને સૌથી પહેલા વિધાઉટ ટિકિટનું ફાઈન કરીને તેમની સામે આવશ્યક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. (અમય ખરાડે)

# કોંકણ રેલવેને ભારતીય રેલવેમાં સમાવવા માટે મંજૂરી

મુંબઈઃ કોંકણ રેલવેને ભારતીય રેલવેમાં સમાવવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. ગયા મહિને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવને લખેલા પત્ર દ્વારા મહારાષ્ટ્ર સરકારે મંજૂરી આપી દીધી છે.

આ વિલિનીકરણને અગાઉ કર્ણાટક, ગોવા અને કેરળ સરકારે પણ મંજૂરી આપી છે. મંજૂરીનો ઉદ્દેશ કોંકણ રેલવેની નાણાકીય તંગી દૂર કરવાનો, કાર્યક્ષમતા વધારવાનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરવાનો છે.

મહારાષ્ટ્ર સરકારે બે શરત સાથે વિલીનીકરણ માટે સંમતિ આપી હતી - ભારતીય રેલવે વિલીનીકરણ પછી પણ કોંકણ રેલવે નામ જાળવી રાખશે અને૧૯૯૦માં કોંકણ રેલવે કોર્પોરેશન લિમિટેડ (કેઆરસીએલ)ની રચના વખતે મહારાષ્ટ્ર સરકારે તેના હિસ્સા તરીકે આપેલા રૂ. ૩૯૪ કરોડ ભરપાઈ કરવાના રહેશે. કોંકણ રેલવે કોર્પોરેશન મંત્રાલય (૫૧ ટકા હિસ્સો) અને ચાર રાજ્યો મહારાષ્ટ્ર (૨૨ ટકા), કર્ણાટક (૧૫ ટકા), ગોવા અને કેરળ (પ્રત્યેક ૬ ટકા)ની માલિકીનું સંયુક્ત સાહસ છે.

કોંકણ રેલવે મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક અને કેરળને જોડતી ૭૪૧ કિલોમીટર લાંબી રેલવે લાઇન છે. કોંકણ રેલવે પર પહેલી પેસેન્જર ટ્રેન ૨૦ માર્ચ, ૧૯૯૩ના રોજ ઉડુપી અને મેંગ્લોર વચ્ચે દોડી હતી. ■

# રિક્ષા-ટૅક્સીચાલકોએ ૩૧મી મે સુધી મીટર બદલી લેવા, નહીં તો...

મુંબઈઃ મુંબઈમાં ફેબ્રુઆરી ૨૦૨૫માં રિક્ષા-ટૅક્સીના ભાડાંમાં વધારો કરવામાં આવ્યો હતો. નવા ભાડાં પ્રમાણે મીટરમાં સુધારો (રીકેલિબ્રેશન) કરવો જરૂરી છે, પરંતુ મુંબઈમાં હજી ૭૦ ટકા રીક્ષા, ટેક્સીના રીકેલિબ્રેશન પૂર્ણ થયા છે અને ૩૦ ટકા હજુ બાકી છે. રીકેલિબ્રેશન કરાવવાની અંતિમ તારીખ ૩૧મી મે આપવામાં આવી છે. ત્યારબાદ પહેલી જૂનથી દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

ઇંધણ ખર્ચ, વાહનનું સમારકામ, વાહન માટેની લોન પર વધેલા વ્યાજ દરને ધ્યાનમાં રાખીને મુંબઈમાં ટૅક્સી-રીક્ષા સંગઠને ભાડાં વધારવાની માંગણી કરી હતી. પહેલી ફેબ્રુઆરીથી મુંબઈ મેટ્રોપોલિટન રિજન ટ્રાન્સપોર્ટ ઓથોરિટીએ તેને મંજૂરી આપી હતી. તે મુજબ રિક્ષાનું લઘુતમ ભાડું ૨૬ રૂપિયા અને ટૅક્સીનું ૩૧ રૂપિયા કરવામાં આવ્યું હતું.

રીકેલિબ્રેશન ન થાય ત્યાં સુધી જુના મીટર પ્રમાણે ભાડાં વસુલવાની સૂચના આપવામાં આવી હતી. મુંબઈ મહાનગરમાં લગભગ ૪.૬૨ લાખથી વધુ રીક્ષા-ટૅક્સી છે જેમાંથી ૭૦ ટકાનું રીકેલિબ્રેશન પૂર્ણ થઇ ગયું છે. રીકેલિબ્રેશન કરવાની અંતિમ તારીખ ૩૧ મે છે, ત્યાર બાદ દૈનિક ૫૦ રૂપિયાથી લઈને ૫૦૦૦ સુધી દંડ વસુલવામાં આવી શકે છે. ■

# ચીનથી આયાત કરાયેલા કન્સાઈન્મેન્ટ પર ડ્યૂટી ચોરીઃ કંપનીના ડિરેક્ટરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડિરેક્ટોરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)એ ચીનથી આયાત કરેલા કન્સાઈન્મેન્ટની ખોટી માહિતી રજૂ કરી નવ કરોડ રૂપિયાની કથિત ડ્યૂટી ચોરીના કેસમાં નાશિકના યેવલા ખાતે રહેતા કંપનીના ડિરેક્ટરની ધરપકડ કરી હતી.

ડીઆરઆઈનાં સૂત્રો અનુસાર ડ્યૂટીમાં રાહત મેળવવા માટે ચીનથી પી પ્રોટીન, કોલાજન પેપ્ટાઈડ્સ વગેરે જેવી ન્યુટ્રિશન પ્રોડક્ટ્સને ગ્લાયસિન તરીકે દર્શાવાઈ હતી. બીજી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ચાર કન્સાઈન્મેન્ટ મુંબઈ આવ્યાં પછી શંકાને આધારે ડીઆરઆઈએ તપાસ કરી હતી. તપાસમાં જણાયું હતું કે આયાતી માલો વિશે ખોટી માહિતી રજૂ કરવામાં આવી હતી. ડ્યૂટી ચોરી કરવાને ઇરાદે આવું કરાયું હોવાનું ડીઆરઆઈનું કહેવું છે.

ડ્યૂટીમાં ખોટી રીતે લાભ મેળવવાના હેતુથી આયાત કરવામાં આવેલા પદાર્થનું વર્ગીકરણ અન્ય પદાર્થના નામે કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીની તપાસમાં નવ કરોડ રૂપિયાની ડ્યૂટી ચોરી કરવામાં આવી હોવાનું જણાયું છે. આયાત કરનારી કંપનીનો એક ડિરેક્ટર દૈનિક કામકાજ પર ધ્યાન આપતો હતો એટલે તેને તપાસમાં સહકાર કરવાનું જણાવવામાં આવ્યું હતું. સમન્સનું અનુસરણ કરવાને બદલે આરોપીએ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી, જે અરજી કોર્ટે છઠ્ઠી માર્ચે ફગાવી દીધી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારી અનુસાર ૧૬ મેના રોજ આયાતકારે નવ કરોડ રૂપિયા ચૂકવી દેવાની તૈયારી દાખવી હતી અને બે કરોડ સ્વૈચ્છિક રીતે જમા કરાવ્યા હતા. આખરે શનિવારે વિદેશથી મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પહોંચેલા ડિરેક્ટરને તાબામાં લેવાયો હતો. ■

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર અકસ્માતોનું પ્રમાણ ઘટ્યું

## ઇન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમને કારણે શક્ય બન્યું

મુંબઈઃ ઇન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (આઇટીએમએસ)એ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર અકસ્માતોની સંખ્યા ઘટાડવામાં મદદ કરી છે. છેલ્લા ચાર મહિનામાં સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ઓછી જાનહાનિ થઇ છે અને પંચાવન જણનાં મૃત્યુ નોંધાયા છે.

આ વર્ષે જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ૧૦ જીવલેણ અકસ્માતો થયા હતા, જેમાં ૧૧ લોકો માર્યા ગયા હતા, જ્યારે મુંબઈ-નાગપુર સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ૪૭ અકસ્માતો નોંધાયા હતા, જેમાં આ જ સમયગાળા દરમિયાન પંચાવન લોકોએ જીવ ગુમાવ્યા હતા.

રાજ્ય પરિવહન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર જુલાઈ, ૨૦૨૪થી અમલમાં મુકાયેલ આઇટીએમએસએ અકસ્માતો ઘટાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આ સાથે પેટ્રોલિંગમાં વધારો અને જનજાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યા છે.

આ સિસ્ટમ હેઠળ, ઓવરસ્પીડિંગ, ગેરકાયદેસર પાર્કિંગ, ખોટી રીતે પ્રવેશ, સીટ બેલ્ટ વગર વાહન ચલાવવું, વાહન ચલાવતી વખતે મોબાઇલ ફોનનો ઉપયોગ કરવો અને લેન કાપવા જેવા ૧૭ ઉલ્લંઘનોનું અદ્યતન સર્વેલન્સ કેમેરા અને સ્વચાલિત સિસ્ટમનો ઉપયોગ કરીને નિરીક્ષણ કરવામાં આવે છે. ■

# ચેરિટી કમિશનરની વૅબસાઇટ બંધ

## હાઇ કોર્ટે તાત્કાલિક પગલાં લેવાનો આદેશ આપ્યો

મુંબઈઃ રાજ્ય સરકાર અને ચેરિટી કમિશનર વચ્ચે એકબીજા પર જવાબદારીઓ ઢોળવાના વલણને જોઈને બોમ્બે હાઇકોર્ટે નારાજી વ્યક્ત કરી હતી. હાઇકોર્ટે મહારાષ્ટ્ર ચેરિટી કમિશનરની વેબસાઇટમાં ગંભીર સમસ્યાઓની નોંધ લઈને રાજ્ય સરકાર અને કમિશનરની ઓફિસને તાત્કાલિક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. ચેરિટી કમિશનરની ઓફિસે દાવો કર્યો હતો કે રાજ્ય સરકાર વેબસાઇટના સુચારુ સંચાલન માટે સહાય કરી રહી નથી, ત્યારે સરકારની મહારાષ્ટ્ર ઇન્ફોર્મેશન ટેક્નોલોજી કોર્પોરેશન લિમિટેડ (એમએએચએઆઈટી) એ કહ્યું હતું કે કમિશનરની ઓફિસે જરૂરી વિગતો આપી નથી, પરંતુ કોર્ટે નોંધ્યું કે ચેરિટી કમિશનરની ઓફિસે તેની વેબસાઇટ કાર્યરત હોવાનો અહેવાલ રજૂ કર્યો હતો, પરંતુ તે ખોટો હતો.

જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને અદ્વૈત સેઠનાની બેન્ચે આ મહિનાની શરૂઆતમાં આપેલા આદેશોમાં ચેરિટી કમિશનરની ઓફિસની વેબસાઇટ સંબંધિત તમામ મુદ્દાઓનું નિરાકરણ થાય તે સુનિશ્ચિત કરવા માટે એમએએચએઆઈટી સાથે સંપર્ક કરવા માટે એક અધિકારીની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો હતો. ■

# ટ્રેનના ફૂટબોર્ડ પર ઊભા રહેવાને મુદ્દે બે પ્રવાસી વચ્ચે વિવાદઃ એકે બીજાના હાથમાં બચકું ભર્યું!

મુંબઈઃ ટ્રેનની મુસાફરી દરમિયાન ફૂટબોર્ડ પર ઊભા રહેવાને મુદ્દે બે પ્રવાસી વચ્ચે જોરદાર રકઝક ચાલી હતી અને વિવાદ એટલો વકર્યો કે એક પ્રવાસીએ બીજાના હાથ પર બચકું ભર્યું હતું. સેન્ટ્રલ રેલવેની લોકલ ટ્રેનના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં બનેલી આ ઘટના પ્રકરણે થાણે રેલવે પોલીસે ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની સવારે બની હતી. ડોમ્બિવલી નજીક રહેતો ૪૮ વર્ષનો ફરિયાદી મુલુંડમાં ખાનગી કંપનીમાં કામ કરે છે. નોકરી પર જવા માટે ફરિયાદી ઠાકુર્લી રેલવે સ્ટેશનેથી ટ્રેનના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં ચડ્યો હતો. જોકે અંદર જવાને બદલે ફરિયાદી દરવાજા પાસે જ ઊભો રહ્યો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે ટ્રેન કલવા રેલવે સ્ટેશને પહોંચી ત્યારે આરોપી પણ એ જ ડબ્બામાં ચડ્યો હતો. આરોપી પણ ડબ્બામાં અંદર જવાને બદલે ફૂટબોર્ડ પર જ ઊભો રહ્યો હતો. ફરિયાદીએ તેને અંદર જવાનું કહેતાં આરોપીએ ના પાડી દીધી હતી. આ વાતને લઈ બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

કહેવાય છે કે બોલાચાલી પછી વાત ધક્કામુક્કી સુધી પહોંચતાં આરોપીએ ફરિયાદીના હાથ પર બચકું ભર્યું હતું. ત્યાર બાદ બન્ને મુલુંડ સ્ટેશને ઊતર્યા હતા અને તેમની વચ્ચેનો વિવાદ ચાલુ જ રહ્યો હતો. આ બાબતની જાણ થતાં ફરજ પર હાજર પોલીસે મધ્યસ્થી કરી હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આરોપીએ જાનથી મારવાની ધમકી આપી બ્રેસલેટથી ફરિયાદીના માથા અને આંખ પર માર માર્યો હતો.

બન્ને પ્રવાસીને થાણે રેલવે પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા હતા. સ્ટેશન પર જ ફરિયાદીની પ્રાથમિક સારવાર કરાઈ હતી. આરોપી વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તેને નોટિસ ફટકારી હતી. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| સુવિધા આપવી | ALLOCATE |
| અસ્ખલિત બોલવું | FACILITATE |
| રસ્તો બતાવવો | ARTICULATE |
| ફાળવી દેવું | ADVOCATE |
| સમર્થન કરવું | NAVIGATE |

### ઓળખાણ પડી?

વિવિધ પ્રકારના ગુલાબ સહિત ૭૦૦થી વધુ ફૂલની જાત ધરાવતું બુચાર્ટ ગાર્ડન્સ કયા દેશમાં છે એ વિકલ્પોમાંથી શોધી કાઢો.



અ) પોલેન્ડ બ) કૅનેડા ક) બલ્ગેરિયા ડ) ઓસ્ટ્રિયા

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાત સૌથી લાંબો દરિયાઈ પટ ધરાવે છે. તિથલનો દરિયા કિનારો રાજ્યના કયા વિસ્તારમાં સ્થિત છે એ જણાવો.

અ) સોમનાથ બ) પોરબંદર ક) માંડવી ડ) વલસાડ

### માતૃભાષાની મહેક

કાઠિયાવાડી ખુમારીનું વર્ણન કરતો દુહો છેઃ ભલે ઉગ્યા ભાણ, ભાણ તુમ્હારા ભાવણાં, જનમ મરણ લગ માણ, રાખો કશ્યપરાઉત. ભાણ એટલે સૂર્ય. માણ એટલે સ્વમાન, ગર્વ. સૂરજ શક્તિનું પ્રતીક છે. કાઠિયાવાડી વીર કહે છે હે કશ્યપરાઉત (સૂર્ય) આયુષ્યમાં વીરતાના પ્રદર્શનમાં ક્યાંય ઊણા ન ઊતરીએ એટલી શક્તિ આપજો.

### ઈર્શાદ

ટાઢક વળે છે દિલને મહોબતની આગથી,
જોવાને એ કમાલ, જરા તો નજીક આવ !
- અમર પાલનપુરી

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'પ્રેમના પદાર્થપાઠ પ્રકૃતિએ શીખવ્યા છે' પંક્તિમાં પ્રકૃતિ શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) પ્રસાદ બ) ગુરુ ક) નિસર્ગ ડ) અનુભવ

### માઈન્ડ ગેમ

જરી, ઝરદોરી અને હાથવણાટની સાડી માટે આપણા દેશનું કયું શહેર વિશેષ ખ્યાતિ ધરાવે છે એ કહી શકશો?

અ) ચંડીગઢ બ) ભોપાલ ક) ત્રિવેન્દ્રમ ડ) કોલ્હાપુર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગૌ | ર | ૨ વ | ૩ ગા | ન | | ૪ પ્ર | ૫ સ | ન્ન | ૬ તા |
| ણ | | ૭ ડ | ર | | ૮ ચ | | ર | | દ |
| | ૯ સ | વા | દ | | ડિ | | ૧૦ સા | ૧૦-અ દ | શ્ય |
| ૧૧ સ | મા | ન | | ૧૨ ખ | યા | લ | | ગ | |
| ર્વ | | ૧૩ લ | ૧૪ ખ | પ | તી | | ૧૫ શ | | ૧૬ સૂ |
| ૧૭ શ્રે | ય | | ૧૮ ર | ત | | ૧૯ ખ્વા | બ | | ક્ષ્મા |
| ષ્ઠ | | ૨૦ ઝ | | | ૨૧ સ | | ૨૨ વ | સ | તિ |
| | ૨૩ ખ | ર | વું | | ૨૪ વિ | ૨૫ ગ | ત | | સૂ |
| ૨૬ ક | ર | મ | | ૨૭ ક | સ્ત | ર | | ૨૮ પ | ક્ષ્મ |
| ૨૯ વિ | ચા | ર | ણા | | ૩૦ ર | જ | ક | ણ | |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ૯ | ૧૦ | | | ૧૧ | | |
| | | ૧૨ | | ૧૩ | | | | ૧૪ | |
| ૧૫ | ૧૬ | | | | | | ૧૭ | | |
| ૧૮ | | | | | | ૧૯ | | | |
| ૨૦ | | | ૨૧ | | ૨૨ | | | | ૨૩ |
| | | | ૨૪ | ૨૫ | | | ૨૬ | | |
| ૨૭ | ૨૮ | | | ૨૯ | | | | | |
| | | | ૩૦ | | | | ૩૧ | ૩૨ | |
| ૩૩ | | | | | | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. શુભ ઇચ્છનાર (૪)
૪. કલમથી કરેલું કામ (૫)
૮. વેરો, કિરણ, સૂંઢ (૨)
૯. સૂર્ય (૩)
૧૧. પૂંજી, દોલત (જો. છૂ.) (૩)
૧૩. 'દેવી પુત્ર'કહેવાતી કોમ (૩)
૧૪. દોઢ માઇલનું અંતર (૨)
૧૫. જેનો પાર નથી તે (૫)
૧૭. અરેરાટ, દુઃખનો ઉદ્‌ગાર (૩)
૧૮. ફૂલમાંની રજ (૩)
૧૯. --- કરવું એટલે પચાવવું (૩)
૨૦. બહાદુર, વીર (૨)
૨૨. સારું (૨)
૨૪. સારી ઘટના (૩)
૨૬. ભગવાન રામે શિલામાંથી- - બનાવી (૩)
૨૭. ગીત (ઊ.) (૩)
૨૯. જિંદગી (૪)
૩૦. ૨૦૨૦માં આવેલી મહામારી (૩)
૩૧. વાંધા (૩)
૩૩. જામીન તરીકેનો લેખિત કરાર (૫)
૩૪. ખરબચડી (૪)

**ઊભી ચાવી**

૧. ઘણા લોકો ---માં માનતા નથી (૩,૫)
૨. મદદ, વહાર (૨)
૩. સત્ત્વ (૨)
૪. હરોળ (૩)
૫. ઇજિપ્તમાં --- જાણીતાં છે (૨)
૬. હિમાલયનો એક ઘાટ (૫)
૭. પદ્ધતિ પ્રમાણે (૪)
૧૦. વિચારવાની એક રીત (૪)
૧૨. ભોંયરું, ઘોડો (૩)
૧૬. ગયે ત્રીજે કે આવતે ત્રીજે વર્ષે (૩)
૧૭. બકરો (૨)
૧૯. સીમા (૨)
૨૧. બ્રાહ્મણ (૨)
૨૨. સોઇ, જોગવાઇ, અનુકૂળતા (૪)
૨૩. કલ્યાણ કરનારું, શુભ (૫)
૨૫. શક્ય (૪)
૨૬. પહેલે આણે નવવધૂ સાથે આવે તે (૪)
૨૮. ઉષ્ણતામાન, તાપ, ઉકળાટ (૩)
૩૦. કૂખ, પેટ, ગર્ભાશય (૨)
૩૨. પરદો (૨)

### સુડોકુ-૮૦૯૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | ૯ | ૭ | | ૧ | ૫ | |
| | | | | ૮ | | | ૬ | |
| ૩ | | | | ૧ | | ૪ | ૮ | ૨ |
| ૫ | | ૭ | | | ૩ | | ૪ | ૬ |
| | | | | ૬ | | | | |
| ૬ | ૮ | | ૧ | | | ૨ | | ૫ |
| ૪ | ૩ | ૨ | | ૫ | | | | ૭ |
| | ૬ | | | ૯ | | | | |
| | ૯ | ૫ | | ૩ | ૮ | ૬ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૮ | ૩ | ૪ | ૫ | ૨ | ૧ | ૭ |
| ૫ | ૨ | ૪ | ૭ | ૧ | ૯ | ૮ | ૩ | ૬ |
| ૭ | ૩ | ૧ | ૮ | ૨ | ૬ | ૫ | ૯ | ૪ |
| ૨ | ૪ | ૭ | ૫ | ૬ | ૩ | ૯ | ૮ | ૧ |
| ૮ | ૧ | ૬ | ૨ | ૯ | ૪ | ૩ | ૭ | ૫ |
| ૩ | ૫ | ૯ | ૧ | ૮ | ૭ | ૬ | ૪ | ૨ |
| ૪ | ૭ | ૩ | ૯ | ૫ | ૨ | ૧ | ૬ | ૮ |
| ૧ | ૬ | ૫ | ૪ | ૩ | ૮ | ૭ | ૨ | ૯ |
| ૯ | ૮ | ૨ | ૬ | ૭ | ૧ | ૪ | ૫ | ૩ |

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| મિલનસાર | AFFABLE |
| મોહક | CHARMING |
| માયાળુ | CONSIDERATE |
| કંટાળાજનક | BORING |
| સંનિષ્ઠ | SINCERE |

ગુજરાત મોરી મોરી રે: થાનગઢ

ઓળખાણ પડી?: બોસ્ટન

માઈન્ડ ગેમ: મેરઠ

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: દેહ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) ભારતી બુચ (૪) મુલરાજ કપૂર (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) હર્ષા મહેતા (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) લજીતા ખોના (૧૧) નિખિલ બંગાળી (૧૨) અમીશી બંગાળી (૧૩) મહેન્દ્ર લોઢાવિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ દોશી (૧૬) જ્યોતી ખાંડવાલા (૧૭) ભાવના કર્વે (૧૮) નૂતન વિપીન શાહ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) જયવંત પદમશી ચિખલ (૨૨) અલકા વાણી (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬) વણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) પ્રવીણ વોરા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) નિતીન જયંતીલાલ બજરિયા (૩૧) સુભાષ મોમાયા (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) પુષ્પા ખોના (૩૪) નિતા દેસાઈ (૩૫) કિશોર બી. સંઘરાજકા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જગદીશ ઠક્કર (૩૮) અરવિંદ કામદાર (૩૯) મહેશ સંઘવી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) રમેશ દલાલ (૪૪) ધીરેન ઉદ્દેશી (૪૫) ગીતા ઉદ્દેશી (૪૬) પ્રતિમા પ્રમાણી (૪૭) જયવંત પદમશી ચિખલ

# કભી ઉપર કભી નીચેઃ આ સપ્તાહ રોકાણકારોની ધીરજની કસોટી કરશે, તેજીની આગેકૂચ માટે નિફ્ટીમાં ૨૫,૧૫૦ની સપાટી નિર્ણાયક

ફોરકાસ્ટ
નિલેશ વાઘેલા

ભારતીય શેરબજારે સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહે કભી ઉપર કભી નીચેના ખેલ સાથે રોકાણકારોને ઊભે પગે રાખ્યા હતા અને આગળ જતાં આંતરરાષ્ટ્રીય મોરચે કેવી રમતો રમાય છે, તેના પર બજારની ચાલનો આધાર રહેશે. સ્થાનિક ધોરણે ભારતીય અર્થતંત્ર મજબૂત છે અને જાપાનને ખસેડીને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાનું સ્થાન પણ મેળવી લીધું છે.

આ અઠવાડિયે ભારતીય શેરબજારમાં ભારે અસ્થિરતા જોવા મળી, જેનું મુખ્ય કારણ વૈશ્વિક બોન્ડ બજારોમાં ઉથલપાથલ હતી. જોકે સપ્તાહની શરૂઆત મજબૂત રહી હતી, પરંતુ યુએસ બોન્ડ હરાજીને મળેલા નબળા પ્રતિસાદ અને વધતી ટ્રેઝરી યીલ્ડને કારણે ભારતીય ઇક્વિટીમાં સપ્તાહના મધ્યમાં તીવ્ર વેચાણ જોવા મળ્યું હતું. યુએસ અને જાપાન બંનેમાં વધતા યીલ્ડે રોકાણકારોને ઉભરતા બજારોમાંથી સુરક્ષિત સંપત્તિ તરફ એફઆઇઆઇના સંભવિત સ્થળાંતર અંગે ચિંતા વધારી છે.

ટ્રમ્પની અવળચંડી અમેરિકન સરકાર દ્વારા અમેરિકન કંપનીઓને ચીનમાં બનાવેલી એઆઇ ચિપ્સ, ખાસ કરીને હુઆવેઇ ટેક્નોલોજીસનીનો ઉપયોગ બંધ કરવા અપાયેલા નિર્દેશથી તણાવ વધ્યો છે. આના પ્રત્યાઘાતમાં ચીનના વાણિજ્ય મંત્રાલયે આ પગલાને એકપક્ષીય ગુંડાગીરી ગણાવી, અમેરિકા પર વેપાર વાટાઘાટોને નબળી પાડવાનો આરોપ લગાવ્યો અને કડક પ્રતિઘાતી પગલાં લેવાની પ્રતિજ્ઞા જાહેર કરી છે. આ ઘટનાક્રમને કારણે રોકાણકારો એવું માનવા લાગ્યા છે કે ટેરિફ વાટાઘાટો અગાઉની અપેક્ષા કરતાં વધુ લાંબો સમય સુધી ચાલી શકે છે, જે બજારના સેન્ટિમેન્ટને વધુ નબળી પડી શકે છે.

પાછલા કેટલાક દિવસોમાં એફઆઇઆઇની ભારે વેચવાલી છતાં, ભારતીય બજારમાં સ્થિતિસ્થાપકતા જોવા મળી, જેને ડીઆઇઆઇ અને રીટેલ ઇન્વેસ્ટર્સ દ્વારા મજબૂત ખરીદીનો ટેકો મળ્યો હતો. જે ભારતના લાંબા ગાળાના વિકાસની સંભાવનાઓમાં સતત વિશ્વાસ દર્શાવે છે. સામાન્ય ચોમાસાની અપેક્ષાઓ, જે કૃષિ ઉત્પાદકતા માટે અનુકૂળ છે અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાથી ફુગાવાના દબાણને કાબુમાં રાખવાની શક્યતા છે. નરમ ફુગાવાનો અંદાજ ડીઆઇઆઇને તેના અનુકૂળ નાણાકીય નીતિ વલણને જાળવી રાખવા માટે વધુ સુગમતા પૂરી પાડે છે અને તે આર્થિક વિકાસને ટેકો આપવા માટે વ્યાજ દરમાં ઘટાડાનો માર્ગ મોકળો કરી શકે છે.

આગળ જોતાં, રોકાણકારો આગામી ભારતીય જીડીપીના આંકડાઓ, યુએસ બિગ બજેટ, ફુગાવાના ડેટા અને સાપ્તાહિક રોજગારીના દાવાઓ પર નજીકથી નજર રાખશે, જેથી સ્થાનિક અને વૈશ્વિક સ્તરે આર્થિક સુધારાની મજબૂતાઈ અને માર્ગનું મૂલ્યાંકન કરી શકાય.

રિઝર્વ બેન્ક તરફથી વિક્રમી ડિવિડન્ડની ચૂકવણીને કારણે સરકારને રાજકોષીય ટેકો મળશે એવી ધારણાં વચ્ચે ભારતીય બોન્ડ યીલ્ડમાં ઘટાડો જોવા મળ્યો છે. રોકાણકારોનું ધ્યાન અમેરિકા અને ભારતની વેપાર વાટાઘાટો અને મજબૂત સ્થાનિક મેક્રોઇકોનોમિક સંકેતો પર વધુ કેન્દ્રિત છે. જો કે, વધતા યુએસ દેવાની ચિંતાઓ વચ્ચે વધી રહેલા યુએસ બોન્ડ યીલ્ડને કારણે તાજેતરના નોંધાયેલો એફઆઇઆઇનો આઉટફ્લો બજારના સેન્ટિમેન્ટ પર દબાણ લાવી શકે છે.

ટોચના બજાર વિશ્લેષકે કહ્યું હતું કે, માર્ચના નીચા સ્તરેથી ૧૪ ટકાના ઘટાડા પછી બજાર દિશા શોધવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. એવું લાગે છે કે આ તેજીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર વિદેશી સંસ્થાકીય રોકાણકાર (એફઆઇઆઇ)ની સતત લેવાલીને હવે બ્રેક લાગી ગઈ છે. આ મહિનાની ૨૦મી અને ૨૨મી તારીખે નોંધાયેલું એફઆઇઆઇનું મોટું વેચાણ સૂચવે છે કે જો વૈશ્વિક વાતાવરણ પ્રતિકૂળ બનશે તો વિદેશી ફંડો ફરીથી વેચાણકર્તા બની શકે છે.

યુએસ અને જાપાનમાં બોન્ડ યીલ્ડમાં તીવ્ર વધારાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે કેટલીક ચિંતાઓ ઉભી થઈ છે. ખાસ કરીને યુએસ બોન્ડ યીલ્ડમાં ૩૦ વર્ષની યીલ્ડમાં ૫.૧૪ ટકાના સ્તરનો અને ૧૦ વર્ષની યીલ્ડ ૪.૫૨ ટકાની સ્તર સુધીનો સાથે તીવ્ર વધારો અમેરિકાના કરજના સ્તર અને વૈશ્વિક નાણાકીય બજારો પર તેના ઘટાડાને લગતી ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે. હવે એમાંથી તે કેવી રીતે બહાર આવે છે તે જોવાનું બાકી છે.

બજારના દૃષ્ટિકોણથી આશાસ્પદ બાબતમાં ભારતની મજબૂત અર્થવ્યવસથા, ખાસ કરીને સ્થિતિસ્થાપક વૃદ્ધિ અને ઘટતો ફુગાવો અને હળવા વ્યાજ દરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચોમાસા માટે સારા વરસાદની આગાહી પમ અર્થતંત્રને પોષક છે. ક્રૂડ ઓઇલના ભાવ પણ વધતેઓછે અંશે નીચા રહેવાની આશા છે. બજાર નબળું પડે ત્યારે પણ સ્થાનિક માગ આધારિત સેગમેન્ટ્સ જેમ કે નાણાકીય, ટેલિકોમ, ઉડ્ડયન વગેરે સ્થિતિસ્થાપક હોય છે.

અગ્રણી ટેક્નિકલ એનાલિસ્ટે કહ્યું હતું કે, નિફ્ટી ઇન્ડેક્સ પાછલા અઠવાડિયા દરમિયાન ભારે અફડાતફડીમાંથી પસાર થયો હતો, જોકે તે ફક્ત ૦.૬૭ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. આમ છતાં મહત્ત્વની બાબત એ કે તે પોતાનું સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યો હોવાથી ફરી એકવાર તેજીનો માહોલ સર્જાયો અને રોકાણકારોમાં ફરી આત્મવિશ્વાસ જાગૃત થયો. નિફ્ટી ૨૪,૫૦૦ની ઉપર રહે ત્યાં સુધી ચિંતા નથી પરંતુ ૨૪,૮૦૦થી ૨૫,૦૦૦નો ઝોન જોખમી છે. નિફ્ટીએ તેજીની નવી છલાંગ માટે ૨૫,૧૫૦ની સપાટી ઓળંગવી અનિવાર્ય છે.

પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ વધી રહી છે. આજે ૨૬મી મેના રોજ મેઇન બોર્ડમાં બે ભરણાં આવી રહ્યાં છે, જેમાં એજિસ વોપેક ટર્મિનલ્સ અને સ્કલોસ બેંગોલર લિમિટેડનો સમાવેશ છે. જ્યારે તે પછીના દિવસે ૨૭મીએ એસએમઇ સેગમેન્ટમાં બે આઇપીઓ પ્રવેશી રહ્યાં છે અને ૨૮મીએ સ્કોડા ટ્યૂબનો મેઇન બોર્ડ ઇશ્યૂ આવી રહ્યો છે. સેન્સેક્સમાં જૂન મહિનાથી નેસ્લે ઇન્ડિયા અને ઇન્ડસઇન્ડ બેન્કને બાકાત કરવામાં આવશે અને તેને સ્થાને ટાટાની કંપની ટ્રેન્ટ અને સરકારી કંપની બીઇએલને સ્થાન મળશે.

હાઇ વોલ્ટેજ ટ્રાન્સમિશન અને વિતરણ પ્રોજેક્ટ્સમાં વિશેષતા ધરાવતી ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની એચઇસી ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૪૬.૬૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૧૩.૧૫ કરોડની કુલ આવક, ૭૪.૨૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૫ કરોડનો એબિટા અને ૯૫.૯૯ ટકાના વધારા સાથે રૂ. ૯.૨૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

અદાણી ઉત્તરપૂર્વ પ્રાંતમાં ગ્રીન એનર્જી, રોડ કન્સ્ટ્રકશન અને ડિજીટલ ઇન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે ૧૦ વર્ષમાં વધુ રૂ. ૫૦,૦૦૦ કરોડનું રોકાણ કરશે. આ આસામના પ્રસ્તાવિત રૂ. ૫૦,૦૦૦ના રોકાણ સાથે કુલ આંકડો એક લાખ કરોડનો થાય છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે નોર્થ ઇસ્ટમાં રૂ. ૭૫,૦૦૦ કરોડની રોકાણ યોજના જાહેર કરી છે. વેદાંતે ઉત્તરપૂર્વમાં ઓઇલ અને ગેસ, મહત્વપૂર્ણ ખનિજો અને અન્ય ક્ષેત્રોમાં રૂ. ૩૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

બુલિયન પ્રોડક્ટ્સમાં સ્પેશિયાલિટી ધરાવતી અગ્રણી જ્વેલરી કંપની ખઝાંચી જ્વેલર્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૫ના બીજા છ મહિનાના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં ૧૪૪.૬૦ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૦૧૬.૦૧ કરોડની કુલ આવક, ૧૧૪.૮૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૪.૯૩ કરોડનો ચોખ્ખો નફો અને ૭૧.૮૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૬.૧૨ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

પીબી પાર્ટનરના હેલ્થ ઇન્સ્યુરન્સ બિઝનેસએ મહારાષ્ટ્રમાં બાવન ટકાનો વિકાસ સાધ્યો છે અને ઓપીડી, મેટરનિટી તથા સિનિયર સિટીઝન પ્લાનનની વધતી માગ વચ્ચે ૬૦૦૦ એજન્ટ સાથે મુંબઇ ટોચ પર છે. કંપની નાણાકીય વર્ષ ૨૦૨૬માં મહારાષ્ટ્રનો એજન્ટ બેઝ ત્રણ ગણો વિસ્તારવાની યોજના ધરાવે છે.

સમગ્ર આફ્રિકામાં વ્યાપક કામગીરી ધરાવતી હેલ્થકેર સર્વિસ પ્રોવાઇડર યુનિહેલ્થ હોસ્પિટલ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૫ના પાછલા છ મહિનાના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં ૨૦.૫૬ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૩૩.૧૫ કરોડની કુલ આવક, ૬૩.૪૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૯.૯૧ કરોડનો ચોખ્ખો નફો અને ૫.૧૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૧.૯૧ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

બીઇએમએલનો ચોથા ક્વાર્ટરનો નફો ૧૨ ટકા વધીને રૂ. ૨૮૭.૫૫ કરોડ થયો છે. એલેમ્બિક ફાર્માને બ્લડ પ્રેશરની સારવાર માટે વપરાતા જેનેરિક ડ્રગ માટે મંજૂરી મળી ગઇ છે. ઇર્કોન ઇન્ટરનેશનલના ચોથા ત્રિમાસિક્ના નફામાં વાર્ષિક ધોરણે ૧૪ ટકાનો કડાકો નોંધાયો છે. એલ્યુમિનિયમના મજબૂત ભાવને કારણે નાલ્કોનો ચોથા ત્રિમાસિકનો નફો બમણો થઈને રૂ. ૨,૦૬૭ કરોડ નોંધાયો છે. ઓએનજીસીના ચોથા ત્રિમાસિક નફામાં વાર્ષિક ધોરણે ૩૫ ટકાનો તોતિંગ ઘટાડો નોંધાયો છે.

એનએસઇના આઇપીઓ અંગે સેબી ચીફે જણાવ્યું છે કે બાકી રહેલા તમામ મુદ્દાનો ટૂંક સમયમાં જ હલ કાઢવામાં આવશે. કનોડિઆ સિમેન્ટે સેબી પાસે આઇપીઓ દસ્તાવેજ જમા કરાવ્યા છે. ટીસીએસને જાહેર ક્ષેત્રની ટેલિકોમ કંપની બીએસએનએલ તરફથી રૂ. ૨૯૦૩.૨૨ કરોડનો એડ ઓન એડવાન્સ પરચેઝ ઓર્ડર પ્રાપ્ત થયો છે. જાહેર ક્ષેત્રની હાઇડ્રોપાવર ડેવલપર, એનએચપીસીએ ચોથા ક્વાર્ટરમાં બાવન ટકાના વધારા સાથે રૂ. ૯૧૯ કરોડનો નફો નોંધાવ્યો છે. જોકે, ૨૦૨૫ના નાણાકીય વર્ષમાં તેનો નફો ૧૫ ટકા ઘટ્યો છે. કોન્ટિનેન્ટલ પેટ્રોલિયમનો નફો ૭૬ ટકા ઘટીને રૂ. ૩૪ લાખ નોંધાયો છે. ■

## શૅરબજારની તેજી પાછળ નવ આઈપીઓ સાથે પ્રાઈમરી માર્કેટની હલચલમાં વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારને કળ વળવા સાથે મૂડીબજારમાં પણ સળવળાટ વધી રહ્યો છે. પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ વધી રહી છે. આ સપ્તાહે નવ આઇપીઓ આવી રહ્યાં છે, જેમાંથી ચાર મેઇનબોર્ડના અને બાકીના એસએમઇ સેગમેન્ટમાં આવી રહ્યાં છે. વાસ્તવમાં ચાલુ વર્ષમાં આ પહેલી વાર એવું બનશે, જ્યારે મેઈનબોર્ડ સેગમેન્ટમાંથી એક જ અઠવાડિયામાં ચાર પબ્લિક ઇશ્યૂ ખુલી રહ્યા છે.

પાછલા ઓક્ટોબરથી શેરબજારમાં જામેલા નિરસ હવામાન અને ભૌગોલિક રાજકીય તણાવ અને વેપાર યુદ્ધ જેવી વૈશ્વિક ચિંતાઓ હળવી થયા પછી એપ્રિલના બીજા અઠવાડિયાથી બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે, જેને કારણે પ્રાથમિક બજારનો મૂડમાં સુધારો જોવા મળ્યો છે.

૨૬ મેથી શરૂ થતા આગામી સપ્તાહે પ્રાથમિક બજાર વ્યસ્ત રહેશે કારણ કે ૬,૯૦૦ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના કુલ નવ પ્રારંભિક જાહેર ઓફર (આઇપીઓ) દલાલ સ્ટ્રીટમાં પ્રવેશ કરી રહ્યા છે. હકીકતમાં, ચાલુ વર્ષમાં પહેલી વાર મેઈનબોર્ડ સેગમેન્ટમાંથી ચાર પબ્લિક ઇશ્યૂ એક જ અઠવાડિયામાં ખુલી રહ્યા છે. અ અગાઉ છેલ્લે ડિસેમ્બર ૨૦૨૪માં આવું જોવા મળ્યું હતું.

ભૌગોલિક રાજકીય તણાવ અને વેપાર યુદ્ધ સહિતની ચિંતાઓ હળવી થયા પછી એપ્રિલના બીજા અઠવાડિયાથી બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. એપ્રિલના નીચલા સ્તરથી અત્યાર સુધીમાં બેન્ચમાર્ક નિફ્ટી ૫૦ ઇન્ડેક્સના સ્તરમાં ૧૪ ટકા વધ્યો છે અને નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સમાં ૨૦ ટકાથી વધુનો વધારો થયો છે.

બજારના સેન્ટિમેન્ટમાં સુધારો અને વૈશ્વિક સંકેતોને સ્થિર કરવાથી લગભગ ચાર મહિનાની મંદી પછી ભારતનું આઇપીઓ બજાર ફરી મજબૂત થઈ રહ્યું છે. વિશ્લેષકોના મતે, મોટાભાગની કંપનીઓ સામાન્ય મૂલ્યાંકન પસંદ કરી રહી છે અને વર્તમાન રોકાણકારોની ભૂખને અનુરૂપ તેમના ઓફર-ફોર-સેલ હિસ્સાને ઘટાડી રહી છે.

નિષ્ણાતો માને છે કે જો સેન્ટિમેન્ટ સકારાત્મક રહેશે તો આગામી મહિનાઓમાં લોન્ચ થનારા આઇપીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ શકે છે,કારણ કે એલજી ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડિયા, એસકે ફાઇનાન્સ, એનએસડીએલ, એવેન્સ ફાઇનાન્શિયલ સર્વિસીસ, એરિસઇન્ફ્રા સોલ્યુશન્સ, કલ્પતરુ, ટ્રુઆલ્ટ બાયોએનર્જી, વિક્રાન એન્જિનિયરિંગ, રેગ્રીન, સોલારવર્લ્ડ એનર્જી સોલ્યુશન્સ, એસએમપીપી, બ્રિગેડ હોટેલ વેન્ચર્સ, ઇન્ડિક્યુબ સ્પેસ, ક્રિઝાક, સીઆઈઈએલ એચઆર સર્વિસીસ, ટ્રાવેલ ફૂડ સર્વિસીસ, ઓયે ફાઇનાન્સ, એન્થેમ બાયોસાયન્સિસ, જારો ઇન્સ્ટિટ્યૂટ, કેડિલા ફાઇનાન્શિયલ, શ્રી લોટસ ડેવલપર્સ અને કેલિબર માઇનિંગ સેબીની મંજૂરી સાથે તૈયાર છે.

આ ઉપરાંત બજારના વિશ્લેષકે જણાવ્યું હતું કે, ઝેપ્ટો, પાઈનલેબ્સ, લેન્સકાર્ટ અને ફોનપે જેવા સ્ટાર્ટઅપ્સ સહિત ૮૦થી વધુ કંપનીઓ આઈપીઓ મંજૂરીના વિવિધ તબક્કામાં છે. બજાર નિયામક સેબીએ લાંબા સમયથી વિલંબિત એનએસઈ આઈપીઓ અંગેની બાકી રહેલી ચિંતાઓનો ઉકેલ આવવાની આશા બંધાવતો સંકેત આપ્યો છે. જો સ્થિરતા ચાલુ રહે, તો સપ્ટેમ્બર ૨૦૨૫ અને ફેબ્રુઆરી ૨૦૨૬ વચ્ચે લિસ્ટિંગનો મજબૂત મોજો આવવાની અપેક્ષા છે.

અગ્રણી બ્રોકિંગ હાઉસના રિસર્ચ એનાલિસ્ટના મતે, નોંધપાત્ર બાબત એ છે કે ઓટો કમ્પોનન્ટ્સ અને હોસ્પિટાલિટીથી લઈને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્સટાઇલ સુધીના ક્ષેત્રોમાં વિવિધતા છે, જે વ્યાપક કોર્પોરેટ આશાવાદનો સંકેત આપે છે. જો આ ગતિ જળવાઈ રહે છે, તો આપણે તાજેતરના વર્ષોમાં પ્રાથમિક બજારો માટે સૌથી મજબૂત ક્વાર્ટરમાંના એક ક્વાર્ટર તરફ આગળ વધી રહ્યાં છીએ. ■

## માર્કેટ કેપમાં ₹ ૮૮ હજાર કરોડનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન ભારે ઊથલપાથલ જોવા મળી હતી. કભી ઉપર કભી નીચેના કેલમાં ખાસ કરીને રિયલ્ટી શેરો ઝડપથી વધ્યા હતા, જ્યારે ક્ન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સમાં સૌથી વધી ધોવાણ જોવા મળ્યું હતું. જોકે, એકંદરે બીએસઇના માર્કેટ કેપમાં માત્ર રૂ. ૮૮ હજાર કરોડનો ઘટાડો નોંધાયો હતો.

૨૩ મે, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ગત સપ્તાહના શુક્રવારના ૮૨,૩૩૦.૫૯ના બંધથી ૬૦૯.૫૧ પોઈન્ટ્સ (૦.૭૪ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૧૯ મે, સોમવારે ૮૨,૩૫૪.૯૨ ખૂલી એ જ દિવસે ઊંચામાં ૮૨,૪૨૪.૧૦ સુધી અને ૨૨ મે, ગુરુવારે નીચામાં ૮૦,૪૮૯.૯૨ સુધી જઈને અંતે ૮૨,૩૩૦.૫૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૪૧.૯૬ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ. ૪૪૨.૮૪ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૦.૮૮ લાખ કરોડનો ઘટાડો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ સ્મોલકેપ (૦.૯૩ ટકા) વધ્યો હતો, જ્યારે બીએસઈ ૧૦૦ (૦.૫૫ ટકા), બીએસઈ ૨૦૦ (૦.૫૪ ટકા), બીએસઈ ૫૦૦ (૦.૪૦ ટકા) અને બીએસઈ મિડકેપ (૦.૩૨ ટકા) ઘટ્યા હતા.

સેક્ટોરલ ઇન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન રિયલ્ટી ૨.૫૪ ટકા, પીએસયુ બેન્ક ૧.૩ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૪૯ ટકા, મેટલ ૦.૩૯ ટકા, હેલ્થકેર ૦.૧૭ ટકા, અને પીએસયુ ૦.૧૨ ટકા વધ્યા હતા, જ્યારે કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૧૮ ટકા, ઓટો ૧.૭ ટકા, આઈટી ૧.૨૩ ટકા, ટેક ૦.૮ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૦.૭૩ ટકા, એફએમસીજી ૦.૭૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૬૮ ટકા, પાવર ૦.૧૧ ટકા અને બેન્કેક્સ ૦.૦૧ ટકા ઘટ્યા હતા.

આઈપીઓ ૦.૭૬ ટકા અને એસએમઈ આઈપીઓ ૫.૩૨ ટકા વધ્યો હતો. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં સ્ટીલ ૩.૩૫ ટકા, ઈન્ડસ ઈન્ડ બેન્ક ૧.૩૯ ટકા, ભારતી એરટેલ ૦.૯૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૭૯ ટકા અને એનટીપીસી ૦.૩૯ ટકા ઊછળ્યો હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરમાં મારુતિ ૪.૩૫ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૪.૦૫ ટકા, ઈટર્નલ ૩.૫૦ ટકા, સન ફાર્મા ૩.૦૭ ટકા અને ટેક મહિન્દ્ર ૨.૨૫ ટકા ગબડ્યો હતો.

એ ગ્રુપની ૭૧૩ કંપનીઓમાંથી ૩૫૦ કંપનીઓના ભાવ વધ્યા, ૩૬૧ કંપનીઓના ભાવ ઘટ્યા અને બેના સ્થિર રહ્યા હતા. જ્યારે બી ગ્રુપની ૧,૨૭૫ કંપનીઓમાંથી ૬૬૦ કંપનીઓના ભાવ વધ્યા, ૬૦૩ કંપનીઓના ભાવ ઘટ્યા અને ૧૨ કંપનીઓના ભાવ સ્થિર રહ્યા હતા.

## સેબીના અંકુશો બાદ ડેરિવેટીવ્ઝમાં નાના રોકાણકારોમાં ૪૯ ટકા ઘટાડો

મુંબઈઃ મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા ડેરિવેટીવ્ઝ સેગ્મેન્ટમાં નાના રોકાણકારોની ખુવારીને રોકવા સખ્ત પગલાં લેવાયા બાદ આ સેગ્મેન્ટમાં ઓછી મૂડી ધરાવતા નાના રોકાણકારો-ટ્રેડરોની હિસ્સેદારીમાં ઘટાડો થયો હોવાનું રેટિંગ એજન્સી ઈકરાના રિપોર્ટમાં જણાવાયું છે.

માર્ચ મુજબ નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)માં રૂ. ૧૦,૦૦૦થી ઓછા માસિક પ્રીમિયમ ટર્નઓવર સાથેના રોકાણકારોની સંખ્યામાં વાર્ષિક ધોરણે ૪૯ ટકા સુધી ઘટાડો થયો છે. જ્યારે રૂ. ૧૦,૦૦૦થી રૂપિયા એક લાખ સુધીના ટર્નઓવર ધરાવનારામાં ૩૭ ટકા ઘટાડો થયો હોવાનું આ રિપોર્ટમાં જણાવાયું છે.

મૂડી બજાર નિયામક તંત્ર સેબી દ્વારા દેશના ૯૦ ટકાથી વધુ ટ્રેડરો ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (એફ એન્ડ ઓ)માં નુકશાની કરી રહ્યાના અભ્યાસના ચોંકાવનારા તારણ બાદ એફ એન્ડ ઓમાં નાના ટ્રેડરોના પ્રવેશને રોકવા માટે કોન્ટ્રેક્ટ લોટ સાઈઝમાં વધારો કરાયા સાથે વિક્લી એક્સપાયરીમાં પણ ફેરફાર કરાયો હતો.

ઈકરાના રિપોર્ટ મુજબ તેનાથી વિપરીત, વધુ માસિક પ્રીમિયમ ટર્નઓવર ધરાવતા રોકાણકારોની સંખ્યા પર પ્રમાણમાં ઓછી અસર પડી હતી. ઓછા ટર્નઓવર રેન્જમાં રોકાણકારોની સંખ્યામાં ઘટાડો થવાથી પ્રીમિયમ એડીટીઓ (સરેરાશ દૈનિક ટર્નઓવર)માં ઘટાડો થયો છે, ખાસ કરીને રૂ.૧ લાખથી ઓછા માસિક પ્રીમિયમ ટર્નઓવર ધરાવતા જૂથો માટે આ જોવાયું હોવાનું ઈકરાએ નોંધ્યું છે.

આ સાથે ઉમેર્યું છે કે, માર્જિન ટ્રેડિંગ ફંડ (એમટીએફ)ના એક્સપોઝરમાં, જે પાછલા વર્ષોમાં સતત વૃદ્ધિ જોવા મળી હતી, તે ત્રિમાસિકગાળામાં ૧૮ ટકા ઘટ્યું હતું. જેની અસર સિક્યુરિટીઝ બ્રોકિંગ કંપનીઓની કામગીરી પર જોવા મળી હતી. ■

## ડિફેન્સ મ્યુ. ફંડ્સમાં એક મહિનામાં ૧૬ ટકાથી ૨૩ ટકા સુધીનું વળતર

મુંબઇઃ ભારતીય સંરક્ષણ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરતા મ્યુચ્યુઅલ ફંડ્સમાં પાછલા એક મહિનામાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે. આ ફંડોએ ૧૬ ટકાથી ૨૩ ટકા સુધીનું વળતર આપ્યું છે, જે રોકાણકારોના વધતા વિશ્વાસ અને ભૂરાજકીય ઘટનાઓની અસરને પ્રતિબિંબિત કરે છે. ખાસ કરીને, ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામની બૈસરન ખીણમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂરએ ફરી એકવાર સંરક્ષણ ક્ષેત્ર ચર્ચામાં આવ્યું છે. આ સાથે, આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ સરકારની મેક ઇન ઇન્ડિયા નીતિઓ અને સ્થાનિક સંરક્ષણ ઉત્પાદનને પ્રાથમિકતા આપતા નિર્ણયોએ આ ભંડોળ તરફ રોકાણકારોનો ઝોક વધુ વધાર્યો છે.

છ મહિનામાં ડિફેન્સ મ્યુચ્યુઅલ ફંડ્સમાં ઘણી અસ્થિરતા જોવા મળી છે. આ ફંડ્સ ડિસેમ્બર ૨૦૨૪માં ટોચ પર પહોંચ્યા હતા, પરંતુ ૨૦૨૫ની શરૂઆતમાં તેમાં ઘટાડો થયો હતો. જોકે, એપ્રિલમાં રોકાણકારોનો મત બદલાયો અને મે મહિનામાં આ ફંડ્સમાં ૧૬ ટકાથી ૨૩ ટકા સુધીનો મોટો વધારો જોવા મળ્યો છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, ડિફેન્સ મ્યુચ્યુઅલ ફંડ્સ એ સેક્ટર-સ્પેસિફિક ફંડ્સ છે અને અન્ય ફંડ્સ (જેમ કે ડિફેન્સને પેટા-સેગમેન્ટ તરીકે રાખીને ફંડ્સનું ઉત્પાદન) કરતાં વધુ અસ્થિર હોઈ શકે છે. જે રોકાણકારો લાંબા ગાળામાં એટલે કે પથી ૧૦ વર્ષમાં મૂડી વૃદ્ધિનું લક્ષ્ય રાખે છે અને જેઓ ભારતની આત્મનિર્ભરતા તરફની ગતિમાં વિશ્વાસ રાખે છે.

ડિફેન્સ મ્યુચ્યુઅલ ફંડ્સ પસંદગીના શેરોમાં રોકાણ કરે છે, તેથી જોખમ વધારે હોય છે. તેઓ, ક્ષેત્રીય અથવા થીમેટિક ફંડ્સ સામાન્ય રીતે ખૂબ જ મર્યાદિત સંખ્યામાં શેરોમાં રોકાણ કરે છે. સંરક્ષણ સૂચકાંકના કિસ્સામાં આ વધુ સાચું છે, જ્યાં ટોચના ત્રણ શેરો જ સૂચકાંકના ૫૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે અને ટોચના પાંચ શેરો મળીને ૭૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. ■

## વિવિધ કરવેરાને સંયુક્ત રીતે એક જ વેરામાં ફેરવવાની વેપારી વર્ગની અપીલ

મુંબઈઃ વેપારી સમુદાયે વિવિધ પ્રકારના કરવેરાનું સ્થાન એક જ સંયુક્ત વેરાને આપવાની સરકારને અપીલ કરી છે. આવકવેરો, જીએસટી, વેટ, એક્સાઈઝ ડ્યુટી, કસ્ટમ ડ્યૂટી, પ્રોપર્ટી ટેક્સ, એમસીએ આરઓસી, પ્રોફેશનલ ટેક્સ, સ્ટેમ્પ ડ્યૂટી વગેરે નાબૂદ કરીને તેને બદલે વનટાઈમ પ્રોપર્ટી ટેક્સ લેવાનું સૂચન કર્યું છે.

ભારત સરકારનું બજેટ રૂ. ૫૭ લાખ કરોડ આસપાસનું હોય છે. આમાં રૂ. ૪૦ લાખ કરોડની રેવન્યુ અંદાજાય છે અને રૂ. ૧૭ લાખ કરોડની ખાધ રહે છે. ભારતમાં અંદાજે ૧૦,૦૦૦ કરોડ ચો. ફિટ કોમર્શિયલ ઑરિયા છે. આના પર ચો. ફિટ દીઠ રૂ. ૭૦૦ વનટાઈમ ટેક્સ લાદવાથી રૂ. ૭૦ લાખ કરોડ ભેગા કરી શકાશે, જે બજેટની જોગવાઈથી વધુ હશે.

વર્તમાન ટેક્સ પ્રણાલી વધુ જટિલ હોવાથી ભ્રષ્ટાચાર અને હેરાનગતિ વધે છે. આ બાબતને સુબોધ જયપ્રકાશ નામના વેપારીએ ટેક્સ ફ્રી ઇન્ડિયા નામે ફિલ્મ બનાવીને સોશિયલ મિડિયા પર રજૂ કરી છે. તેઓ માને છે કે જો સરકાર આ નવી પ્રણાલી અપનાવશે તો સરકારને આવક સિંગલ સ્રોતથી ઍડવાન્સમાં મળશે. વિકાસકાર્યોને વેગ મળશે અને વેપારીઓની હેરાનગતિ અટકશે અને કાળું નાણું ઓછું થઈ જશે. ■

## ચીનને પાછળ મૂકી ભારત ક્રુડનો સૌથી મોટો વપરાશકાર દેશ બનશે

મુંબઈ : ક્રુડ ઓઇલની માગમાં વૌશ્વિક સ્તરે ચીનની જે અત્યારસુધી સર્વોપરિતા જોવા મળતી હતી તે સર્વોપરિતા હવે ભારત તરફ વળવાની શકયતા જોવાઈ રહી છે અને વિશ્વમાં ભારત ક્રુડ તેલનો સૌથી મોટો વપરાશકાર દેશ બનવાની તૈયારીમાં હોવાનું મૂડી'સના એક રિપોર્ટમાં જણાવાયું હતું.

આગામી એક દાયકામાં ક્રુડ તેલની વૈશ્વિક માગમાં ભારત ચીનથી આગળ નીકળી જશે અને ક્રુડ તેલની માગમાં વૃદ્ધિમાં મુખ્ય ભૂમિકા ભારતની રહેશે. આર્થિક મંદી ઉપરાંત વીજ વાહનોના વધી રહેલા વપરાશને કારણે ચીનમાં ક્રુડ તેલની માગ મંદ પડી રહી છે જ્યારે ઝડપી ઔદ્યોગિકીકરણ, માળખાકીય ક્ષેત્રના વિકાસ અને વાહનોની સંખ્યામાં વધારાને કારણે ભારતમાં ઈંધણ માગ વધી રહી છે.

આગામી ૩-૫ વર્ષમાં ચીનમાં ક્રુડ વપરાશ તેની ટોચે પહોંચી ગયો હશે જ્યારે ભારતમાં આ ગાળામાં વાર્ષિક ૩થી ૫ ટકાની વૃદ્ધિ જોવા મળશે એમ પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ભારતના આર્થિક વિકાસ દરની ગતિ મંદ પડવાનું નામ લેતી નથી. ૨૦૨૫માં આર્થિક વિકાસ દર ૬.૩૦ ટકા અને ૨૦૨૬માં ૬.૫૦ ટકા રહેવા ધારણાં છે. જી-૨૦ દેશોના વિકાસ ચાર્ટમાં ભારત હાલમાં ટોચ પર છે. માત્ર ક્રુડ ઓઈલ જ નહીં ગેસની વૈશ્વિક માગમાં પણ ભારત ટોચનો વપરાશકાર દેશ બનવા જઈ રહ્યો છે. દેશમાં ઊર્જા ક્ષેત્રમાં ગેસનો હિસ્સો જે આજે છ ટકા છે તે ૨૦૩૦ સુધીમાં વધારી ૧૫ ટકા કરવા ભારતની યોજના છે.

ખાતર, પેટ્રોકેમિકલ્સ અને શહેરી ગેસ માળખા જેવા ઝડપથી વધી રહેલા ક્ષેત્રોને કારણે દેશની ગેસની માગ વધી રહી છે. વર્તમાન દાયકાના અંત સુધીમાં ગેસની માગમાં વાર્ષિક ચાર અને સાત ટકાની વચ્ચે વૃદ્ધિ થવાની ધારણાં છે. ઓપેકના અંદાજ પ્રમાણે ૨૦૨૫માં ભારતની ક્રુડ તેલની પ્રતિ દિન માગ ૩.૩૯ ટકા વધીને ૫૭.૪૦ લાખ બેરલ રહેશે જે ૨૦૨૪માં ૫૫.૫૦ લાખ બેરલ રહી હતી. ૨૦૨૬માં આ આંક ૪.૨૮ ટકા વધી ૫૯.૯૯ લાખ રહેવા અંદાજ છે. આની સામે ચીનની ઓઈલ માગ ૨૦૨૫માં ૧.૫૦ ટકા અને ૨૦૨૬માં ૧.૨૫ ટકા વધવા ધારણાં છે. ■

## કમોસમી વરસાદે ઠંડાં પીણાં, એસીનું વેચાણ ઠંડું પાડ્યું!

મુંબઈ : દેશના અનેક ભાગોમાં મે મહિનાના બીજા પખવાડિયાથી ચોમાસા જેવો માહોલ બની જતા અને જોરદાર વરસાદ પડવા ઉપરાંત વર્તમાન વર્ષનું ચોમાસુ લગભગ એક સપ્તાહ વહેલુ બેસી જતા ફાસ્ટ મુવિંગ કન્ઝયૂમર ગુડસ (એફએમસીજી) તથા એર કન્ડીશન (એસી)ના વેચાણ પર અસર જોવા મળી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ઠંડા પીણાં, આઈસ ક્રીમ્સ, એસી જેવા પ્રોડકટસનું ઉનાળામાં ખાસ કરીને એપ્રિલથી જૂન દરમિયાન વેચાણ ઊંચુ રહેતુ હોય છે, પરંતુ વર્તમાન વર્ષમાં દેશના અનેક ભાગોમો મેના મધ્યમથી જ અનેક વિસ્તારો વરસાદ પડવાનું શરૂ થતાં ઠંડા પીણાં, આઈસ ક્રીમ તથા એસીની માગ મંદ પડી રહી હોવાનું એફએમસીજી ક્ષેત્રના એક એનાલિસ્ટે જણાવ્યું હતું. વર્તમાન વર્ષમાં ફેબ્રુઆરીથી જ અનેક ભાગોમાં તાપમાન ઊંચુ જોવા મળી રહ્યું હતું જેને પરિણામે એસીના વેચાણ વોલ્યુમમાં વધારો થયો હતો, પરંતુ મેમાં શરૂ થયેલા વરસાદે વેચાણને બ્રેક મારી છે.

દેશના દક્ષિણ, પશ્ચિમ તથા પૂર્વ વિસ્તારમાં એફએમસીજી વેચાણમાં વર્તમાન મહિનામાં ૨૨થી ૨૫ ટકા ઘટાડો જોવા મળી રહ્યો છે. વર્તમાન વર્ષમાં ચોમાસુ કેરળમાં ૨૭મી મેમાં બેસી જવાની હવામાન વિભાગે આગાહી કરી છે જે ૧લી જૂનની સામાન્ય તારીખથી થોડુક વહેલુ છે. મુંબઈ, બેંગ્લુરુ, અમદાવાદ, ચેન્નાઈ તથા દિલ્હી સહિત અનેક શહેરોમાં ચોમાસા પહેલા જોરદાર વરસાદ પડયો છે.

આ વર્ષે ફેબ્રુઆરીથી જ ગરમી વધી જતા ઠંડા પીણાંના વેચાણની દ્રષ્ટિએ ૨૦૨૫નો પ્રથમ ત્રિમાસિક ગાળો પ્રોત્સાહક રહ્યો હોવાનું ઠંડા પીણાંના એક ડીલરે જણાવ્યું હતું. ઠંડા પીણાં ઉપરાંત બોટલમાં વેચાતા પાણીની માગ પર પણ અસર જોવા મળી છે. હવે ચોમાસુ નજીક આવી રહ્યું છે અને મેના બાકીના સમયમાં તાપમાન ઊંચુ જવાની શકયતા જણાતી નહીં હોવાથી એફએમસીજી તથા એસી ઉત્પાદકો માટે સમર સેલ લગભગ પૂરું થઈ ગયાનું માનવામાં આવે છે. ■




રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ૨૫ મે ૨૦૨૫ના ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે રાજકોટના જિલ્લા પંચાયત ચોક ખાતે મૃતાત્માઓને ભાવભરી શ્રદ્ધાંજલિ આપવા કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. (પ્રવિણ સેદાણી, રાજકોટ)

# વડા પ્રધાન આજે સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન લીલી ઝંડી આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૬મી મે ને સોમવારે સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને દાહોદથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી લીલી ઝંડી આપવાના છે. આ ટ્રેન નંબર ૦૯૫૦૨ સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ ૨૬ મે, ૨૦૨૫ના રોજ વેરાવળથી ૧૧.૩૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૮.૨૫ વાગ્યે સાબરમતી પહોંચશે. વચ્ચે જૂનાગઢ, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર અને વિરમગામ સ્ટેશનો પર સ્ટોપ રાખવામાં આવ્યું છે.

સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસમાં રહેલી સુવિધાની વાત કરવામાં આવે તો, તેમાં રીકલાઇંગ અને આરામદાયક સીટો, સ્લાઇડિંગ દરવાજા, મોબાઇલ ચાર્જિંગ પોઇન્ટ, બાયો-ટોઇલેટ્સ, ઓટોમેટિક એન્ટ્રી અને એક્ઝિટ ગેટ, સીસીટીવી કેમેરા જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે, એટલું જ નહીં પરંતુ આ ટ્રેનમાં એસી ચેર કાર અને એક્ઝિક્યુટિવ ચેર કાર કોચ છે. ટ્રેન નંબર ૨૬૯૦૧ અને ૨૬૯૦૨નું બુકિંગ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઇટ પરથી કરી શકાશે. ટ્રેન નંબર ૨૬૯૦૧ સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ ૨૭ મેના રોજ સાબરમતીથી સવારે ૦૫.૨૫ વાગ્યેથી ઉપડશે અને તે જ દિવસે ૧૨.૨૫ વાગ્યે વેરાવળ પહોંચશે. આ ટ્રેન ગુરુવાર સિવાય અઠવાડિયામાં ૬ દિવસ ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૨૬૯૦૨ વેરાવળ - સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ ૨૭ મે, ૨૦૨૫ થી વેરાવળ થી ૧૪.૪૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૨૧.૩૫ વાગ્યે સાબરમતી પહોંચશે. ■

# છોટા ઉદેપુરમાં ભારે વરસાદથી લોકોને ભારે હાલાકી, વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છોટા ઉદેપુરના સરહદી વિસ્તારમાં ગઈકાલે સાંજે ભારે વાવાઝોડા સાથે ભારે વરસાદ ખાબક્યો હતો. વરસાદે વિસ્તારમાં વ્યાપક નુકસાન પહોંચાડ્યું હતું. અનેક ઘરોના પતરા ઉડી ગયા છે. વીજ થાંભલા પડી જવાથી વીજ પુરવઠો ખોરવાયો છે. નોંધનીય છે કે, વિસ્તારના મુખ્ય માર્ગ એવા જોડાવાંટ ખાતેની રેલવે ગરનાળામાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વધારે વિગતે વાત કરવામાં આવે તો, છોટા ઉદેપુરના સરહદી વિસ્તારમાં આવેલા ગરનાળામાં ઘૂંટણસમા પાણી ભરાયા હોવાથી વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકોને ભરાયેલા પાણીમાંથી પસાર થવું પડ્યું હતું. એટલું જ નહીં પરંતુ સ્થાનિકો અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ■

# કચ્છના પ્રવાસેથી પરત ફરેલો જામનગરનો પરિવાર કોરોના પોઝિટિવ નીકળતાં કચ્છનું આરોગ્ય તંત્ર એક્શન મોડમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વર્ષ ૨૦૨૦થી સમગ્ર વિશ્વને બાનમાં લેનારા કોરોના વાઇરસના નવા ઓમીક્રોનના સબ વેરિયન્ટ જેએન.૧એ લોકોની ચિંતામાં વધારો કર્યો છે, તેવામાં જામનગર શહેરની મહા નગરપાલિકા દ્વારા આપવામાં આવેલી માહિતીના પગલે કચ્છનું આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું છે.

એકાદ સપ્તાહ અગાઉ કચ્છમાં ફરવા આવેલો જામનગરનો એક પરિવાર માંડવીના એક ખાનગી રિસોર્ટમાં રોકાયો હતો અને બાદમાં પરત ફરતી વખતે ભુજના સ્મૃતિવનની મુલાકાત પણ લીધી હતી. કચ્છથી ફરીને જામનગર ગયાં બાદ પરિવારના ૩૭ જેટલા પુરુષ સભ્યોના કોવીડ ટેસ્ટ કરાયા હતો, જે પોઝિટિવ આવતાં જામનગર મહાનગરપાલિકાએ કચ્છના આરોગ્ય વિભાગને ટ્રેસિંગ કરી જરૂરી અટકાયતી પગલાં લેવા સૂચના આપી હતી.

આરોગ્ય વિભાગની ટુકડી માંડવીના ખાનગી રિસોર્ટ અને ભુજના સ્મૃતિવન મેમોરિયલ ખાતે ધસી ગઈ હતી. રિસોર્ટના સ્વિમિંગ પુલમાં રહેલું તમામ પાણી ખાલી કરી દેવડાવાયું અને રિસોર્ટના તમામ સ્ટાફનું હેલ્થ સિસ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. એ જ રીતે, ભુજના સ્મૃતિવનમાં પણ તમામ સ્ટાફનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. ઈન્ચાર્જ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કેશવકુમારે જણાવ્યું હતું કે, માંડવી અને ભુજમાં કુલ ૪૬ લોકોનું સ્ક્રિનીંગ કરવામાં આવ્યું હતું અને સદભાગ્યે જામનગરના પરિવારના સંપર્કમાં આવેલા વ્યક્તિઓમાં કોવિડ-૧૯ના કોઈ જ પ્રકારનાં લક્ષણો હજુ સુધી જણાયાં નથી. કોવિડનો આ નવો સ્ટ્રેઈન પ્રમાણમાં માઈલ્ડ હોવાનું અને સામાન્ય શરદીજન્ય અસર સિવાય તેનાથી કોઈ ગંભીર તકલીફ થતી ના હોવાનું કેશવકુમારે ઉમેર્યું હતું. ■

# જામનગરમાં લૂંટેરી દુલ્હન મામલે બે વચેટિયાની ધરપકડ, 30 હજાર રૂપિયા જપ્ત : આરોપી દુલ્હનની શોધખોળ ચાલુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં એક રિક્ષાચાલક સાથે થયેલા લૂંટેરી દુલ્હન પ્રકરણમાં પોલીસે બે વચેટિયાની ધરપકડ કરી હતી. આ કેસમાં જામનગરના યુનુસભાઈ મન્સૂરી અને કાલાવડની મુમતાઝબેન અજીતભાઈની અટકાયત કરવામાં આવી હતી. બંને પાસેથી કુલ ૩૦,૦૦૦ રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી હતી.

કેસની વિગતો મુજબ, બેડી વિસ્તારના ૩૯ વર્ષીય રિક્ષાચાલક ખીમજીભાઈ મકવાણા સાથે મહારાષ્ટ્રની યુવતી રોહિણી હિંગલેના લગ્ન માટે ૧.૮૦ લાખનો સોદો થયો હતો. યુનુસભાઈ અને મુમતાજબેને આ લગ્ન કરાવ્યા હતા. લગ્ન બાદ દુલ્હનને દોઢ લાખ અને બંને વચેટિયાને ૧૫-૧૫ હજાર રૂપિયા આપવામાં આવ્યા હતા. લગ્ન બાદ ૧૮મી તારીખે રોહિણી મંગળસૂત્ર ખરીદવાના બહાને દરબારગઢ વિસ્તારમાં ગઈ હતી. ત્યાંથી તે ૫૦,૦૦૦ રૂપિયા લઈને ફરાર થઈ ગઈ હતી. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

સીટી એ ડિવિઝનના પીઆઈ એન.એ. ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસે બંને વચેટિયાની ધરપકડ કરી છે. હાલ પોલીસની એક ટીમ લૂંટેરી દુલ્હનની શોધખોળ માટે મહારાષ્ટ્ર રવાના થઈ છે. પોલીસે આ કેસમાં વધુ તપાસ હાથ ધરી છે. ■


# ભાવનગરના બંદરો પર ભયસુચક એક નંબરનું સિગ્નલ લાગ્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ અરબી સમુદ્રમાં ઊભા થયેલા લો પ્રેશર અને વાવાઝોડાં જેવી સ્થિતિને કારણે ખંભાતના અખાતમાં અસમાન્ય મોજા ઊછળવાની શક્યતા હોવાને કારણે ગુજરાત મેરિટાઇમ બોર્ડ (જીએમબી) દ્વારા ભાવનગર બંદર અને ઘોઘા ખાતે ભયસૂચક ૧ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું હતું. જો કે, દરિયાઈ પરિવહનની તમામ સેવાઓ, માલ પરિવહનના જહાજોની ગતિવીધિઓ અગાઉની જેમ જ યથાવત્ રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગરમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન વિભાગે પાંચ દિવસ સુધી અનેક રાજ્યોમાં છૂટાછવાયા અને ક્યાંક ભારે વરસાદની આગાહી કરી છે. ■

# કચ્છના માંડવી શહેરના ઉદ્યાનમાં 'ઑપરેશન સિંદૂર'ની થીમ પર બનાવાયેલું વોલ પેઈન્ટિંગ બન્યું આકર્ષણનું કેન્દ્ર




(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગત ૨૨મી એપ્રિલના રોજ પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ દ્વારા જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આવેલા પર્યટકો પર થયેલા આતંકી હુમલાનો વળતો જવાબ આપવા માટે ભારતે સફળતાપૂર્વક શરૂ કરેલા 'ઓપરેશન સિંદૂર' બાદ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કચ્છ આવી રહ્યા છે, ત્યારે માંડવી નગરપાલિકા દ્વારા 'ઑપરેશન સિંદૂર'ની થીમ પર ડો. ચૂનીલાલ વેલજી મહેતા ઉદ્યાન ખાતે વોલ પેઇન્ટિંગ કરવામાં આવ્યું હતું. નગરપાલિકા અધ્યક્ષ હરેશ વિંઝોડાએ જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે આતંકવાદ સામે કઠોર પગલાં લઇ ભારતીય સશત્ર દળોને નિર્ણાયક છૂટો દોર આપ્યો ત્યારે વિંગ કમાન્ડર વ્યોમિકાસિંઘ, કર્નલ સોફિયા કુરેશીના નેતૃત્વમાં ભારતે પાકિસ્તાનમાં રહેલા નવ જેટલા આતંકીઓના અડ્ડાને કાટમાળમાં ફેરવી દીધા હતા અને આતંક સામેના આ યુદ્ધમાં વિજય મેળવવા બદલ પેન્ટિંગના સ્વરૂપમાં દેશની આ જાંબાઝ મહિલાઓને અભિનંદન અપાયા હતા. આ યુદ્ધમાં શહીદ થયેલા જવાનો, પહલગાંવમાં માર્યા ગયેલા પર્યટકો, એલઓસી પર પાકિસ્તાની સૈન્ય દ્વારા થયેલા ફાયરિંગમાં જાન ગુમાવનારા નાગરિકોને પણ આ વોલ પેઈન્ટિંગના માધ્યમથી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે.

'આપરેશન સિંદૂર' થીમ પર બનાવાયેલા વોલ પોઇન્ટિંગમાં અનિલ જોષી, હરેશ સોલંકી, દિલેન સોલંકી, જિતેશ ફુલિયા, જીત બિજલાણીનો સહયોગ મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. હાલ આ વોલ પેન્ટિંગ ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ■

# પાકિસ્તાન માટે જાસૂસી કરનાર સહદેવસિંહના ૧૧ દિવસના રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છમાંથી એક જાસૂસની ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ રાષ્ટ્રીય સુરક્ષાને લગતી સંવેદનશીલ માહિતી પાકિસ્તાનને આપી હતી. જેથી તેની ગુજરાત એટીએસ ધરપકડ કરી હતી. આરોપી સહદેવસિંહ ગોહિલને નલિયા કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ માગવામાં આવ્યાં હતાં. કોર્ટે આરોપીના ૧૧ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે આરોપીએ બીએસએફ અને નૌકાદળની માહિતી પાકિસ્તાનને આપી હતી. પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવશે ત્યારે વધારે વિગતો પ્રકાશમાં આવશે.

સુરક્ષા એજન્સીઓને આરોપીના મોબાઈલમાંથી પાકિસ્તાનની મહિલા એજન્ટ સાથેની વોટ્સએપ ચેટ, કોલ અને સંવેદનશીલ માહિતી મોકલી હોવાના પુરાવા પણ મળ્યાં છે. આરોપી સરકારી કચેરીમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતો હતો. આ દરમિયાન તે એક પાકિસ્તાની મહિલા સાથે સંપર્કમાં આવ્યો હતો. આરોપી પાકિસ્તાન મહિલા એજન્ટને માહિતી આપતો તેના બદલામાં તેને રૂપિયા પણ મળતા હતાં. સેનાની માહિતી ત્યાં મોકલવા માટે આરોપીને ૪૦,૦૦૦ રૂપિયા રોકડા મળ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. જો કે, આ રૂપિયા આરોપી સહદેવસિંહ ગોહિલને કોણ આપ્યા તેની એટીએસ તપાસ કરી રહી છે. ■



ભાવનગરની શિશુવિહાર સંસ્થા રજાઓમાં વિદ્યાર્થીઓએ ઝાંઝમેરના દરિયા કિનારે શ્રમ યજ્ઞ પણ કર્યો હતો.
(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

# નદીના પટમાં કચરો સળગાવવાથી રહીશોના સ્વાસ્થ્યને જોખમ, મુન્દ્રા નગરપાલિકાને રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુન્દ્રાના શક્તિનગર વિસ્તાર નજીક આવેલી નદીના પટમાં કચરો સળગાવવાની પ્રવૃત્તિ સામે સ્થાનિક રહેવાસીઓએ અવાજ ઉઠાવ્યો હતો. સ્થાનિક રહેવાસી સંજય એસ. બાપટે કચ્છ જિલ્લા કલેક્ટરને પત્ર લખી રજૂઆત કરી હતી.

નગરપાલિકા દ્વારા નિયમિત રીતે નદીના પટમાં કચરો ઠાલવવામાં આવે છે. આ કચરો યોગ્ય રીતે નિકાલ ન થતાં મોટાભાગે સળગતો રહે છે. સળગતા કચરામાંથી નીકળતો ધુમાડો આસપાસના રહેવાસીઓ અને પશુઓ માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે. સળગતા ધુમાડા રસ્તા ઉપર ફરી વળે છે, જેના કારણે વાહન અકસ્માતની ભીતિ રહે છે.

સ્થાનિક લોકોને શ્વાસ સંબંધી બીમારીઓ અને આંખોમાં બળતરા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. પત્રમાં જણાવ્યા મુજબ, નગરપાલિકાની આ પ્રવૃત્તિ પર્યાવરણ સંરક્ષણ કાયદાઓ અને સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરે છે. બાપટે કલેક્ટરને વિનંતી કરી હતી કે, નગરપાલિકાની આ પ્રવૃત્તિ તાત્કાલિક બંધ કરાવવામાં આવે. સાથે જ કચરાના યોગ્ય નિકાલ માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવામાં આવે તેવી માગ કરી છે. કલેક્ટર આ બાબતે યોગ્ય પગલાં લેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. ■

# ભચાઉના મોરગરમાં છરીના ઘા મારી હાઈવે હોટલના સંચાલકની ઘાતકી હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની કચ્છ મુલાકાત ટાંકણે જ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના મોરગર ગામ નજીક ધોરીમાર્ગ પર આવેલી નેશનલ હોટલના માલિકને ત્રણ ઝનૂની શખ્સો દ્વારા છરીના ઉપરા ઉપરી ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. આ ઘટનાથી વધુ એકવાર કચ્છમાં કાયદો-વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ ઉજાગર થવા પામી છે.




(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

મોરગરના મુસ્લિમવાસમાં રહેતા મહેબુબ રમજુભાઇ રાયમાએ દુધઇ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૨૩ મેની રાત્રે મોરગર ખાતે આવેલી નેશનલ હોટલના પાનના ગલ્લાના સંચાલકે ત્રણ યુવક સિકંદરને અહીં બોલાવવા માથાકૂટ કરી રહ્યા હોવા અંગે ફોન પર જાણ કરી હતી. સિકંદર નેશન હોટલ પર પહોંચ્યો ત્યારે સ્થળ પર હાજર ગાંધીધામના સુંદરપુરી વિસ્તારમાં રહેતા નરેન્દ્રપુરી ભીખાપુરી ગુંસાઇ, રાપરના હમીરપરના કલ્પેશપુરી વિશનપુરી ગોસ્વામી અને તેની સાથે આવેલા અજાણ્યા વ્યક્તિએ અગાઉ તેમના વચ્ચે થયેલી બોલાચાલીનું મનદુઃખ રાખી સિકંદરને માર મારવા લાગ્યા હતા. આ ઘટના સમયે નેશનલ હોટલના માલિક ઉમરભાઇ રાયમા વચ્ચે પડતાં કલ્પેશપુરીએ ઉમરભાઇની છાતી અને માથાં પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યાને અંજામ આપી બનાવ સ્થળેથી નાસી છૂટ્યા હતા.

આ બનાવ સંદર્ભે દુધઇ વિસ્તારના પી.આઇ આર.આર.વસાવાએ જણાવ્યું હતું કે, હોટલ માલિકને મોતને ઘાટ ઉતારનારા યુવકો નેશનલ હોટલ પર જમવા માટે આવતા રહેતા હતા.એક માસ અગાઉ પાન-મસાલાના પૈસા માટે સિકંદર સાથે થયેલા વિવાદની અદાવતમાં વચ્ચે પડેલા હોટલના માલિક ઉમરભાઇને છાતીમાં છરીના ઘા ઝીંકી હત્યા કરી દેવાઈ હતી. નરેન્દ્રપુરીની ધરપકડ કરી લેવામાં આવી છે, જયારે અન્યોને પકડી પાડવા તજવીજ હાથ ધરાઈ હોવાનું આર.આર.વસાવાએ ઉમેર્યું હતું. ■

# સરધારમાં પૂર્વ ઉપસરપંચની હત્યાનો ભેદ ઉકેલાયો

## હત્યારાની કરાઈ ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના સરધારમાં પૂર્વ ઉપસરપંચની હત્યાનો ભેદ ઉકેલાયો. પૂર્વ ઉપસરપંચ ખેડૂત હરેશ સાવલિયાની તેમના ભાગીયા ખેડૂત મનોજ દ્વારા આ હત્યા કરવામા આવી હતી. મૃતક હરેશ સાવલિયાએ પત્નીને અડપલાં કરતા મનોજે ત્રિકમનો ઘા મારી પતાવી દીધો હતો. પૈસાની લેતી દેતી વખતે હરેશ છેડતી કરતો હોવાની પત્નીની ફરિયાદ મળતાં જ મનોજ ઉશ્કેરાઈ ગયો હતો. મનોજે રાત્રીના સૂતેલા હરેશ પર ત્રિકમના તીક્ષ્ણ ઘા મારી હત્યા નિપજાવી દીધી હતી.

રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોડી રાત્રે સરધાર ગામે પોતાના ખેતરમાં સૂતેલા ખેડૂતની હત્યા કરાયેલ હાલતમાં લાશ મળી આવી હતી. પોલીસે આ કેસમાં અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. બાદમાં ટેકિનકલ સોર્સ તેમ જ હ્યુમન સોર્સ થકી માહિતી મળી હતી કે, હરેશ સાવલીયાનું મર્ડર કરનાર મનોજ હાલ તેના વતન મધ્ય પ્રદેશ તરફ ભાગી ગયો છે, જેથી પોલીસે આરોપીની મધ્ય પ્રદેશ જઈને ધરપકડ કરી હતી. ■